# 'જખમ અને જીવન'



લેખક

**CONNIE GRIFFITH**

અનુવાદક : શ્રી. પ્રબોધ ડાયર્સા

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

7BGJ2

# 'જખમ અને જીવન'

# MYSTERY OF THE SCAR

લેખક

CONNIE GRIFFITH

અનુવાદક

શ્રી. પ્રબોધ ડાયસર્રા

પુસ્તકનું નામ : જખમ અને જીવન

પ્રકાશક : ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.

લેખક : CONNIE GRIFFITH

અનુવાદક : શ્રી. પ્રબોધ ડાયર્સા

પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર - ૨૦૦૦

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂા. 30.00

મુદ્રક : સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે, મિરઝાપુર, અમદાવાદ - ૧.
ફોન : ૫૬૨૩૭૬૧.

# પ્રસ્તાવના

" મિસ્ટ્રી ઓફ ધી સ્કાર " એટલે કપાળ પર પડેલા ઘાનું રહસ્ય. આ પુસ્તક **Child of Destiny** એટલે ભવિષ્ય નિર્માણ કરનાર બાળક તેમ જ એસ્કેપ ફ્રોમ ધી ડાર્કનેસ, એટલે અંધકારમાંથી છુટકારો. આ પુસ્તકોના લેખક **Croni Griffith** ની મુનીઅમ્મા નામની દક્ષિણ ભારતના તામિલ કુમારિકાની ઉપર આધારિત કથાની ત્રીજી અને આખરી કડી છે. આ પુસ્તક તે આફ્રિકન ઇવેન્જલિકલ ફેલોશીપ નામની સંસ્થાના મિશનેરી કાર્ય સાથે સંકળાયેલ અને સત્યઘટનાઓ પર આધારિત છે. તેમ જ **Croni Griffith** પોતે આઠ વર્ષ સુધી આ મિશનેરી કાર્ય સાથે સંકળાયેલ હતા. અને વાર્તાની પશ્ચાદભૂમિકા તરીકે મૂર્તિપૂજક હિન્દુઓ જેઓ દક્ષિણ આફ્રિકામાં સ્થાયી થયા હતા તેઓને રાખવામાં આવેલ છે. વર્ણવવામાં આવેલ પ્રસંગોની પાછળ ઐતિહાસિક સત્યપ્રસંગો ડોકાય છે. મુનીઅમ્મા એ એક તામિલ છોકરી છે. જે તેના અંકલ-આન્ટીના પગલે પ્રભુ ઈસુ પરના વિશ્વાસમાં ડગ માંડે છે. પરંતુ વિશ્વાસની આ કેડી ખૂબ કપરી હોય છે. તેણી બાપ્તિસ્મા લેવા ઇચ્છતી હોય છે. પરંતુ બાપ્તિસ્મા પ્રસંગે પાપના ડરથી ભાગી છૂટે છે. અને એક વૃક્ષ પડવાથી ડાબી આંખની ઉપર તરફ ઘાનું નિશાન પડી જાય છે. આ નિશાનની આજુબાજુ આ વાર્તાના તાણાવાણા ગુંથવામાં આવેલા છે. કાલિ માતાનો ભકત ક્રોસ તેના ભાગીદાર રાજને તેર વર્ષની આ ગભરુ બાળાને વેચી દેવા માગતો હોય છે. આમ વિશ્વાસ અને સંઘર્ષની આ કહાણી છે.

વધુ રહસ્ય જાણવા માટે આ પુસ્તક વાંચવું ખૂબ જ જરૂરી છે.


આ પુસ્તકના પ્રકાશન માટે શ્રીમતી મનોરમાબહેન ભગવતપ્રસાદ ચૌહાણ તરફથી સ્વ. પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણસાહેબના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦/- નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.


રેવ. પ્રકાશ સીંગાડા

ઓક્ટોબર - ૨૦૦૦

*સેક્રેટરી*

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*



પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણનો જન્મ સને ૧૯૨૯ના ડિસેમ્બર માસની ૮મી તારીખે ભરૂચ મુકામે થયો હતો. આઇ. પી. મિશનના વિદ્વાન, પ્રભુ સમર્પિત એવા પિતા રેવ. રણછોડભાઇ તથા પ્રભુભકત માતા શ્રીમતી કંકુબહેનનો અમૂલ્ય સંસ્કારવારસો તેઓને પ્રાપ્ત થયો હતો.

બહુશ્રુત વ્યકિતત્વ ધરાવતા પ્રિન્સિપાલ ચૌહાણ ગુજરાતી-અંગ્રેજી સાહિત્યના ઉત્કૃષ્ટ અભ્યાસી હતા. આ વિષયમાં તેઓએ એમ.એ. અને બી.ટી.ની ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. સાહિત્ય, કેળવણીના સાધક એવા શ્રી ભગવતપ્રસાદ ચૌહાણે યુ.કે. (પરદેશ)માં જઇ સી.એડ. ની પદવી પણ પ્રાપ્ત કરી હતી.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રના આ જ્યોતિર્ધરનું ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના સેક્રેટરી તરીકે તેમજ લેખક, અનુવાદક તરીકેનું પ્રદાન ચિરસ્મરણીય બની રહેશે.

ભગવતસાહેબના યશસ્વી જીવનમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી મનોરમાબહેને અમૂલ્ય ફાળો આપ્યો છે. શ્રી ભગવતસાહેબ અને શ્રીમતી મનુબહેનનું દામ્પત્ય જીવન ખૂબ પ્રસન્નતાથી ભરેલું હતું. તેમની એકમાત્ર લાડકવાયી દીકરી લીઝા-શ્રેયા સદા પ્રથમ વર્ગમાં યશસ્વી વિદ્યાર્થીની તરીકેની ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. દીકરી લીઝા, જમાઇ ડૉ. સોનેલ પેટ્રિક અને દૌહિત્ર કોર્નેલ અમેરિકામાં સ્થાયી થયાં છે.

આપણે સર્વ તેમના જીવનને માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ, તેમના જીવનનો ઉપયોગ; તેમણે પ્રભુ ઈસુખ્રિસ્તને મહિમા મળે માટે કર્યો છે. ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને તેમણે દેશ-પરદેશમાં જે નામના ને ખ્યાતિ અપાવી છે તે અકલ્પ્ય છે. તેમણે અપ્રાપ્ય પુસ્તકો શોધીને રીપ્રિન્ટ કરીને ગુજરાતના ખ્રિસ્તી સમાજની જે સેવા કરી છે જે કદી જ ભૂલાય તેમ નથી. ગુજરાતીમાં બાઈબલ કોમેન્ટરીના પુસ્તકોના તરજૂમાનું ભગીરથ કાર્ય કર્યું છે. તે ચિર સ્મરણીય છે. ગુજરાતની પ્રજાને માટે ખ્રિસ્તી સાહિત્યમાં જે બહુમૂલ્ય ફાળો આપ્યો છે, તે ભૂલી શકાય તેમ નથી.

તેમના જેવી સતત કાર્યશીલ વ્યક્તિ મળવી મુશ્કેલ છે. તેમણે જે કેડી કંડારી છે, તેને કદી ભૂલાય તેમ નથી. છેલ્લે તેમની જે કેસેટ "અંધારા તેજે મલકાય" પ્રગટ થઇ છે તેમાંનો તેમનો સંદેશો હૃદયસ્પર્શી છે આ તેમનું છેલ્લું કાર્ય સ્મરણીય બની રહેશે.

ટૂંકી માંદગી ભોગવી, કુટુંબના આ મોભી, શ્રેષ્ઠ શિક્ષક, સુવિખ્યાત સાહિત્યકાર,સ્પષ્ટવકતા, નીડર અને પ્રેમાળ એવા પ્રિ. ભગવતસાહેબ ૨૮ નવેમ્બર, ૧૯૯૯ ના રોજ ઈશ્વરપિતાના તેડાવ્યા સ્વર્ગીય ધામમાં પહોંચી ગયા.

તેમની સેવાઓ ભૂલાશે નહિ. દેશ-પરદેશમાં તેમના કાર્યથી દેવને મહિમા આપેલ છે. તેમની ખોટ પૂરાય તેમ નથી. તેઓ તેમના આ કાર્યોથી જીવંત રહેશે. ફૂલની ફોરમ સદા મહેંકતી રહેશે.

અમો તેમની સેવાને બિરદાવતા ઊંડા ઘેરા શોકની લાગણી પ્રગટ કરીએ છીએ. તેમના પરિવારની સાથે અમે બધા દુઃખમાં સહભાગી બનીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે શ્રીમતી મનોરમાબહેન ભગવતપ્રસાદ ચૌહાણ તરફથી સ્વ. પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણસાહેબના સ્મરણાર્થે રૂા. ૧૦,૦૦૦|- નું ઉદાર દાન પ્રાપ્ત થયું છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.



# પ્રકરણ – ૧

મુનીઅમ્માએ કિનારા પર એકઠા થઇ રહેલા ટોળાં તરફ જોયું અને ફરીથી તેના પેટમાં ફાળ પડી. તે અને તેના દાદીમા થોડે દૂર પાણીમાં ઊભાં હતાં. દરિયાનાં મોજાં તેમની કમર સુધી ઊંચા ઊછળી રહ્યા હતાં. સાંજના ઠંડા પવન સાથે દરિયાના પાણીની થપાટો તેના પાતળા ને સુંવાળા શરીર પર લાગતાં મુની ધ્રૂજી ગઇ. દાદીમા બાપ્તિસ્મા પામીને હજુ હમણાં જ બહાર આવ્યાં હતાં. હવે મુનીનો વારો હતો.

મિશનરી મોર્ટન અને મુનીનાં કાકા બાપ્તિસ્મા આપવા માટે આગળ વધ્યા. જ્યાં ટોળું ઊભું હતું તેના છેવાડે મુનીએ તેના કૂતરાના ઘૂરકવાનો અવાજ સાંભળ્યો. આટલે દૂરથી પણ તેણે જોયું કે સ્પાર્કી દાંતિયા કરી રહ્યો હતો અને પડછાયામાં છૂપાયેલી વ્યંક્તિ પર હુમલો કરવાની તૈયારીમાં હતો.

બધાંએ પાછળ ફરીને જોયું. ટોળું બાજુ પર ખસતાં જ મુનીએ તેના પિતા ક્રિશને તરત જ ઓળખ્યાં. જાણે કે તેઓ સીધું મુનીઅમ્માની આંખોમાં જોઇ રહ્યાં હતાં અને બાપ્તિસ્મા નહિ લેવા માટે તેને ડરાવી રહ્યાં હતાં.

"એની ચિંતા કરીશ નહિ." દાદીમાએ મોજાંનો અવાજ દબાઇ જાય તેટલા જોરથી બૂમ પાડી. "હું જાણું છું કે તેણે આપણા બંનેના જીવનને દુઃખી દુઃખી કરી નાખ્યાંછે. પણ આ સમયે તું તારા પિતાથી ડરીશ નહિ".

"પરંતુ દાદીમા, પિતાજી તેમના પેલા ડરામણાં ભાગીદાર સાથે મારું લગ્ન કરવાનું વિચારી રહ્યા છે, તેનું શું?"

"બીશ નહિ, દીકરા. તું જો જે બધું શાંતિથી પાર ઉતરશે. હવે આપણે ખ્રિસ્તી છીએ, અને ઈશ્વર આપણું રક્ષણ કરશે."

"ઈ.....ઈ.....ઈ....." એકાએક એક વૃધ્ધાએ ગગનભેદી ચીસ પાડી. "હિંદુઓ ખ્રિસ્તી થતા હોય એવું તમે ક્યારેય સાંભળ્યું છે? તમે હિંદુ તરીકે જન્મ્યાં છો, અને તમે મરશો પણ હિંદુ તરીકે જ." તેણે પથ્થર લઈને જોરથી ફેંક્યો.

વૃધ્ધા દેખાવમાં નાજુક લાગતી હતી. પણ તેણે પથ્થર એટલા જોરથી ફેંક્યો કે તે મુનીઅમ્માના હાથ પર વાગતાં સહેજમાં રહી ગયો.

"ઓહ, દાદીમા" મુની દર્દથી રડી ઊઠી. "મને બીક લાગે છે. હું આ નહિ કરી શકું. ખ્રિસ્તી તરીકે હું નબળી છું. હું તમારા જેવી નથી."

"અત્યારે આવી અર્થ વગરની વાતો ન કર, દીકરા."

મિ. મોર્ટને કહ્યું, "તારા દાદીમાની વાત સાંભળ." મિ. મોર્ટન અને મુનીઅમ્માના કાકા તેની બાજુમાં ઊભા રહીને તેને ડૂબકી દ્વારા બાપ્તિસ્મા આપવાની તૈયારીમાં હતા.

"બરાબર છે." તેના કાકાએ પણ કહ્યું, "તારે, બીવાની જરાય જરૂર નથી.. તારા સ્વર્ગમાંના પિતા તારા પર ખૂબ પ્રેમ રાખે છે." એજ વખતે એક મોટું મોજું આવ્યું. મુનીઅમ્મા પાછળ લથડી.

મહામહેનતે તેણે સમતુલન જાળવ્યું પણ દરિયાનું ખારું પાણી તેની આંખોમાં અને તેનાં મોંમાં પેસી ગયું. પેલી વૃધ્ધાની ચીસો અને સ્પાર્કીના ભસવાનો અવાજ હજુ તેને સંભળાતો હતો. તે પાછળ ફરી અને જીવ પર આવીને હાથ હલાવતી દોડવા લાગી. પાણીની થપાટો લાગતાં કેટલીયેવાર તે ઊંધે મોંએ પાણીમાં પડી. છેવટે તે કિનારે પહોંચી. અને જાણે ભૂત પાછળ પડ્યું હોય તેટલી ઝડપથી દોડી ગઈ.

મુનીઅમ્મા એટલી ઝડપથી દોડી ગઇ કે ત્યાં ઊભેલા દરેક જણ આશ્ચર્યથી જાણે હતપ્રત બની ગયા. સ્પાર્કી પણ કિનારે કિનારે તેની પાછળ દોડવા લાગ્યો. પણ જેવો ક્રિશ જવા લાગ્યો, કે તરત ટોળામાં ગણગણાટ શરૂ થયો. કેટલાક કલાકો વીતી ગયા. મુનીઅમ્મા હજુ પણ એક જૂની કબરના ભાંગેલા પથ્થર પાછળ નીચી નમીને છૂપાઇ ગઇ હતી.

"ઓહ, સ્પાર્કી" તે ધીમેથી બોલી, "હવે મારું શું થશે? હવે તો મારાથી પાછા પણ જવાય નહિ. અને કોઇને મળવાની મારામાં હિમ્મત પણ નથી. અને મારા પિતાજી કે તેમના બિહામણા ભાગીદારને તો મળવાની મને લેશમાત્ર ઇચ્છા નથી. ક્યારેય નહિ. મારાથી તે જરાય સહન થશે નહિ."

સ્પાર્કી મુનીઅમ્માની પકડમાંથી ધીમેથી છટક્યો અને આઘો જવા લાગ્યો. "મનેછોડીને જઇશ નહિ, દીકરા, અત્યારે મને તારી ખૂબ જરૂરછે."

"આ બાજુ." એ તેના કાકાનો અવાજ હતો, એ બધાની આગળ હતા. મુનીઅમ્માને ધાર્યા કરતાં તેમનો અવાજ વધુ નજીકથી આવતાં જણાયો. શાંત રહેવા તેણે સ્પાર્કીને આંખોથી ઈશારો કર્યો.

"મેં ચોક્કસ તેના કૂતરાનો અવાજ સાંભળ્યો છે." ફરી કાકાનો અવાજ આવ્યો "જમણી બાજુ ટોર્ચ સળગાવો."

"અરે બાપ રે!" કોઇક બોલ્યું. "આ તો કબરસ્તાન છે. મુનીઅમ્મા અહીં તો સંતાય જ નહિ." તે પૂનમાહ દાદીમાનો અવાજ હતો.

આઇઝીપીન્ગોની ટેકરીઓમાં દાદીમા પણ બીજાઓની સાથે તેને શોધી રહ્યા હતા, તેથી મુનીને આશ્ચર્ય થયું. મુનીઅમ્મા તે પોતે દોષિત છે, તેમ માની દુઃખી થઇ. છેલ્લે છેલ્લે તે અને દાદીમા મિત્રો બની ગયા હતા. અને એવું કંઇ પણ કરવાની મુનીની ઇચ્છા નહોતી. જેથી આ

લાગણીઓ તૂટી જાય. પણ તે જાણતી હતી કે અત્યારે તે કોઇને મળવા તૈયાર નહોતી. દાદીમાને પણ નહિ.

જે વ્યક્તિના હાથમાં ટોર્ચ હતી તે વ્યક્તિએ કબરો તરફથી બીજી બાજુ ફરી ગઇ. અને તેણે દાદીમા પર ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. મુનીએ કબરના પથ્થરની બાજુમાંથી ધીમેથી ડોકિયું કર્યું. દાદીમાએ તેમનાં નાનકડા શરીર પર ગરમ ધાબળો ઓઢેલો હતો. અને તેમના કાળાશ પડતા ચહેરા પર ચિંતાની રેખાઓ દેખાતી હતી. તાર જેવા ભૂખરા વાળ ચારે બાજુ વિખેરાયેલા હતા.

ઘડીભર તો મુનીઅમ્માને થયું કે બૂમ પાડું. "દાદીમા, હું અહીં છું. અહીં આવો." પણ તેણે તેમ કર્યું નહિ. પણ તે ફરી પાછી પથ્થર પાછળ છૂપાઇ ગઇ. અને સ્પાર્કીને પકડી રાખ્યો. હંમેશની માફક, તેનો વિશ્વાસુ કૂતરો અત્યારે શાની જરૂર છે, તે સમજી ગયો અને ચૂપકીદીથી તેની પાસે લપાઇ ગયો.

"ઠીક ત્યારે, પૂનમાહ," સહેજ અચકાતાં, કાકાએ દાદીમાને કહ્યું. "મને લાગે છે, આપણે આ બધી કબરોમાં પથ્થરોની પાછળ જોવું જોઇએ." ફરી તે અચકાયા. "પણ બીજો વિચાર એવો ય આવે છે કે આપણે નથી જોવું. આપણે કબરસ્તાનનાં આ ભાગમાં જોઇ લીધું. હવે પેલી તરફ જોઇએ." તેમના અવાજમાં થાક વર્તાતો હતો. મુનીઅમ્મા વધુ દુઃખી થઇ ગઇ.

"આ તો હિંદુઓના અંતિમ સંસ્કાર કરવા માટેની જગા જણાય છે. મારે તેમાં થઇને નથી જવું." ટોળામાંથી કોઇક બોલ્યું.

"મને મારા કાન પર વિશ્વાસ નથી બેસતો." મિ. મોર્ટન આશ્ચર્યચકિત થઇ ગયા. "તમને બીક લાગતી હોય એવું લાગે છે. તમને

ઈજા પહોંચાડે એવું કશું આ કબરસ્તાનમાં નથી. આવો આપણે બધે જોઇ વળીએ."

કોઇ હાલ્યું નહિ. કબરના પથ્થર પાછળ, જાણે થીજી ગઇ હોય તેમ મુનીઅમ્મા અક્કડ થઇ ગઇ. બેચેનીભરી શાંતિ પ્રવર્તી રહી.

છેવટે કાકા બોલ્યા. "તમે આ દેશના નથી, પાસ્ટર મોર્ટન. તમે ઇંગ્લેન્ડથી આવો છો. ત્યાં પરિસ્થિતિ જુદી હશે. અમે દક્ષિણ આફ્રિકામાં એશિયન ભારતીયો છીએ. અમારા જીવનનો મોટો ભાગ અમે હિંદુ તરીકે જીવ્યા છીએ. અને આત્મિક લડાઇઓ વિશે અમે સારી પેઠે જાણીએ છીએ."

"પણ હવે તમે ખ્રિસ્તીઓ છો. "મિશનરીએ બેચેનીથી કહ્યું. "તમે હજુ પણ આટલા બધા કેમ ડરો છો, તે ખરેખર હું સમજી શકતો નથી."

કાકા ટટ્ટાર થયા, "અમે બીએ છીએ તેમ હું માનતો નથી. પણ હું કહીશ કે અમે સાચવીને ચાલવા માગીએ છીએ. અત્યંત જરૂરી ન બને ત્યાં સુધી, પ્રેતાત્માના હાથમાં અમે જઇ પડવા માગતાં નથી."

બધાએ હકારમાં ડોકું હલાવ્યું. મુનીઅમ્મા ધ્રૂજી ગઇ. શોધવા નીકળેલા લોકોમાં સીતા કાકી પણ હતા. તે આગળ આવ્યા અને કાકાની બાજુમાં ઊભા રહ્યા. કાળા વાળની કેટલીક લટો તેમના અંબોડામાંથી છૂટી પડી ગઇ હતી. અને રાતના ઠંડા પવનમાં તેમના ચહેરા પર અથડાતી હતી.

તેમણે તેમની સાડી સરખી કરી. અને પછી માનપૂર્વક બોલ્યાં, "સાચે જ, હું નથી માનતી કે મુનીઅમ્મા અહીં કબરોમાં છૂપાઇ હોય."

મિશનરીએ તેમનું ડોકું હલાવ્યું. "જો તમને બંનેને અને બાકી બધાને પણ એમ લાગતું હોય તો," શોધનાર લોકો તરફ નજર નાખતાં

તેઓ બોલ્યાં, "દીકરી ખરેખર આટલામાં ક્યાંય નહિ હોય. પણ હું ખરેખર સમજી શકતો નથી. મને લાગેછે કે મૃત આત્માઓ કરતાં મુનીના ક્રૂર પિતા વિશે તમારે વિચારવું જોઇએ."

"અમને ક્રિશની ફિકર થાય છે જ," કાકા વચ્ચે બોલ્યા. "અને તે કંઇ કરે તે પહેલાં આપણે મુનીને શોધી કાઢવી જોઇએ."

શોધવા આવનાર લોકો અંદરોઅંદર કંઇક બબડ્યા. મુનીએ ફરી ડોકિયું કર્યું. સીતા કાકી તેમના હાથ મસળી રહ્યા હતા.

"સાચે જ, ક્રિશ મુનીઅમ્માને શું કરશે, તે વિશે મને બહુ જ ચિંતા થાય છે. ક્રિશના ભાગીદારનો પણ મને વિચાર આવે છે. અને કોને ખબર, કદાચ પેલી ઘરડી હિન્દુ સ્ત્રી જે ચીસો પાડ્યા કરતી હતી અને બાપ્તિસ્માની ઠેકડી ઉડાડતી હતી તે પણ કદાચ ખતરારૂપ હોય."

કાકા આગળ આવ્યા. "સીતા સાચું કહે છે. મુની કે તેના પિતાને આપણે જોયે ઘણો સમય થઇ ગયો પણ પહેલાં આપણે મુનીઅમ્માને શોધવી જોઇએ. અને મને નથી લાગતું કે તે અહીં હોય. આપણે પેલી બાજુ જઇએ. આપણે બે ભાગમાં વહેંચાઇ જઇએ. ખેતરો બાજુ શોધી વળીએ. પછી આઇઝીપીન્ગોમાં મારે ઘેર, એક કલાક પછી આપણે પાછા મળીએ."

કાકા સૂચનાઓ આપતા હતા. મુનીઅમ્મા કાકાનો ચિંતાતુર અવાજ સાંભળી શકતી હતી. પરંતુ હવે તેઓ થોડે દૂર નીકળી ગયા હતા. આથી કાકા શું કહે છે તે સ્પષ્ટપણે સમજી શકી નહિ. તેઓ બધા ચાલ્યા જાય એવી મુનીની સહેજ પણ ઇચ્છા નહોતી. સાથે સાથે તેમનો સામનો પણ તે કરી શકતી ન હતી. બાપ્તિસ્મા વખતે તેણે અશોભનીય વર્તન કર્યું હતું. અને તે જાણતી હતી કે તેણે દાદીમાને, મિશનરી કુટુંબને તથા બાકીના

ખ્રિસ્તીઓને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકી દીધા હતાં તેણે તેની મૂર્ખાઇનું પ્રદર્શન કર્યું હતું, "દાદીમા હમણાં નવા નવા જ ખ્રિસ્તી થયા છે, છતાં આટલા બહાદુર કેવી રીતે?" મુનીએ તેની જાતને પૂછયું, "અને હું આટલી બીકણ?"

સ્પાર્કીને તેણે વધુ નજીક લીધો. તેના ભીના વસ્ત્રો તેના પાતળા શરીર સાથે ચોંટી ગયા હતા. સ્પાર્કીએ તેના સુંવાળા કથ્થાઇ રંગના ચહેરાને ચાટ્યો. અને મુનીના શરીરમાં ફરીથી ઠંડીની લહેર પ્રસરી ગઇ. મુનીના ભીના વાળ જાડા દોરડાની માફક તેના ખભા પર ને તેની ડોક પર આવી ગયા હતા. કમર સુધીના લાંબા વાળને તેણે હળવેકથી તેની પીઠ પર નાખી દીધા.

"શા માટે મારું જીવન આવું દુઃખી છે?" સ્પાર્કીની ગરદન પર ધીમેથી ડૂસકું લેતાં તે બોલી. સ્પાર્કીના શરીર પરની જાડી કાળી રૂંવાટી કાપીને ટૂંકી કરી નાખવામાં આવી હતી. અને ત્યાં નવા ઊગેલા વાળનો સ્પર્શ વિચિત્ર લાગતો હતો. સ્પાર્કી તેના ચહેરા પાસે હાંફતો હતો. તેનો ગંધાતો શ્વાસોચ્છવાસ પણ કંઇ ગરમાવો આપી શક્યો નહિ.

"ફરીથી આપણે બંને એકલા પડી ગયાં". મુનીએ તેના કૂતરાના કાનમાં કહ્યું. તેણે તેના કૂતરાનું પ્રેમાળ મોં બે હાથોની વચ્ચે પકડી રાખ્યું. અને તેઓ બંને એકબીજા સામે જોતા રહ્યા.

ચંદ્ર પૂરેપૂરો ખીલ્યો હતો. અને મુની સ્પાર્કીના ચહેરાને સ્પષ્ટપણે જોઇ શકતી હતી. સ્પાર્કીની આંખો પાણીથી ભરાઇ ગઇ હતી. અને આંખોના ખૂણામાં ધૂળ જામી હતી.

"મને બીક લાગે છે! તે અધ્ધર શ્વાસે બોલી. "ઓહ, શા માટે હું દાદીમા, કાકા અને સીતા કાકીથી જાણી જોઇને સંતાઇ રહી?"

કબરસ્તાનની બીજી બાજુથી એક વિચિત્ર અવાજ સંભળાયો. મુનીને ચોક્કસપણે લાગ્યું કે પાંદડા પર કોઈક ચાલી રહ્યું છે. મુનીને થયું આ કોઈ મૃત આત્મા લાગે છે, અને તેનાથી ચીસ પડાઈ જાય તે પહેલાં તેણે પોતાનું મોં દબાવી દીધું. તેણે તેનો ચહેરો સ્પાર્કીની ડોકમાં છુપાવી દીધો. સ્પાર્કીના કાળા વાળ તેના ખુલ્લા મોંમાં પેસી ગયા.

ફરી પેલો અવાજ આવ્યો. "મદદ કરો, ઓ પ્રભુ!" મુનીઅમ્માએ ધીમેથી ચીસ પાડી. "કોઈ દુષ્ટ આત્મા મને પકડી લે એવું ન થવા દઈશ."

એ એક ક્ષણમાં તો જાણે ભૂતકાળના કેટલાયે વર્ષો પલકારામાં તેની નજર સામેથી પસાર થઈ ગયા. તેને વધુ બીક લાગી. તેનાથી જોરથી બચકું ભરાઈ ગયું. સ્પાર્કી ભસી ઊઠ્યો.

ફરીથી પેલો અવાજ સંભળાયો. "ઈશ્વર, મદદ કરો!"

મુનીઅમ્માએ તેની તાકાત કરતાં પણ વધારે જોરથી ચીસ પાડી. તેનો ગભરાયેલો અવાજ કબરોમાં પડઘા પાડી રહ્યો. તેનો અવાજ તેના પોતાના કાનમાં પણ વિચિત્ર લાગ્યો.

"કોણ છે ત્યાં?" તેણે બૂમ પાડવાની કોશિષ કરી. પણ તેનો અવાજ ઝીણો ચકલીની ચીં ચીં જેવો જ નીકળ્યો. "ત્યાં...ત્યાં કોઈ છે?"

મુનીઅમ્માએ થોડી રાહ જોઈ. શાંતિ. "તમે કોઈ મૃત આત્મા છો?" વિચિત્ર પ્રકારની શાંતિમાં તે ધીમેથી કાનમાં કહેતી હોય તેમ બોલી. અને પછી એકાએક વધુ ભયંકર વિચાર તેના મનમાં ઝબક્યો.

"શું.....તમે મારા પિતાજી છો? શું તમે અને પેલો બીજો ડરામણો માણસ મને પકડવા આવ્યા છો?"

શાંતિ છવાઈ ગઈ.

માનસિક તાણ અસહ્ય હતું. અને તેથી મુનીઅમ્મા લથડતા પગે

દોડવા માંડી. સ્પાર્કી જોરથી ભસ્યો. અને મુનીની પાછળ પાછળ તેણે પોતાની જાતને લગભગ ફેંકી. મુનીએ પગલાંનો અવાજ નજીક આવતો સાંભળ્યો. તેણે દોડવાની ઝડપ વધારી.

કબરસ્તાન હવે પાછળ રહી ગયું હતું. અને તે ટેકરી પર ચઢવા લાગી. આ ટેકરીની પેલી બાજુ આઇઝીપિન્ગો ગામ અને તેની પોતાની સલામતી, બંને હતાં. તેને ખાતરી હતી કે તેને શોધનાર લોકો આટલામાં જ ક્યાંક હશે. એ લોકો તેની ચીસો સાંભળશે અને તેની મદદે દોડી આવશે.

"મદદ" મુનીઅમ્માએ બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો. પણ આ વખતે અવાજ નીકળ્યો નહીં. તેણે ફરી પ્રયત્ન કર્યો. તેના હોઠ સૂકાઇ ગયા હતા. અને ખાટા સ્વાદથી તેનું મોં ભરાઇ ગયું હતું. ચહેરા પર આંસુઓની ધારા વહેતી અને ધમણની માફક ચાલતા શ્વાસ સાથે તેણે દોડવાનું ચાલુ રાખ્યું. સ્પાર્કી તેની આગળ નીકળીને ટેકરીની ટોચ પર પહોંચી ગયો હતો અને ભસી રહ્યો હતો.

એકાએક મુનીઅમ્મા પડી ગઇ. શું બન્યું તેની તેને કશી ખબર પડી નહિ. માથામાં અચાનક કંઇક પીડા થઇ હોય એવું કંઇક અસ્પષ્ટ છેલ્લે યાદ હતું અને પછી અંધકાર.

# પ્રકરણ – ૨

મિ. મોર્ટનની જોડીયા દીકરીઓ, મુનીઅમ્માના કાકા અને કાકીના ઘરની મુલાકાતે આવી હતી. સૂવાના ઓરડામાં તે બેચેનીથી આમતેમ આંટા મારી રહી હતી.

"મમ્મી શા માટે આપણને મદદ ન કરવા દે?" સ્યુ રડમસ ચહેરે બોલી. તેણે મુઠ્ઠીઓ વાળીને પગ પછાડ્યો. "મુનીઅમ્મા આપણી મિત્ર છે. આ કંઇ ઠીક થતું નથી."

લાઉએ આંટા મારવાનું ચાલુ રાખ્યું પણ તે કંઇ બોલી નહિ.

"આપણી સાથે જે પ્રકારનું વર્તન કરવામાં આવી રહ્યું છે, તે પરથી એવું લાગે છે કે, આપણે હજુ બાળકો જ છીએ આપણે ચૌદ વર્ષના છીએ. પણ હા, તને લાગે છે કે આ ઉંમરે આપણાથી કંઇ મદદ કરી શકાય?" સ્યુએ નિરાશામાં ડોકું ધુણાવ્યું.

તેના ટૂંકા સોનેરી વાળ ઉપર નીચે થઇ રહ્યાં હતા. "કંઇક કર. કંઇક બોલ લાઉ! મોટાઓનું આ પ્રકારનું વર્તન માથે ચઢાવીને કંઇ આપણાથી બેસી રહેવાય નહિ." લાઉ થોભી તેણે તેની જોડીયા બહેન સામે જોયું.

"આપણે શું કરી શકીએ?" તું જાણે છે કે મમ્મીએ આપણને જવાની મનાઇ કરી છે. શોધક ટુકડીમાં જોડાવાની તો તેણે ઘસીને ના પાડી દીધી છે."

"પણ આપણે કંઇક કરવું જ પડશે. જો આપણે છોકરાઓ હોત તો તેણે ચોક્કસ આપણને જવા દીધા હોત." લાઉએ મોં ફેરવી લઇને ફરી આંટા મારવા શરૂ કર્યા.

"તને ખબર છે, તે ન જવા દે. તેણે કેનીને પણ જવા દીધો નથી." સ્યુએ ચાલુ રાખ્યું. "ના, પણ આપણો મોટો ભાઇ અત્યારે કેમ દેખાતો નથી?"

"કેની ક્યાંછે તે ખબર નથી. પણ તે મમ્મીની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે નહિ તે નક્કી છે."

"નક્કી જ છે." સ્યુ કટાક્ષમાં બોલી અને તેની મુઠ્ઠી તેના હાથની હથેળીમાં પછાડી. બંને જોડીયા બહેનો વચ્ચે ફરી શાંતિ છવાઇ. સીતા કાકીના ખાટલાની બાજુના ટેબલ પર પડેલું જૂના જમાનાના ઘડિયાળની ટિક ટિક જાણે સ્યુના માથામાં વાગી રહી હતી. ટેબલ પાસે જઇને તેણે ઘડિયાળ હાથમાં લીધું, તેને થયું કે ઘડિયાળ દીવાલ સાથે પછાડું. પણ તેમ ન કરતાં તેણે તે બે-ત્રણ તકિયા નીચે દબાવી દીધું.

"દસ વાગી ગયા! ઓહ લાઉ, મુનીઅમ્માને શું થયું હશે? હજુ સુધી તેઓ તેને કેમ શોધી શક્યા નહિ હોય?"

વાંકી થઇ ગયેલી ચટાઇ પર લાઉ ધબ કરીને બેસી પડી. બીકથી જાણે તેનો શ્વાસ રુંધાતો હતો.

"મને ખબર નથી. તને લાગે છે કે તેના પિતાએ તેને શોધી કાઢી હશે?"

"ઓહ, તેના પિતાજી! કેવો ભયંકર માણસ!" સ્યુએ ફરી બળાપો કાઢ્યો. "આવો ધિક્કારથી ભરેલો માણસ તેં કદી જોયો છે? ઇંગ્લેન્ડમાં તો મેં કદી આવું જોયું કે સાંભળ્યું નથી."

લાઉએ તેની ગભરાયેલી બહેન તરફ જોયું, "એ આવો કેમ થઇ ગયો હશે? એટલે કે એ એનો પિતા છે. અને કોઇ પિતા પોતાની દીકરીને ધિક્કારતો હોય એવું કદી મેં સાંભળ્યું નથી."

"મને ખબર નથી કે આટલો બધો તિરસ્કાર તેનામાં ક્યાંથી આવ્યો? જો કે મને તેની કંઇ પડી નથી. મને બીક એટલી જ લાગે છે કે શોધક ટુકડી મુનીઅમ્માને શોધે તે પહેલાં તેનો પિતા તેને શોધી કાઢશે. અને તે મુનીને પેલા બિહામણા માણસ સાથે બળજબરીથી પરણાવી દે, તેની કલ્પના માત્ર હું સહન કરી શકતી નથી."

આવી શક્યતાનો વિચાર આવતાં જ બંને બહેનો બેચેની અનુભવવા લાગી. બંને એકબીજીની સામે જોવા લાગી. ક્રિશનો ચુસ્ત કપડાં પહેરેલો, જાડીયો મિત્ર કેવો દેખાતો હશે, તેની કલ્પનાથી બંને બહેનો ધ્રૂજી ઊઠી.

લાઉએ સહેજ બીકથી પૂછયું, "તે આવા માણસ સાથે મુનીઅમ્માનું લગ્ન તો નહિ જ કરાવે, કેમ?"

"અલબત્ત, નહિ જ". સ્યુએ તરત જ જવાબ તો આપ્યો. પરંતુ તેને પોતાને ખાતરી ન હતી.

ફરીથી બંનેએ આંટા મારવા શરૂ કર્યા. સમય જેમ તેમ પસાર થવા લાગ્યો. છેવટે સ્યુએ વિચારભંગ કર્યો, "મને વિચાર એ આવે છે કે આજે મુનીઅમ્મા બાપ્તિસ્મા પામવાને બદલે નાસી ગઇ? તેના દાદીમા બહુ બહાદુર નીકળ્યા ને તેમણે બાપ્તિસ્મા લીધું. આટલું બધું સહન કર્યા પછી બાપ્તિસ્મા તો મુનીઅમ્મા માટે કંઇ જ નહોતું."

"કોને ખબર? દાદીમા પુનમાહ અને મુની જ્યારે બાપ્તિસ્મા લેતા હતા ત્યારે પેલી ઘરડી બોખી ડોશી તેમને ધમકીઓ આપતી હતી. તેનાથી કદાચ તે બી ગઇ હોય. જે હોય તે, પણ મુનીઅમ્માને પણ થતું હશે કે હવે બહુ થયું. ઘણું કરીને તેને બીક અને શરમ ઉપજ્યા હશે. પણ તેણે શરમાવાની જરૂર નથી." લાઉ ખાતરીપૂર્વક કહી રહી હતી.

"બીવા માટે કોઇ તેને દોષી નહી ઠરાવે. ખરેખર, મુની જેવા

સંજોગોમાંથી કોઇ પસાર થયું હશે કે કેમ, મને ખબર નથી. મુની ખરેખર ઉત્તમ છે.''

''તને શું લાગે છે? હિંદુઓ શું કહેશે?''

''સાચું કહું, સ્યુ, મને તેમની કંઇ પડી નથી. મને ફક્ત મુનીઅમ્માની જ ચિંતા છે.'' ''હા, મને પણ. મને કંઇક જુદો જ વિચાર આવે છે.''

અચાનક બારી પર તેમણે ટકોરા સાંભળ્યા. ક્ષણભર તો બંને બહેનો એકબીજા સામે જોઇ રહી. પછી સ્યુએ બારી તરફ દોડીને ડિઝાઇન વાળો પડદો ખસેડી નાખ્યો. બાજુમાં રહેતા તેના મિત્ર રેનીશ સાથે કેન બારીની બહાર ઊભો હતો.

છોકરાઓએ સ્યુને બારી ખોલવા ઇશારો કર્યો.

લાઉ અને સ્યુએ બારીની બહાર તેમના માથા કાઢ્યા. લાઉએ આશ્ચર્યથી પૂછ્યું. ''તમે બંને ત્યાં બહાર શું કરો છો?'' કેનના સીધા, સોનેરી વાળ તેની આંખો સામે લટકી રહ્યા હતાં. ''અમે મુનીઅમ્માને શોધવા જઇએ છીએ. તમે પણ અમારી સાથે આવો.''

''પણ તમે કે અમે, કોઇ જઇ શકીએ તેમ નથી.'' લાઉએ તેના ભાઇને કહ્યું, ''અને તું રેનીશ? તારા માતા-પિતાને ખબર છે કે તું મુનીને શોધવા નીકળ્યો છે?''

''ઓહ, તું તારું સંભાળ.'' સ્યુએ કરડાકીથી કહ્યું, તે ગુસ્સે થઇ હતી. ''આવા સમયે રજા માગવાની કોણ પરવા કરે?''

''હા'' કેન બોલ્યો.

લાઉ નિરાશ થઇ નહોતી. ''રેનીશ, તું જાણે છે કે તારા માતા-પિતા હજુ હિંદુ છે. અને તું જે કંઇ કરે છે, તેના પર તેઓ નજર રાખે છે. તેઓ

અસ્વસ્થ થાય, એવું તું કંઇ પણ કરીશ, તો તે બાબત ભયંકર બનશે."

રેનીશે વિચારમાં ડોકું હલાવ્યું.

"તું આટલો ખ્યાલ રાખે છે, માટે આભાર." તેની તપખીરીયા રંગની ચામડી ચાંદનીમાં ચમકી ઊઠી. વાંકડિયા વાળમાં તેણે તેલ નાખ્યું હતું. અને વિખરાયેલા વાળમાં પણ તે સુંદર લાગતો હતો.

"પણ મારા માતા-પિતાને ખબર છે કે હું કેન સાથે છું. અમે શું કરવાના છીએ, તે મેં તેમને કહ્યું નથી, પરંતુ ......."

કેન વચ્ચે પડ્યો, "દયાને ખાતર લાઉ, તું ગુંચવાડા ઊભા કરવાનું મૂકી દે. અને રેનીશની બાબતમાં દખલ ન કર."

"હું સંમત છું" સ્યુ ઝડપથી બોલી. તેણે કેન સામે જોયું. "તું અને રેનીશ કંઇક તો કરી રહ્યા છો. તેનો મને આનંદ છે. અમે તો અહીં રૂમમાં આંટા જ માર્યા કરતાં હતાં."

રેનીશ બારીની વધુ નજીક આવ્યો. તેનો ચહેરો હવે બંને બહેનોના ચહેરાની સહેજ નીચે હતો. તમે બંને બહેનો પણ પ્રાર્થના કરો છો, તેની મને ખાતરીછે. હું અને કેન પણ ઘણા સમયથી આ ઝાડ નીચે બેસીને આ પ્રશ્ન ઈશ્વર સમક્ષ લાવી રહ્યા છીએ."

લાઉ અને સ્યુને શરમ ઉપજી. પ્રાર્થના કરવાનો તો વિચાર પણ તેમને નહોતો આવ્યો. કેન થોડો મૂંઝવણમાં પણ આમ સંતુષ્ટ જણાતો હતો.

"હા, અમે પ્રાર્થના કરી રહ્યા છીએ. અને રેનીશને લાગે છે કે હવે અત્યારે મુનીની શોધખોળ શરૂ કરવી જોઇએ."

"તું તેમ નહિ કરી શકે, કેન," લાઉએ ફરી તેના ભાઇને યાદ દેવડાવ્યું.

"મમ્મીએ અહીં જ રહેવાનું કહ્યું છે. તેણે શોધક ટુકડીની સાથે જોડાવાની તને ના પાડી છે."

"તે શોધનાર ટુકડીની સાથે નથી જોડાવાનો" સ્યુ ક્રોધિત થઈને બોલી ઊઠી. "તે અને રેનીશ તેમની રીતે મુનીઅમ્માને શોધવાના છે. અને હું તેમની સાથે જવાની છું."

તેણે ઝડપથી તેનું પીળું સ્કર્ટ ઊંચું કર્યું અને એક પગ બહાર કાઢીને બારીની ધાર પર બેઠી તે બીજો પગ બહાર કાઢીને કૂદવાની તૈયારીમાં હતી ત્યારે કેન બોલ્યો, "ધીમેથી બહુ ઊંચું નથી, પણ સંભાળજે."

તેણે સાંભળ્યું નહિ. અને તે કૂદવા જ જતી હતી, એટલામાં તેનું સેન્ડલ બારીની નીચેના છોડવાઓમાં ભરાયું. જમીન પર તે ચત્તીપાટ પડી. ગુસ્સાથી તે ઊભી થઈ, કપડાં પરથી ધૂળ ખંખેરી નાખી, અને ઝાડીઓમાંથી તેનું સેન્ડલ ખેંચી લીધું.

"હવે તું શાની રાહ જુએ છે, લાઉ?" સ્યુએ સ્વસ્થ થવાનો મરણિયો પ્રયાસ કર્યો. "તું અમારી સાથે આવે છે?"

લાઉ બારીની બહાર નમી હતી.

"બાપરે, તને વાગ્યું તો નથી ને?" "જલ્દી કર. આમ ધીમે ધીમે તો આપણે મુનીઅમ્માને શોધી નહિ શકીએ."

"મને...ખબર નથી." લાઉ અચકાતા બોલી "મને હજુય લાગેછે કે આપણે ન જવું જોઈએ. મમ્મીએ શું કહ્યું છે, તે તને ખબર છે."

"ચૂપ થા." સ્યુ અને કેન એક સાથે બોલ્યા. રેનીશ ખૂબ દુઃખી જણાતો હતો. "તારી મમ્મીએ મુનીને શોધવા જવાની ના પાડી હશે. એની મને ખબર નહોતી. તેમને અનાજ્ઞાંકિત થવાનું ઠીક નહિ થાય. હા, હું લાઉ સાથે સંમત છું. આપણે ન જઈએ તો સારું."

કેન અને સ્યુ, બંને લાઉ સામે તાકી રહ્યા.

"સાચું પૂછો તો મમ્મીએ શોધવા જવાની મના નથી કરી." કેને બચાવ

કર્યો. "ઉપરાંત, રેનીશ, તું અને મુનીઅમ્મા સારાં મિત્રો નથી? આપણાં કરતાં મુનીના પિતા તેને વહેલી શોધી કાઢે એવું તું ઇચ્છીશ? અને પેલા તેના પિતાના સાથીદારનું શું?"

"બરાબર છે." સ્યુએ ઉમેર્યું. "આપણે કંઇક કરવું જ પડશે. નહિ તો તેઓ તેની પાસે આપણાથી પહેલા પહોંચી જશે."

અત્યંત ચિંતાતુર થઇને રેનીશ થોડો દૂર ચાલ્યો ગયો. તેણે એક ઢેફાંને લાત મારી. તેણે તેના હાથ તેના જેકેટના ખિસ્સામાં નાખ્યા. અને પાસેના ઝાડની આજુબાજુ આંટા મારવા લાગ્યો. મોર્ટન કુટુંબના ત્રણેય બાળકો શાંતિથી રાહ જોતાં ઊભા રહ્યાં.

શું કરવું તે રેનીશને સમજણ નહોતી પડતી. તેણે હમેશાં તેના માતાપિતાને આધીન રહેવાનો પ્રયત્ન કર્યો હતો. અને ખ્રિસ્તી થયા પછી તો ખાસ તે તેના માતાપિતાને આજ્ઞાંકિત બન્યો હતો. ભારતીય યુવક માટે તેના માતાપિતાનું સન્માન કરવાનું અતિ અગત્યનું હતું. બાપ્તિસ્મા પામ્યા વગર નાસી ગયેલી ખ્રિસ્તી છોકરીની શોધમાં તે નીકળે, તો તેઓ ગુસ્સે ભરાશે, એ તેના મનમાં તે જાણતો હતો. જ્યારે મુનીઅમ્મા નાસીને સંતાઇ ગઇ, ત્યારે અન્ય હિંદુઓની સાથે તેઓ પણ હસ્યા હતા. તેમણે તેને મુનીની શોધ કરવાની મનાઇ નહોતી ફરમાવી, પરંતુ રેનીશ ઘેર રહે એવી તેમની અપેક્ષા હતી. અને તે એ જાણતો હતો.

કેન અધીરો બન્યો, "સારું ત્યારે, હવે શું કરવાનું છે? આપણે જઇએ છીએ કે નહિ?"

"ચોક્કસ આપણે જઇએ જ છીએ!" સ્યુએ કહ્યું, "પણ આપણે લાઉને અહીં મૂકીને જઇશું. તે આપણા માટે પ્રાર્થના કરશે."

સ્યુ તેની મશ્કરી કરતી હતી કે કેમ, તે લાઉ નક્કી ન કરી શકી. રેનીશને જવાબ આપવાની તક જ ના મળી. તેના માતાપિતા, શ્રી અને

શ્રીમતી નાયડુએ તેમના ઘરના પાછલા દરવાજેથી બૂમ પાડી. "રેનીશ.....રેનીશ, કાલે તારે સ્કૂલે જવાનું છે. સાડા દસ વાગી ગયા છે. હવે તારે સૂઇ જવું જોઇએ."

રેનીશે થોડી રાહ જોઇ. ફરી તેણે બીજા એક ઢેફાંને લાતં ફટકારી.

"ક્યાં ગયો આ છોકરો?" તેની માએ બૂમ પાડી. "એણે કંઇ તોફાન ન કર્યું હોય તો સારું" મિ. નાયડુએ ઉમેર્યું. "મને લાગે છે, આ ખ્રિસ્તીઓની તેના પર ખરાબ અસરો પડી છે. ખાસ કરીને પેલા ઇંગ્લેન્ડથી આવેલા ગોરા છોકરાંઓની. એ લોકો એટલા બેફિકર છે કે જીવનને ગંભીરતાથી લેતા જ નથી."

છાનામાના સાંભળી રહેલા બાળકો વિચિત્ર મૂંઝવણ અનુભવી રહ્યાં. તેના માતાપિતા વધુ કંઇ બોલે એ પહેલાં રેનીશ ઝડપથી તેના મિશનરી મિત્રોથી છૂટો પડ્યો,

"હું અહીં છું," તેણે મોટેથી અને સ્પષ્ટ સાંભળી શકાય તેમ જવાબ આપ્યો, "આવું છું."

નાયડુ કુટુંબ તેમના નાનકડા ઘરમાં જતું રહ્યું, ત્યાં સુધી કેન અને તેની જોડીયા બહેનો બેચેન પણ શાંત રહ્યા. પછી સ્યુ ગુસ્સાથી બબડી, "એ લોકો શું સમજે છે? આપણે ખરાબ અસરો પાડીએ છીએ? અને જીવનને તો આપણે ગંભીરતાથી લઇએ જ છીએ. આખી સાંજ આપણે મુનીઅમ્માની ચિંતા કર્યા સિવાય બીજું કશું કર્યું જ નથી."

કેન અને લાઉ બન્ને વિચિત્ર રીતે શાંત રહ્યાં. અને તેથી સ્યુ વધારે ગુસ્સે થઇ.

"હા, આપણે ભારતીયો નથી એ ખરું, સ્યુએ ભારપૂર્વક જણાવ્યું. પરંતુ આપણે જેવા છીએ તેવા આપણને આ લોકો સ્વીકારી શકતા કેમ નહિ હોય?" અફસોસ, કે આપણે દરિયાપારથી તેમને મદદ કરવા દોડી આવ્યા.

આપણે કંઇ ખરાબ નથી. પણ તેમનાથી અલગ પડીએ છીએ."

"હવેથી આપણે વધારે સચેત રહીશું." કેને સૂચવ્યું. તેના ભાઇના સ્વભાવમાં સ્યુને સ્વસ્થતાના દર્શન થયાં. આ સ્યુ માટે નવું હતું. જે તેને ગમ્યું નહિ.

"તું પાછો ન સમજાય તેવું વર્તન કરી રહ્યો છે, કેન ક્યારેક ગમ્મત કરવામાં કશું ખોટું નથી."

"હા, મને ખબર છે," કેને કહ્યું, "ઉપરાંત દીવેલીયું મોં લઇને ફરવાના બદલે આપણે હમેશાં હસતાં જ રહીએ છીએ. એનો અર્થ એ તો નહિ કે આપણે ખરાબ અસરો પાડીએ છીએ. મને તો એમ હતું કે આપણી સારી છાપ પડે છે."

"મનેય એમ જ લાગે છે," કેને કહ્યું, "પણ હવે આજે તો મારે મુનીઅમ્માને શોધવા જવું જ નથી. હવે કશી મઝા નહીં આવે."

"અફસોસ!" સ્યુ બોલી તો ખરી, પણ લાઉને તેની બહેનના અવાજ પરથી, જાણે તેને પણ રાહત થઇ હોય તેમ લાગ્યું. લાઉ અને કેનની મદદથી સ્યુ ફરી બેડરૂમમાં પ્રવેશી. પાછળ પાછળ કેન પણ આવ્યો.

થોડી વાર શાંત રહ્યા પછી કેન શરમિંદો થઇને બોલ્યો, "આપણા વિષે તેઓએ ગેરસમજણ કરી છે, તે બાબત ભૂલી જઇને અત્યારે તો મુનીઅમ્મા માટે પ્રાર્થના કરવી એ શ્રેષ્ઠ માર્ગ છે."

"હા, મને પણ એ જ લાગે છે," લાઉએ ઉમેર્યું. તેના ભાઇ તરફથી પ્રતિભાવ મળતાં તેને આનંદ સાથે આશ્ચર્ય થયું.

મોર્ટન કુટુંબના ત્રણેય બાળકોએ એકબીજા સામે જોઇને ડોકું હલાવ્યું.

"હા," સ્યુએ સહેજ નારાજગીથી કહ્યું, "હવે તો માત્ર ઇશ્વર જ મુનીઅમ્માનો મદદગાર છે."

# પ્રકરણ – 3

ટેકરી ચઢતી વખતે મુનીઅમ્માના કપાળે એક મોટા ચંદન વૃક્ષની એક નીચી નમી ગયેલી ડાળી અથડાઇ હતી. જાંબુડી રંગના કેટલાયે ફૂલો તેની સાથે નીચે પડ્યાં. અને જાણે કોઇ મૃતદેહ પર ફૂલ નાખ્યાં હોય, તેમ ચારેય બાજુ વેરવિખેર થઇને પડ્યા.

જ્યાં મુની પડી હતી ત્યાં સ્પાર્કી ધસી ગયો અને જોરથી ભસવા લાગ્યો. મુનીઅમ્માની બાંય મોંમાં પકડીને તે ખેંચવા લાગ્યો. કપડું ફાટી ગયું. પછી તે તેનું નાક મુનીના ચહેરા પાસે લઇ ગયો અને ડાબી આંખના ઉપરના ભાગેથી નીકળતું લોહી સૂંઘવા લાગ્યો. સ્પાર્કી હજુ રડી રહ્યો હતો એટલામાં બે માણસો આવી પહોંચ્યા.

"હું મુનીને રોકું તે પહેલાં આ ઝાડે તેને રોકી તે સારું થયું." મુનીના પિતાએ તેના જાડીયા સાથીદારને કહ્યું, તેઓ બંને હસ્યા. તેમનું હાસ્ય દુષ્ટ હતું. સ્પાર્કી ફર્યો. તેના દાંત દેખાડતો ઘૂરકવા લાગ્યો. તે તેના ગળામાંથી ઊંડેથી ઘૂરકતો હતો.

"અરે મૂર્ખ કૂતરા...આઘો ખસ વચ્ચેથી." ક્રિશે સ્પાર્કીની પાંસડીઓ પર લાત ફટકારી. સ્પાર્કી ભસી ઊઠ્યો, પણ ત્યાંથી ખસ્યો નહિ.

"ક્રિશ" તેના સાથીદારે ભવાં ચઢાવ્યા, "પહેલાં આપણી યોજના નિષ્ફળ ગઇ છે. જો જે, આ વખતે તેમ ન થાય."

ક્રિશે પ્રથમ તેના જોડીદાર સામે, પછી ભસી રહેલા કૂતરા સામે અને છેલ્લે તેની કરુણ અને લાચાર દીકરી તરફ નજર નાખી. તેના હૃદયમાં જરા પણ પ્રેમ જાગ્યો નહિ. તે માત્ર તેની જાતને જ ચાહતો હતો. દબાવી રાખેલા ક્રોધ અને તિરસ્કારથી તેનો પાતળો બદામી રંગનો ચહેરો કાળો પડી ગયો હતો. તેના ચીકણા વાળ તેની આંખોમાં આવ્યા કરતા હતા. જે તે ખસેડ્યા કરતો હતો.

"હા, આ વખતે ભૂલ નહીં થાય," ક્રિશ ધિક્કારથી બોલ્યો, તું ભરોસો રાખ. જ્યારે તે ભાનમાં આવશે ત્યારે તેણે તારી સાથે પરણવાનું છે, એમ હું તેને કહીશ. આ બાબતમાં તેનું કહેવું સાંભળવામાં આવશે નહિ."

"હવે તેં મુદ્દાની વાત કરી. જો હું ધંધો શરૂ કરું, તો તારે કંઇ નહીં તો છેવટે દીકરી મારી સાથે પરણાવીને ભાગીદારીમાં તારો ભાગ આપવો પડે.

ક્રિશનો ભાગીદાર, રાજ, મોટા પેટવાળો માણસ હતો. તેનું પેટ, તેણે બાંધેલા પટ્ટાની નીચે લબડતું હતું. તેના શર્ટના બટન કમર સુધી ખુલ્લાં હતાં. અને તેની કાબરચીતરી છાતીમાં મોટો સોનાનો ચાંદ લટકતો દેખાતો હતો. સમી સાંજનો ઠંડો પવન વાતો હોવો છતાં તે પરસેવે રેબઝેબ હતો. મુનીઅમ્માના ચોળાઇ ગયેલા શરીર તરફ તેણે જોયું.

"તેને હલાવ. તેને ભાનમાં લાવ." તેણે ક્રિશને કહ્યું, "અમે લગ્ન કરીએ તે પહેલાં મારે મારી કન્યાને બરાબર જોઇ લેવી છે."

તેણે ક્રિશના ખભા પર ધબ્બો માર્યો અને હસ્યો. ક્રિશ લથડ્યો અને સ્પાર્કી ભસ્યો. "મેં સાંભળ્યું છે, તે ખૂબ હિમ્મતવાળી છે." રાજે કહેવાનું ચાલુ રાખ્યું.

"પેલા ખ્રિસ્તીઓ તેને બાપ્તિસ્મા આપે, એ પહેલાં તે નાસી છૂટી હતી. તે સાચું છે?"

"હા,"

"સરસ....મને ગમ્યું. હિમ્મતવાળી સ્ત્રી મને ગમે છે."

"તે માત્ર તેર જ વર્ષની છે."

"સરસ"

ક્ષણભર ક્રિશને બેચેની થઇ આવી. તેના ભાગીદારની આંખોમાં રહેલા ભાવ તેને ગમ્યા નહિ. પણ તેના ભાગીદારના પૈસામાંથી તેઓ જે ગેરકાયદેસર દારૂનું પીઠું ખરીદવાના હતા, તેનો ખ્યાલ આવતાં જ સઘળા ભાવ જતા

રહ્યાં. મારે એ પૈસાની જરૂરછે. તેણે મનમાં કહ્યું, "આખરે મારી દીકરી મારે માટે નસીબવંતી પુરવાર થશે. અને મારું જીવન આબાદ થઇ જશે. મોટો દલ્લો મારી રાહ જૂએ છે."

તે જ વખતે મુનીઅમ્મા સળવળી, તે કેટલીક વાર કણસી. સ્પાર્કી વધારે જોરથી ભસવા લાગ્યો.

"અહીંથી જતો રહે, મૂર્ખ કૂતરા!" ક્રિશે ઘાંટો પાડ્યો અને એક લાકડી લઇને કૂતરાને મારવા લાગ્યો. સ્પાર્કી ભસ્યો, રડી ઊઠ્યો, પણ ક્રિશે તેને પીટવાનું ચાલુ રાખ્યું.

"બંધ કરો." મુનીઅમ્માની બૂમમાં નબળાઇ હતી. "મારા કૂતરાંને છોડી દો." તેણે બેઠા થવાનો પ્રયત્ન કર્યો. પણ સૂકાં પાંદડાં અને જાંબુડી ફૂલોમાં તે પાછી પડી ગઇ.

"દોડ, સ્પાર્કી" મુનીએ રડતાં રડતાં કહ્યું.

"જો જે, એ લોકો તને મારે નહિ."

"તું સહેજ પણ ચિંતા ન કરીશ. તારા પિતા તારા વહાલાં કૂતરાને મારે, એવું હું નહિ થવા દઉં." મુનીઅમ્માના પેટમાં ફાળ પડી. ક્રિશ પણ ઊભો રહીને તેના જોડીદાર સામે જોવા લાગ્યો. તેના માન્યામાં આવતું ન હતું.

"તને શું થઇ ગયું? કેમ એકાએક આવી મીઠી વાતો કરવા માંડ્યો?" ક્રિશનો જાડીયો ભાગીદાર મોં પહોળું કરીને હસ્યો. "મારી થનાર પત્નીને આજે હું પહેલી જ વાર જોઇ રહ્યો છું. તે ખૂબ સુંદર છે. મને આશા છે કે તેના કપાળ પર પડેલા ઘાનું નિશાન રહી ન જાય. અમારો પરિચય કરાવ, ક્રિશ. અમે એકબીજાને સારી રીતે ઓળખતા પણ નથી."

"હવે જો આ મૂર્ખ કૂતરો ભસતો બંધ થાય તો આપણી વાતો સાંભળી શકાય." ક્રિશે કૂતરાને કેટલીક લાતો મારી અને તેને દૂર સુધી ભગાડી આવ્યો.

"જા અને કોઇને બોલાવી લાવ." રાજ એકીટસે મુનીને તાકી રહ્યો

હતો. જેનાથી મુની અકળાઇ ઊઠી. તે બેઠી તો થઇ, પરંતુ તેને તેના પગો પર વિશ્વાસ ન હતો. ક્રિશ ટેકરીની ટોચ પરથી પાછો ફર્યો. અને તેમની તરફ આવ્યો. તે તેમની નજીક આવ્યો ત્યારે તે હાંફતો હતો. તેણે ક્રૂરતાપૂર્વક મુનીને તેના પગ પર ઊભી કરી દીધી.

"કોઇ મદદે આવવાનું નથી." તેણે છણકો કર્યો. "હવે તું અમારા કબજામાં છે. દીકરી, આ રાજ છે. તે તારો થનાર પતિ છે."

"કદી નહિ....."મુનીઅમ્માએ ચીસ પાડી. તેણે તેનો હાથ ઝાટકો મારીને છોડાવી નાખ્યો ને ટટ્ટાર ઊભી રહી. તેણે તેના કપડાં બને એટલા સરખા કર્યા. તેના માથામાં સણકા વાગતા હતા. તેણે તેના ચહેરા પર ચોંટી ગયેલું લોહી લૂછી નાખ્યું.

"તું મારી સાથે એવી રીતે વાત ન કરીશ. હું કહું તેમ જ તારે કરવાનું છે. હું તારો પિતા છું. અને તારે મને આધીન રહેવાનું છે."

"તમે ક્યારેય મારી સાથે પિતા જેવો વર્તાવ કર્યો નથી." મુનીઅમ્માએ જોરથી કહ્યું, તેની પોતાની હિંમત જોઇને તેને પોતાને નવાઇ લાગી. "હું જન્મી તે જ દિવસે તમે ભાગી ગયા હતા. હવે ફરીવાર મારી જિંદગીમાં આવીને મારે શું કરવાનું છે, તે તમે મને કહી જ કેવી રીતે શકો?" મુનીઅમ્માએ ફરી તેના ઊંધા હાથથી તેનું કપાળ લૂછયું. અને ઘામાંથી નીકળેલા લોહીથી તેની ચામડી ખરડાઇ.

"હું કહી શકું અને કહીશ જ કે તારે શું કરવાનું છે." મિનિટે મિનિટે ક્રિશનો ગુસ્સો વધતો જતો હતો. ગુસ્સામાં તે બોલતો હતો ત્યારે તેના મોઢામાંથી થૂંક ઊડતું હતું.

"તું નસીબદાર છે કે તને રાજ જેવો માણસ મળ્યો છે. તે તારી સાથે સારો વર્તાવ કરશે." રાજ હસ્યો અને ફરી મુનીઅમ્માના પેટમાં ફાળ પડી.

"અરે.....અરે, વહાલી, અકળાઇશ નહિ. તેનાથી તારો સુંદર

દેખાવ બગડી જાય છે." રાજ પાસે આવ્યો. અને તેનો પરસેવાવાળો હાથ મુનીની ફરતે વીંટાળ્યો.

મુનીએ આંચકો મારીને પોતાની જાતને મુક્ત કરી. અને સહેજ પાછળ લથડી. "આવા માણસ સાથે હું ન પરણું." તેણે બૂમ પાડીને કહ્યું, તેનું આખું શરીર, ધ્રૂજવા લાગ્યું. જાણે તેને કોઇ કડવી દવા પીવડાવતું હોય અને તે ન પીવા કટીબધ્ધ હોય એવી નિર્ણાયકતાથી તેણે બૂમ પાડી, "કદી જ નહિ. કદી જ હું તારી સાથે નહિ પરણું!"

રાજની આંખો ઝીણી થઇ ગઇ. તેના ખરબચડા ચહેરા પર પ્રસ્વેદ બિંદુઓ ચમકવા લાગ્યા. મુનીઅમ્માને લાલચભરી નજરે ઉપરથી નીચે સુધી નિહાળી રહ્યો. મુનીએ પોતાનું મોં ઢાંકી દીધું. અને ડૂસકાં ભરવા લાગી. તેને અણગમો થઇ આવ્યો. ઘણી મિનિટો વીતી ગઇ. રાજ હજુપણ દુષ્ટ લાલસાભરી નજરે મુની સામે તાકી રહ્યો હતો.

ક્રિશે અસ્વસ્થતાથી રાજની પીઠ પાછળ ધબ્બો માર્યો. "ટૂંકમાં જ તે તારી થઇ જશે. તારી પત્ની તરીકે હું તને આપવાનો છું."

"હું જાણું છું." રાજ તેની નજર મુની પરથી હટાવ્યા સિવાય બોલ્યો. "આ સુંદર ચીજ તું મને પૈસાના બદલામાં આપવાનો છે."

રાજે આ રીતે સોદાની વાત અતિ સ્પષ્ટ શબ્દોમાં કરી. જે ઘણી ભયંકર લાગતી હતી. ક્રિશે તેના શર્ટની ગંદી વાળેલી બાંયથી તેની આંખની ભ્રમરો લૂછી. અને શરીરનું વજન વારાફરતી બીજા પગ પર લેતો ઊભો રહ્યો. **તે મારી દીકરી છે, તેણે વિચાર્યું. પણ તે મારા માટે કમનસીબી સિવાય બીજું કશું લાવી નથી. ઓહ, તે જન્મી જ ન હોત તો કેવું સારું !**

મુનીઅમ્મા વધુ સમય ઊભી ન રહી શકી. એકાએક તે ડૂચાની ઢીંગલીની માફક જમીન પર ઢગલો થઇ ગઇ. અને બૂમ પાડી. "ચાલ્યો જા.....હું તને ધિક્કારું છું. હું જીવું છું ત્યાં સુધી તો કદીપણ તારી સાથે લગ્ન નહિ જ કરું."

રાજ પાછળ ટેકો દઈને ઊભો રહ્યો અને હસ્યો, "તેનામાં ખૂબ હિંમત છે. તેની સાથે ખૂબ મઝા આવશે."

મુનીઅમ્માએ ઊંચું જોયું. તેના નમણાં ચહેરા પર મોટી માંજરી આંખો ક્યાંક ખોવાયેલી લાગી. ઘામાંથી નીકળતું લોહી હવે ગાલ પર આવી ગયું હતું. અને તેના આંસુ સાથે ભળી ગયું હતું. પણ તેને જાણે કશી જ પડી નહોતી. મુનીઅમ્માએ તેનો જાડો લાંબો ચોટલો તેના ખભા પર ફેંક્યો. એ સાથે જ ધૂળ અને થોડાક જાંબુડી ફૂલો જે તેના વાળમાં ફસાયેલા હતા તે નીચે પડ્યા. તેણે રાજ સામે સ્થિર નજરે જોયું.

"તું બેડોળછે. તું.....તું કદરૂપો અને જાડીયો અને.....નીચ છે."

જ્યારે તેણે રાજના ચહેરા પરના હાવભાવ બદલાતા જોયા, ત્યારે તેને લાગ્યું કે તેણે ઘણું કહી નાખ્યું હતું. તે માની શકી નહિ કે આ બધું તેણે તેના પિતાના ભયાનક ભાગીદારને નહિ પરંતુ એક પુખ્તવયની વ્યક્તિને સંબોધીને કહ્યું હતું.

'અરે' રાજનું એકાએક બદલાયેલું વર્તન ક્રિશથી પણ છૂપું રહ્યું નહોતું. "તેનો ઈરાદો ખરેખર એમ કહેવાનો ન હતો. તે સ્વસ્થ નથી. અને પાછું વધારામાં, મેં કહ્યું તે પ્રમાણે તું રૂપાળો છે. અને પતિ તરીકે તને પામીને મારી દીકરી ધન્ય બની જશે."

રાજે ક્રિશની દિશામાં એક ડગલુ ભર્યું, "તું કહે છે તેમ, મને પામીને તે ધન્ય બની જશે. સ્ત્રીઓ હમેશાં મારા તરફ આકર્ષાય છે. તારી હિંમતની હું કદર કરું છું, પરંતુ અપમાન હું સહન નહિ કરું." રાજે તેના ખભા ઉછાળ્યા. તે સાથે તેનું મોટું પેટ પણ ઉછળ્યું.

"મેં તને કહ્યું ને, તેનો ઈરાદો એવું કહેવાનો નહોતો." ક્રિશનો અવાજ મરણીયો બન્યો.

મુનીઅમ્માને ચીસ પાડીને કહેવાનું મન થઇ આવ્યું. "મેં જે કહ્યું તે જ હું ફરી કહું છું". પણ છેલ્લી બૂમ પાડ્યા પછી જમીન પર સૂઇ જઇને રડવા સિવાય તે બીજું કંઇ ન કરી શકી.

રાજ સીધો જ જઇને મુનીઅમ્માના ઢગલો થઇ ગયેલા શરીર પર ઊભો રહ્યો. મુનીનું શરીર આપોઆપ ધ્રૂજવા લાગ્યું. સમય પસાર થતો ગયો, તનાવ વધતું ચાલ્યું. છેવટે રાજ ધીમેથી બોલ્યો," ક્રિશ, ધંધા માટે જે પૈસા તને જોઇએ છે, તે હું તને આપીશ. બદલામાં તારે તારી દીકરી મને આપવાની અને તારી દીકરીએ પોતાની ઇચ્છાથી અને માનપૂર્વક મારી પત્ની તરીકે મારી સાથે આવવાનું રહેશે. સોદો મંજૂર છે?"

ક્રિશ મુઠ્ઠીઓ વાળીને આગળ કૂદ્યો, "તું તો બહુ ગંભીર બની ગયો?"

"મેં તને સોદાની વાત જણાવી દીધી. મંજૂર હોય તો ઠીક. પણ તારી દીકરીએ મારી સાથે સન્માનપૂર્વક આવવું પડશે."

"પણ મારી દીકરીનું મન હું કેવી રીતે બદલી શકું?" ક્રિશના અવાજમાં ધિક્કાર વધતો જણાયો. તેનું આખું જીવન નિષ્ફળતાઓથી ભરેલું હતું. અને દરેક બાબત માટે મુનીઅમ્માને જવાબદાર ઠેરવવાની તેને ટેવ પડી હતી.

રાજે ધીમું અને દુષ્ટ હાસ્ય કર્યું, "ઘણા રસ્તા છે, ક્રિશ. લોકોના મન બદલવાના ઘણા રસ્તા છે. બીજી વાર હું તારી પાસેથી જઇ રહ્યો છું. અને જતાં જતાં તને ચેતવણી આપતો જાઉં છું. જો તું તારી દીકરીને તેની ઇચ્છાથી મારી પાસે લાવી ન શકે તો ફરી મારી આજુબાજુ ફરકતો નહિ."

રાજ બોલતો હતો તે દરમ્યાન તે તેના ગંદા બુટથી મુનીઅમ્માને ગોદા મારતો હતો. મુની આઘી ખસી ગઇ અને ધ્રૂજતા અવાજે તે ચિત્કારી ઊઠી. **"કદી નહિ.** હસતાં મોઢે હું કદી તારી પાસે આવીશ નહિ!"

"હિંમત! હિંમતવાળી સ્ત્રી મને ગમે છે!" રાજ ચાલવા માંડ્યો અને અંધકારમાં અદશ્ય થઇ ગયો.

ક્રિશ અને મુની, જાણે થીજી ગયા. શાંતિથી તેઓ રાજને ટેકરી ચઢતો નિહાળી રહ્યા. ઘણીવાર પછી ક્રિશ તેની દીકરી તરફ ફરીને બૂમો પાડવા લાગ્યો. "તેં ફરી એ પ્રમાણે કર્યું. તું હમેશાં મારું જીવન નષ્ટ કરતી આવી છે."

મુનીઅમ્મા શાંત રહી અને બેચેનીથી સૂકા પાંદડાં અને ચંદન ઝાડના જાંબુડી ફૂલોને નિહાળી રહી. તેનું આખું શરીર, અને ખાસ કરીને તેનું માથું સખત દુખતું હતું. ઘામાંથી નીકળતું લોહી તેની આંખ પર જામવા માંડ્યું હતું.

ક્રિશે આગળ ચલાવ્યું. "તને એમ હશે કે તું ફરી જીતી ગઇ છે. પરંતુ સાંભળી લે, તારું લગ્ન રાજ સાથે જ થશે. કઇ રીતે, તે હું જાણતો નથી. પણ તું રાજ સાથે પરણીશ તે નક્કી છે."

તેના હોઠને ધ્રૂજતા અટકાવવા તેણે દાંત વચ્ચે ભીડ્યા.

ક્રિશ એકાએક ફર્યો. અને તેના જોડીદારની પાછળ ટેકરી તરફ ચાલી નીકળ્યો.

મુની મોટા ઝાડના ખરબચડા થડને અઢેલીને બેસી પડી. તેણે ઘૂંટણ વાળીને તેના પર તેનું મોં ટેક્યું. અને પાતળા પગ ફરતે હાથ વીંટાળીને આગળ પાછળ હાલતી કણસવા લાગી.

પછી જે થયું તે આ પ્રમાણે હતું. સ્પાર્કી તેના ગાલ ચાટી રહ્યો હતો. અને આખી શોધક ટુકડી તેની આજુબાજુ ઊભી હતી. દરેક જણ જાતજાતના પ્રશ્નો પૂછી રહ્યા હતા. ત્યારે દાદીમા હળવેકથી મુનીના કપાળને અડક્યા.

"બસ હવે, દીકરા" દાદીમા કહી રહ્યા હતાં. "તને શોધવામાં ઈશ્વરે અમને મદદ કરી છે."

"એક મિનિટ પહેલાં રાજ અને મારા પિતા અહીં હતા ત્યારે ઈશ્વર ક્યાં ગયા હતાં?" મુનીઅમ્માને ચીસ પાડવાનું મન થઇ આવ્યું. પણ તેણે તેમ કર્યું નહિ.

ગરમ ઉનનો ધાબળો જે પુનમાહ દાદીમા ઓઢીને આવ્યા હતા તે તેમણે જલ્દીથી મુનીના ખભે નાખ્યો. "હં....હવે તને ધ્રૂજારી નહિ આવે. અને હા, બાપ્તિસ્માથી તું નાસી ગઇ છું, એ વાતની ચિંતા હવે તું સાવ મૂકી દે જે."

દાદીમાનો પ્રેમ મુનીઅમ્માને સ્પર્શી ગયો. વૃધ્ધ મા બદલાઇ ગયા હતા. ખ્રિસ્તી બન્યા પછી દાદીમામાં જે મોટું બદલાણ થયું હતું. તેનાથી ફરી તેને આશ્ચર્ય થયું. એક ત્વરીત વિચાર તેના મનમાં ઝબક્યો અને તે ચીસ પાડી ઊઠી, "તે ભયંકર માણસ સાથે હું લગ્ન નહિ કરું. તેની સાથે લગ્ન કરવાની કોઇ મને ફરજ પાડી શકશે નહિ."

# પ્રકરણ – ૪

એક કલાક બાદ સીતાકાકી અને કાકાના ઘરની બહાર પડછાયામાં ક્રિશ છૂપાયો હતો. તે હજુ પણ આટલામાં ક્યાંક છૂપાયો હશે એવી કોઇને શંકા ન ગઇ. તે જ્યાં ઊભો હતો, ત્યાંથી ખુલ્લી બારીમાંથી મકાનની અંદર સ્પષ્ટ જોઇ શકાતું હતું. તેના વૃધ્ધ મા મુનીઅમ્માની બાજુમાં સોફા પર બેઠા હતા. મુનીની બીજી બાજુ સીતાકાકી બેઠા હતા.

ઓરડામાં બીજા બધા ટોળે વળ્યાં હતાં, પરંતુ મિશનરી કુટુંબને જોઇને ક્રિશને અકળામણ વધી. તેઓ, ખાસ કરીને સોનેરી વાળવાળી જોડીયા બહેનો અને તેમનો ભાઇ વધારે ચિંતાતુર જણાતા હતા. પણ ક્રિશને ખાતરી હતી કે એ બધું ઉપરછલ્લું હતું. ગોરાઓ સાથે ગાઢ મિત્રતા હોય એવું તેણે કદી સાંભળ્યું નહોતું. અને સાચી મિત્રતા તો તેની કલ્પના બહારની વાત હતી.

વાતચીત સાંભળવા તે બારીની વધુ નજીક સરક્યો. તેણે જોયું કે તેની દીકરીને કોઇએ જાડું વાદળી રંગનું સ્વેટર પહેરવા આપેલું. તેના કપાળ પર પાટો બાંધવામાં આવ્યો હતો. તેના વાળ કોરા કરીને ઓળેલા હતા.

પૂનમાહ દાદી અને મુની સાથે સાથે બેઠા હતાં. મુનીનો હાથ દાદીમા ધીરેધીરે થાબડતા હતા. પછી તેમણે મિસિસ મોર્ટન સામે જોયું. "સાચે જ મારી પૌત્રી સાજી-સારી થઇ જશે?"

"હા" મેરી મોર્ટને પુનઃખાતરીથી ઉચ્ચાર્યું.

"કદાચ તેના કપાળ પર વાગેલા ઘાનું નિશાન સુધ્ધાં નહિ રહે."

દેખીતી રીતે જ દાદીમાને રાહત થઇ.

"તમારી વાત સાંભળીને ખૂબ આનંદ થયો." સીતાકાકી, મુની અને પુનમાહ દાદી તરફ ખસતાં બોલ્યા. "પરંતુ હ્દય પર વાગેલા ઘા ના નિશાન જલ્દી સારા થતા નથી, એ ભૂલવું ન જોઇએ."

થોડી ક્ષણો તેઓ સીતાકાકીના શબ્દો વાગોળી રહ્યા. પછી મુનીએ ડૂસકાં ભરવાનું શરૂ કર્યું. રડવાથી તેને હેડકી આવી. "પિતાજી મારું લગ્ન રાજ સાથે નહિ કરાવે ને?"

"ના દીકરી" દાદીમાએ દિલાસો આપ્યો. કાકા વચ્ચે બોલ્યા, "પુનમાહ, ક્રિશ, મુનીના પિતા છે, તે મને ખબર છે. પરંતુ તે જન્મી તે જ દિવસે તે નાસી ગયો હતો."

મિ. મોર્ટન આગળ આવ્યા અને સોફાની ધારના ટેકે ઊભા રહ્યા.

"એ કદાચ સાચું હશે. પરંતુ તે હજુ પણ તેનો કાયદેસરનો પિતા છે."

"તેથી શું ફેર પડશે?" સીતાકાકીએ પૂછ્યું. "ફેર પડે તોયે કોને ચિંતા છે?" સ્યુ જોરથી બોલી.

"કોઈપણ પિતા, કાયદેસર હોય કે ના હોય, તે તેની દીકરીનું લગ્ન તેની ઇચ્છા વિરુધ્ધ કોઇ માણસ સાથે કરાવી ન શકે."

"શાંત રહે, સ્યુ," મેરી મોર્ટને સ્યુને ઠપકો આપ્યો, "તને ખબર ન પડે એવી વાતમાં તું માથું મારી રહી છે."

સ્યુ તેની માતા સાથે દલીલ કરવા જતી હતી. પરંતુ લાઉ તેને એકબાજુ ખેંચી ગઇ. સ્યુ ફરીને પગ પછાડતી ઓરડાની બહાર ગઇ. તેનું ચોળાયેલું પીળું સ્કર્ટ હવામાં ચારે તરફ લહેરાયું.

"મારી દીકરીને માફ કરશો," મિસિસ મોર્ટને તેમના ભારતીય મિત્રોને કહ્યું, "આપણા બધાની જેમ સ્યુ પણ, આ બધા આકરા સંજોગોને કારણે અસ્વસ્થ બની ગઇ છે. એક પિતા પોતાની જ દીકરી સાથે આવો તુચ્છ વર્તાવ કેવી રીતે કરી શકે તે આપણી સમજણ બહારની વાત છે."

દાદીમા બોલી ઊઠ્યા, "તમારી બેચેની માટે તમારો વાંક કાઢી શકાય તેમ નથી. મુનીઅમ્માનો પિતા પહેલેથી જ રહસ્યમય વ્યક્તિ રહ્યો

છે. દીકરી જન્મી તે પહેલેથી જ મારો દીકરો તેની દીકરીને ધિક્કારતો હતો, તેમ કહી શકાય. દેવી કાલીનો ભયંકર શ્રાપ તેણે તેને આપ્યો હતો, તે યાદ છે ને? તેની અંદર કંઈક દુષ્ટતા છૂપાયેલી છે, અને તેણે આપણા સહુને બહુ દુઃખ પહોંચાડ્યું છે."

ક્ષણભર માટે વિચિત્ર લાગણી, લગભગ શરમ જેવી લાગણી, ક્રિશને થઇ આવી. તે પડછાયામાં પાછો હટ્યો. જે ઝાડ નીચે તે ઊભો હતો તેની એક નાનકડી ડાળી તેણે તોડી. અને ગોળગોળ વળ ચડાવા લાગ્યો. તેના કાળા ચહેરા પરની રેખાઓ વધુ ઊંડી બની હતી.

"ખરેખર તે વિચિત્ર માણસ છે," મિ. મોર્ટને ઉમેર્યું. "મેં એના જેવો કે એના પેલા ભાગીદાર જેવો માણસ કદી જોયો નથી. મુનીઅમ્મા હાંફતા બોલી, "ઓહ દાદીમા! હું તે માણસ સાથે લગ્ન નહિ કરું. નહિ જ કરું!"

"બસ.....બસ હવે," દાદીમાએ સાંત્વન આપતા કહ્યું, "તેં હમણાં જ કહ્યું કે જ્યાં સુધી તું તારી ઇચ્છાથી અને માન પૂર્વક રાજની પાસે નહિ જાય, ત્યાં સુધી રાજ તારી સાથે લગ્ન નહિ કરે. તેથી, મને લાગે છે કે પ્રશ્નનું નિરાકરણ થઇ ગયું છે. હવે આ લગ્ન થશે જ નહિ."

જે ઝાડની ડાળીને ક્રિશ વળ ચડાવી રહ્યો હતો તે તૂટી ગઇ. તે થૂંક્યો પણ તેનું થૂંક દાઢી પર ઉગેલા વાળમાં ચોંટી ગયું. "આ લગ્ન થશે જ." તેણે મનમાં પ્રતિજ્ઞા લીધી. "મારે રાજના પૈસા જોઇએ.....મારે રાજના પૈસાની જરૂર છે."

ક્રિશ ધીમેથી બબડતો હતો. તેનો અવાજ ઉપર ઘરમાંથી આવતા સીતાકાકીના અવાજમાં દબાઇ ગયો, "દરેક જણ સાંભળો." તે જે કહેવા માગતા હતા, સૌથી સારી તે રીતે કેમ કહી શકાય તેનો વિચાર કરવા તે થોડી વાર થોભ્યા, "બાપ્તિસ્મા વખતે જે બધાને ઉશ્કેરતી હતી. તે પેલી ઘરડી

બોખી ડોશી-મિસિસ રેડ્ડી, યાદ છે જે ચીસો પાડતી હતી અને મુનીને મહેણાં મારતી હતી તે? મને લાગે છે, હું તેને ઓળખું છું. વર્ષો પહેલાં હું તેને મળી હતી. અને જો મારી ભૂલ ના થતી હોય તો, તેની પાસે ખાસ પ્રકારની શેતાની શક્તિઓ છે. અત્યારે અહીં જ કંઇ બની ગયું, તેની જો તેને ખબર પડે, તો તે એવી કંઇક દુષ્ટ યોજના કરે કે જેથી મુનીઅમ્મા ક્રિશના જોડીદાર સાથેના પ્રેમમાં ગાંડી બની જાય."

"શું?" મેરી મોર્ટને પૂછયું. તેમના ચહેરા પર ગભરામણ દેખાતી હતી. ઇંગ્લેન્ડમાં તો આવી ઘટનાઓ વિશે તેમણે ક્યારેય સાંભળ્યું ન હતું. "એટલે શું તમે એમ કહેવા માગો છો કે મિસિસ રેડ્ડી પાસે એવી શેતાની વિદ્યા તેમના તાબામાં છે, જેનાથી તે મુનીઅમ્માની ઇચ્છા વિરુદ્ધ તેની પાસે કંઇક કરાવી શકે?"

"ના" કેની બોલ્યો, "એવું શક્ય જ નથી." તે તેના સીધા સોનેરી વાળમાં તેની આંગળીઓ ફેરવતો હતો.

"કેવી રીતે?" બાજુની ખુરશી પર બેસી પડતાં લાઉ બોલી. "એવું ક્યારેય ન બની શકે!" મુનીઅમ્માએ જોરથી બૂમ પાડી. હવે તો હદ થતી હતી.

"એક મિનિટ થોભો," મિ. મોર્ટન બોલ્યા, "આપણે બીવાની જરૂર નથી. આપણે ઇસુખ્રિસ્તના પક્ષમાં છીએ, અને વિજય આપણો જ છે."

"બરાબર છે," કાકાએ ઉમેર્યું, "મિસિસ રેડ્ડી પાસે કદાચ શેતાની શક્તિઓ હશે, પરંતુ આપણી પાસે તો પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનું સામર્થ્ય છે."

"હું જાણું છું," સીતા કાકીએ ઉતાવળમાં જવાબ આપ્યો, "હા, મને ખબર છે પણ આ ઘરડી ડોશી શું કરી શકે છે, તેનું તમને ભાન નથી."

આ ચર્ચા ચાલી રહી હતી ત્યારે ક્રિશ આગળ નમીને, સીતાકાકી શું કહી રહ્યા હતા તે સાંભળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તે જ વખતે પાછળના દરવાજેથી મિ. નાયડુ બહાર આવ્યા.

"કોણ છે ત્યાં?" રેનિશના પિતાજીએ બૂમ પાડી. ક્રિશ પડછાયામાં જ ઊભો રહ્યો. મિ. નાયડુ તેની તરફ આવ્યા,

"ત્યાં કોણ છે અને શું કરે છે?"

"કંઈ નહિ." ક્રિશે જવાબ આપ્યો. તેણે કાદવના ઢગલાને લાત મારી અને હાથમાંની તૂટી ગયેલી ડાળી આઘે ઉછાળી દીધી.

"સારું ચાલ્યો જા. મારા ઘરની આસપાસ આમ અજાણ્યા માણસો આંટા મારે તે મને પસંદ નથી."

"શ...શ" તે ગુસ્સાથી બોલ્યો. અને પડોશીની ઉઘાડી બારીમાંથી અંદર જોયું. તે ત્યાં ઊભો ઊભો બધું સાંભળતો હતો એ વાત તેના સગાં કે ખ્રિસ્તીઓ જાણી જાય એમ તે ઇચ્છતો ન હતો. મિ. નાયડુએ પ્રથમ તેમના પડોશીના ઘરમાં જોયું અને પછી ફરીથી ક્રિશ સામે જોયું. "હું તને ઓળખું છું" તેમણે ધીમેથી કહ્યું, "તું પેલી છોકરીનો પિતા છે, આવ" તે ક્રિશને તેમના ઘરના પાછલા દરવાજે લઇ ગયા.

"અહીં તું છાનોમાનો આંટા મારે છે. પણ તેમાં તારો વાંક નથી." ક્રિશ કંઇ બોલ્યો નહિ. તેની તો એટલી જ ઇચ્છા હતી કે ક્યારે આ માણસ અહીંથી જાય અને તે, સીતાકાકી પેલી ઘરડી સ્ત્રીની શેતાની શક્તિઓ વિશે જે કહી રહ્યા હતા તે તે સાંભળી શકે.

"હા" ડોકું હલાવતા મિ. નાયડુએ ચાલુ રાખ્યું, "તું ગુસ્સે થાય, તેમાં પણ હું તો તારો વાંક જોતો નથી. એક હિંદુ ખ્રિસ્તી થાય, એવું કોઇએ કદી સાંભળ્યુંછે? આ તો પેલા ગોરા માણસોની અસર છે, અને તે સારી નથી. એ

તો આપણી આખી સંસ્કૃતિનો વિનાશ કરી રહી છે.

મિ. નાયડુ ઊંચા, દેખાવડા ભારતીય પુરુષ હતા. પરંતુ આજે રાત્રે તેમનો ચહેરો ખરેખર વ્યથિત લાગતો હતો.

ક્રિશે ગાળ દીધી. અને જમીન પર લાત મારી. તે જાણી ગયો હતો કે મિ. નાયડુ હવે અહીંથી જશે નહિ. તેથી તેણે એક પાસો ફેંકવાનું નક્કી કર્યું, "ખરેખર, આપણે કંઇક કરવું જ જોઇએ. મારી મા હમેશાં કહેતી, "જો તમે હિંદુ તરીકે જન્મ્યા હો, તો તમારે હિંદુ તરીકે જ મરવું પણ જોઇએ."

પાછળના વાડામાંથી આવતા લાઇટના ઝાંખા પ્રકાશમાં મિ. નાયડુ થોડીવાર શાંત ઊભા રહ્યા. હવા પણ થંભી ગઇ હતી, "મારા જેવા જ વિચારો," ખરેખરી લાગણીથી તેઓ બોલ્યા. "અને જો, તારા વૃધ્ધ માતા ખ્રિસ્તી થઇ ગયા છે. અને તેમણે બાપ્તિસ્મા લીધું છે. અને હવે પછી કદાચ તારી દીકરીમાં પણ બાપ્તિસ્મા લેવાની હિંમત આવી જશે. હું માનું છું કે અત્યારે જ કંઇક કરવાનો સમય છે, ઘણા સમયથી આ બધું હું સહન કરતો આવ્યો છું અને હવે તો મારો દીકરો રેનીશ પણ આ ખ્રિસ્તીઓ જોડે ભળ્યો છે. ક્રિશ નજીક આવ્યો, તમારા દીકરાને રોકવા માટે તમે શું વિચાર કર્યો છે?

"હું એવો આગ્રહ રાખીશ કે રેનીશ સાથે વાત કરવાની તેને રજા આપવામાં નહિ આવે."

"હવે ખરી શરૂઆત થઇ," ક્રિશે જવાબ આપ્યો. પણ તેના મનમાં તે વધુ હિંસક ઉપાયો વિશે વિચારી રહ્યો હતો.

"અને હું એક મંદિર પણ ખરીદવાનો છું. થોડાં અઠવાડિયાં પહેલાં આવું એક મંદિર વેચાતું હતું. તે મેં જોયું હતું. હા, હું તે ખરીદવાનો છું, અને તે મારા ઘરની બરાબર સામે જ મૂકવાનો છું."

ક્રિશને આ વિચાર તદ્દન મૂર્ખતાપૂર્વક લાગ્યો. પરંતુ મિ. નાયડુએ આગળ ચલાવ્યું. તેથી તે શાંત રહ્યો.

"જો આપણે વધુ સમર્પિત હિંદુઓ બનીએ, તો કદાચ આ પ્રકારની અવળી અસરો તેમના પર ન પડે. વર્ષો પહેલાં હું અને મારી પત્ની સારા હિંદુ હતા. તે લોકો માટે સમાધી લગાવીને બેસતી. તેની પાસે એવી દેણ હતી." મિ. નાયડુએ ક્રિશ સામે હેતુપૂર્વક જોયું અને ઉશ્કેરાટભર્યું ભાષણ ચાલુ રાખ્યું. "હજુ કદાચ બહુ મોડું નથી થયું. આપણે બધા હિંદુઓએ એક થઈને આપણા સંસ્કારો જાળવી રાખવાની જરૂર છે." ક્રિશે આવું કશું જ વિચાર્યું નહોતું. તેને તો તેના સ્વાર્થી હેતુઓ પાર પાડવાની જ ચિંતા હતી. આ બાબતના બીજા પાસાઓ વિશે તો તેણે કંઈ વિચાર્યું જ નહોતું. તેણે મનમાં દલીલ કરી કે આ કંઈ તેને લાગતું વળગતું ન હતું. ધંધા માટે પૈસા મેળવવા, એ એક જ ધૂન તેના પર સવાર થઈ હતી.

"બીજા એક સમર્પિત પિતાને જોઈને આનંદ થાય છે." મિ. નાયડુએ કહ્યું, "આવ, આપણે મારી પરસાળમાં બેસીએ અને આ પ્રશ્નની ચર્ચા કરીએ."

ક્રિશ શંકાશીલ હતો. પણ થોડી વધુ ચર્ચા થયા પછી તેણે ધીરેથી સૂચન કર્યું, "ગામમાં એક વૃધ્ધ સ્ત્રી છે, જે આપણને સારી સલાહ આપી શકે છે."

"કોણ?"

"તમે આજે તેને મળ્યા છો. એ જ બોખી ડોશી જે આજે સવારે બાપ્તિસ્મા વખતે ખલેલ કરી રહી હતી."

"મને યાદ છે. એ તો પેલી વૃદ્ધ મિસિસ રેડ્ડી જે દરિયા કિનારે ખાંડના કારખાના પાસે રહે છે. મેં સાંભળ્યું છે કે તે આઈઝીપીન્ગોમાં તેના કેટલાક માંદાં સગાં માટે મંદિરમાં પ્રાર્થના કરવા માટે આવી છે. તું માને છે કે તે

આપણી વાતમાં મદદ કરશે?"

"હા, ચોક્કસ." ક્રિશે સ્મિત દ્વારા ખાતરી કરાવી. તે ખરેખર શું કરવા માગતો હતો તે મિ. નાયડુને ખબર પડી નહોતી, એ તે જાણતો હતો. તેને તો માત્ર એટલું જ જોઈતું હતું કે તે વૃધ્ધા રાજને પરણવા વિશે મુનીઅમ્માનું હૃદયપરિવર્તન કરાવે.

પાછળના રૂમમાં મિ. નાયડુએ ક્રિશને સૂવા માટે પથારી આપી ત્યારે ઘણી રાત વીતી ગઈ હતી. પણ તેને માટે ઘણું સરળ થઈ ગયું. નસીબ તેને યારી આપતું હતું, તે મનમાં બોલ્યો, જો તેણે પોતે કોઈ જગ્યા શોધી હોત, તો આના કરતાં વધુ સારી જગા તેને મળી ન હોત. તે બધી રીતે એકદમ યોગ્ય હતી. હવે તે સીતાકાકી અને કાકાની પડોશમાં હતો. અને બધી બાબતો પર નજર રાખી શકે તેમ હતો. હવે તે નવી યોજનાઓ બનાવશે, કે જે હિંસાથી ભરપૂર હશે અને મિ. નાયડુએ જેની કલ્પના પણ કરી નહિ હોય.

# પ્રકરણ – ૫

મોડી રાત્રે લગભગ મધરાતે મુનીઅમ્મા અને દાદીમા કાકાની ટ્રકમાં આગળ બેઠા. કેન સ્પાર્કીને ટ્રકની પાછળના ભાગમાં ચઢી બેસવા ગમ્મતભરી રીતે પાનો ચઢાવી રહ્યો હતો. ભાઇની આ ગમ્મત જોઇને બંને જોડીયા બહેનો રસ્તાની બાજુ પર ઊભી ઊભી ખી.....ખી... કરીને હસતી હતી.

"બસ....હવે," મેરી મોર્ટને તેમને ઠપકો આપ્યો. તેમની સૌથી નાની દીકરી શેલી, જે અત્યારે ઘસઘસાટ ઊંઘતી હતી તેને તેમણે હાથમાં ઊંચકી હતી. "બહુ મોડું થયું છે. હવે શાંતિથી બેસો નહિ તો તમારી નાની બહેન અને બધા પડોશીઓ જાગી જશે."

મુનીઅમ્માએ મિ. મોર્ટનના બાળકો સામે જોયું. દુનિયાની જાણે તેમને કંઇ જ પડી નહોતી. હસવાનો અવાજ ન સંભળાય તે રીતે શાંતિથી તેમણે સ્પાર્કીને જેમ તેમ કરીને ટ્રકમાં ચઢાવી દીધો. મુનીઅમ્માને આશ્ચર્ય થયું કે આટલું જલ્દી તેમનું વર્તન કેવી રીતે બદલાઇ શકે? એક મિનિટ પહેલાં તો તેઓ બેચેન જણાતા હતા. અને હવે તેઓ હસી રહ્યાં છે.

"સ્યુ, તારી મા પાસેથી શેલીને લઇને સુવડાવી આવ, મિ. મોર્ટને કહ્યું, અને હવે તરત જ બધા જ પથારીમાં સૂઇ જવા જોઇએ. તમારી મોટી બહેન તો ક્યારનીયે સૂઇ ગઇ."

"પિતાજી" કેને સહેજ કડવાશથી કહ્યું,

"કેન, હું કહું છું તેમ કર. અને તમે બન્ને પણ." બંને બહેનો કંઇ જવાબ આપે તે પહેલાં તેમને પણ કહી દીધું. મિ. મોર્ટનના બાળકો સીતાકાકી અને કાકાના ઘરમાં બબડતા બબડતા ગયા.

મુનીઅમ્માને પણ ક્ષણભર માટે તેમની સાથે જવાનું મન થઇ આવ્યું. પણ પછી તેણે વિચાર્યું **ના, મારે ઘેર જવું છે. પિતાજી અને તેમના ડરામણા મિત્રથી મારે દૂર ચાલ્યા જવું છે - અને પેલી ઘરડી મિસિસ રેડ્ડીથી તો ખાસ.** મિસિસ રેડ્ડી પાસે કેવી ભયાનક શેતાની શક્તિઓ છે તે વિષે સીતામાસીએ કરેલી વાત યાદ આવતાં જ તેને બીક લાગી. જે તેણે મહામહેનતે છૂપાવી. આઇઝીપીન્ગો ગામની પેલી બાજુ ટેકરીઓમાં આવેલી તેમની નાનકડી ઝૂંપડીમાં પહોંચી જવાની તેને તીવ્ર ઇચ્છા થઇ આવી. "ચાલો જઇએ, દાદીમા.

"એક મિનિટ," પૂનમાહ દાદીએ કહ્યું, "આવતા રવિવારે શું કરવાનું છે, તે વિશે સીતા મને કંઇક કહી રહી છે."

ટ્રકમાં દાદીમા જે બાજુ બેઠા હતા તે બાજુનો દરવાજો સીતાકાકીએ પકડી રાખ્યો હતો. સીતાકાકીએ મુની સામે જોઇને સ્મિત કર્યું. પછી પૂનમાહ દાદીને સંબોધીને બોલ્યા, "સાંભળો, ખાંડના કારખાના પાસે દરિયા કિનારે કેટલાક નવા ખ્રિસ્તી થયેલા લોકો વસે છે. તેમના વિષે મેં સાંભળ્યું છે. પાસ્ટર મુનસામી ત્યાં કાર્ય કરે છે. અને તે અને તેમના પત્ની મીલ કામદારોની સાથે પથ્થરની ઓરડીમાં રહે છે. આવતા રવિવારે જઇને આપણે તેમને ઉત્તેજન આપીએ તો કેમ?"

દાદીમાએ વિચારમાં ડોકું હલાવ્યું.

"પૂનમાહ દાદી, એક હિંદુ તરીકે તમારી ખ્યાતિ ખૂબ પ્રસરેલી છે. છતાં તમે પણ ખ્રિસ્તી થયા છો, એવું જાણીને તે લોકોને ખૂબ ઉત્તેજન મળશે. ઘણા સમયથી તેઓ તમારા માટે તેમ જ મુનીઅમ્મા માટે પ્રાર્થનાઓ કરે છે. ક્રિશ અને તેના ભાગીદાર બાબતમાં હમણાં જે બન્યું તે તેમને કહીને તે વિશે પણ બધા પ્રાર્થના કરીશું."

દાદીમાએ ફરી ડોકું હલાવીને હા કહી. **આપણે શા માટે ક્યાંય પણ જવું જોઈએ!** મુનીઅમ્માએ વિચાર્યું. **આપણી પોતાની જ કેટલી બધી સમસ્યાઓ છે?** તેને તો તેના પિતા અને રાજથી દૂર, ટેકરીઓમાં જ રહેવું હતું.

છેવટે દાદીમાએ નિર્ણય કરી લીધો, “આપણે જરૂર જઈશું.”

“સરસ” ટ્રકનો દરવાજો સીતા કાકીએ બંધ કર્યો. “આવતા અઠવાડિયે મળીશું.”

થોડે દૂર ગયા પછી મુનીએ રેનીશના ઘર તરફ નજર કરી. લાઇટો બંધ હતી. અને બધું શાંત લાગતું હતું. **આવતા રવિવારે રેનીશ પણ અમારી સાથે આવશે કે કેમ?** તેણે વિચાર્યું. અને પછી પોતાની જાતને જ ઠપકો આપ્યો. **આપણા પોતાના જ પ્રશ્નો ઘણા છે. ત્યારે જ્યાં ત્યાં હરીફરીને આપણે બીજાઓને ઉત્તેજન આપવા શા માટે જવું જોઈએ?**

તેઓ ગામની બહાર નીકળ્યા ત્યારે દાદીમાએ મુનીની બાજુમાં બેઠેલા કાકાને સંબોધીને કહ્યું, “સીતાનો એ વિચાર સુંદરછે હું અને મુનીઅમ્મા બંને તમારી સાથે આવીશું. આ એક ખાસ પ્રકારની સેવા થશે. રવિવારે વહેલી સવારે અમે તમારે ઘેર આવી જઈશું.”

“હું આવીને તમને લઈ જઈશ.”

“ના, અમે ચાલી નાખીશું. ઉપરાંત તમારે તો મુસાફરીની ઘણી બધી તૈયારીઓ પણ કરવાની હશે.”

પૂનમાહ દાદીમા અને કાકા કાર્યક્રમ ઘડતા રહ્યા. અને મુનીઅમ્મા મિશ્ર લાગણીઓ સાથે તે સાંભળતી રહી. બધું બહુ ઉત્તેજનાપૂર્ણ લાગતું હતું. પણ મુનીને ઊંડે ઊંડે એવી શંકા થતી હતી કે બધું ધાર્યા પ્રમાણે નહિ થાય. કંઈક એવું બનશે જેનાથી બધું બગડી જશે.

ગામ છોડીને ટ્રક હવે શેરડીના ખેતરોની વચ્ચે થઇને જતા રસ્તા પર આગળ વધી રહી હતી. મુનીઅમ્માએ રસ્તાની એક બાજુથી બીજી બાજુ જોયું. આ ઊંચી ઊંચી શેરડીઓની વચ્ચે કોઇપણ છૂપાઇને બેઠું હોય, તેના પિતા, રાજ કે પછી મિસિસ રેડ્ડી.

મુનીઅમ્મા ધ્રૂજી ગઇ.

"ચિંતા છોડી દે" કાકાએ કહ્યું. તું ખૂબ ચિંતામાં અને અસ્વસ્થ જણાય છે. બધું સમુંસુતરું પાર ઉતરશે. તું તારા પિતાની કે તેના ભાગીદારની ચિંતા કર્યા ન કર. તેમની સાથે કઇ રીતે કામ કરવું તેના સઘળા રસ્તા ઈશ્વર પાસે છે, તું જો જે." મુનીઅમ્મા અધ્ધર શ્વાસે તેની ભીડાયેલી મુઠ્ઠીઓ તરફ જોઇ રહી.

"તારા કાકા ખરું કહે છે," દાદીમાએ પણ કહ્યું, "આપણે થોડીવારમાં જ ઘેર પહોંચી જઇશું. અને આજ રાતની ઊંઘ લીધા પછી તને ઘણું સારું લાગશે. અને પેલી ઘરડી બોખી વિશે સીતાકાકીએ જે કહ્યું તે યાદ જ ન કરીશ. ક્રિશ તો તેને ઓળખતો પણ નથી. મિસિસ રેડ્ડીને તારી સાથે કંઇ લાગતું વળગતું નથી. અને તે તેમની દુષ્ટ શેતાની વિદ્યાનો ઉપયોગ તારા પર નહિ કરે."

મુનીઅમ્મા ફરીથી ધ્રૂજી ગઇ. તેણે પહેરેલું જાડું સ્વેટર તેણે તેના પાતળા ખભા પરથી ખેંચ્યું.

દાદીમાએ ટ્રકની તૂટેલી બારીમાંથી બહાર જોયું અને બોલવાનું ચાલુ રાખ્યું. તે ખાસ કોઇને સંબોધીને નહોતા બોલતાં, પરંતુ જાણે વિચારોમાં બબડતાં હતા. "આજનો દિવસ તો ખૂબ લાંબો લાગ્યો. આજે સવારે જ આ રસ્તે થઇને આપણે ચાલતા નીકળ્યા હતા. અને ત્યાર પછી

કેટલું બધું બની ગયું."

કોઈ એક શબ્દ બોલ્યું નહિ. શબ્દોની જરૂર જ નહોતી. શું બન્યું હતું. તે તેઓ જાણતા હતા. તેઓ બધા તેના સાક્ષી હતા. મુનીઅમ્માને, પોતે બાપ્તિસ્મા પામ્યા વગર નાસી ગઈ હતી તે યાદ આવ્યું અને તે પાછી મૂંઝવણ અનુભવવા લાગી. અને પછી તો કબરસ્તાનમાં તેના પિતા અને પેલા ભયંકર રાજનો સામનો તેણે કેવી રીતે કર્યો હતો તેની એક એક ભયાનક અને દર્દનાક ક્ષણો તેને યાદ આવી. બેચેનીથી તેનો હાથ ડાબી આંખ ઉપર બાંધેલા પાટાને સ્પર્શ્યો.

બાકીના રસ્તા પર શાંતિ પ્રવર્તી રહી. કાકાએ ટ્રક ધીમી પાડીને ઊભી રાખી. ઝૂંપડીની જેટલી નજીક ટ્રક લેવાય તેટલી નજીક તેઓ લઈ આવ્યા. સ્પાર્કી ટ્રકમાંથી નીચે કૂદી પડ્યો અને કેળાના ઝૂંડમાં જ્યાં તેનો વાટકો રાખ્યો હતો તે તરફ દોડી ગયો.

"સંભાળજો." કાકાએ ટ્રકના એન્જિનના અવાજ કરતાં પણ મોટેથી બૂમ પાડી. પછી, દાદીમાનું હિંદુમંદિર જ્યાં રાખવામાં આવતું હતું, તે જગ્યાએ કાકાએ બળેલા લાકડાનો ઢગલો જોયો તેઓ હસ્યા. "તો તમે તમારું મંદિર બાળી જ નાખ્યું, કેમ?"

દાદીમા હકારમાં ડોકુ હલાવી હસ્યાં. કાકાની ટ્રકને મુનીઅમ્મા જતાં જોઈ રહી. ટેકરી પરથી નીચે ઉતરતી ટ્રકની હેડલાઈટનું અજવાળું શેરડીના ખેતરો પર પડતું હતું અને મુનીને ફરી ધ્રૂજારી આવી ગઈ. તે ઝડપથી ફરી અને ઘરમાં દોડી ગઈ. દાદીમાએ ફાનસ સળગાવ્યું. અને મુનીએ પાતળા પડદા પાડી દીધા. સિમેન્ટનું પ્લાસ્ટર કરેલી દીવાલો પર અને પતરાના છાપરા પર તેમના પડછાયા હાલવા લાગ્યા.

મુનીને બહાર ટોઈલેટમાં જવું હતું. પરંતુ તે એકલી જવા માગતી ન હતી. બંને એક જ પથારીમાં પડી. ફાનસ હોલવી નાખ્યું. દાદીમાના નસકોરાં તરત જ બોલવા લાગ્યા. દાદીમાથી દૂર બીજી બાજુએ મુનીઅમ્મા ફરી ગઈ. અને તેમના એક ઓરડાના ઘરને નિહાળવા લાગી. ચંદ્ર બહુ પ્રકાશિત ન હતો. અને બધેય જાણે કાળા કાળા પડછાયા જ પડતા હતા. પાતળો ધાબળો તેણે માથા પર ઓઢી લીધો. અને સાંકડા પલંગ પર અંદરની બાજુ ખસી.

**આજે રાત્રે મને ઊંઘ નહિ જ આવે.** તેને લાગ્યું પરંતુ તેમ ન થયું, બીજી જ પળે, થાકને કારણે ભરઊંઘમાં તે સરી પડી. આવતી કાલ અને ત્યાર પછીનો દિવસ અને ત્યાર પછીનું અઠવાડિયું તો આવશે ત્યારે આવશે અને સાથે તેમના પ્રશ્નો પણ લાવશે. આજ રાત્રે તો મુનીઅમ્માને ઊંઘ આવી જ ગઈ.

# પ્રકરણ – ૯

ટેકરીઓ પર, તેમની ઝૂંપડીમાં મુનીઅમ્મા દરરોજ તેનાં બાઇબલમાંથી દાદીમાને વાંચી સંભળાવતી. વહેલી સવારના આ સમયનું તેમને મન બહુ મહત્ત્વ રહેતું. બેમાંથી કોઇએ પણ આવી ઉત્પત્તિની વાત કદી સાંભળી નહોતી. અને સાથે હવાને કઈ રીતે પાપમાં પાડી તે વાત તો તે વારંવાર વાંચ્યાં કરતી.

"દાદીમા, પહેલી સ્ત્રીને છેતરનાર એક સર્પ હતો, તે વિચિત્ર નથી લાગતું? સીતાકાકી ખ્રિસ્તી બન્યા પહેલાં હિંદુ સર્પ દેવીની પૂજા કરતા હતા તે યાદ છે?"

"મને યાદ છે, દીકરા. આગળ વાંચ."

તેમની વચ્ચે થતી વાતચીત, બાઇબલ વાંચનમાં સતત ખલેલ પહોંચાડતી, પરંતુ દાદીમા કે પૌત્રી, બેમાંથી એકેયને તેમાં કશો વાંધો ન હતો. કારણ કે બંને વચ્ચે હવે અતૂટ મૈત્રી બંધાઇ હતી. તેઓ રડતી, તેઓ હસતી, તેઓ પ્રાર્થના કરતી, તેઓ સમજતી, જાણે કે કોઇએ પ્રેમથી તેમના ઘર અને બગીચાની આસપાસ રક્ષણાત્મક વાડ બાંધી દીધી હતી. આખું અઠવાડિયું ખૂબ આનંદ અને શાંતિમાં વીત્યું. જાણે કે તોફાની દરિયામાં ભયાનક રાત્રિ વીતાવ્યા બાદ કોઇ શાંત અને સુંદર બંદરે વહાણ લાંગર્યું હોય!

મુનીઅમ્માનો અજંપો ધીરેધીરે ઓછો થતો ગયો. મેડમ વેન નાયકર્કના બગીચામાં કલાકો સુધી કરેલા કામે પણ ઔષધનું કામ કર્યું, સાચું પૂછો તો, મુની તેના પિતા, રાજ અને મિસિસ રેડ્ડીને વચ્ચે વચ્ચે તો લગભગ ભૂલી જ ગઇ હતી. પરંતુ તે તેમને સાવ ભૂલી નહોતી ગઇ.

અઠવાડિયાના અંતે, જ્યારે સીતાકાકી અને કાકા તેમની મુલાકાતે આવ્યા, ત્યારે મુનીમાં તેમને ચોખ્ખો ફેરફાર જણાયો જે જોઇને તેમને આશ્ચર્ય થયું. અને બંને વચ્ચે જે એક પ્રકારની શાંત સમજણ પ્રસ્થાપિત થઇ હતી. તેના તેમણે વખાણ પણ કર્યા.

પછીના રવિવારે પરોઢિયે દાદીમા અને મુનીઅમ્મા આઈઝીપીન્ગોના દેવળમાં ગયા અને ત્યાર પછી ખાંડના કારખાનામાં પથ્થરની કોટડીઓની મુલાકાતે જવા તૈયાર થયા. સ્પાર્કીને સાથે ના લેવો તેમ નક્કી થયું. આથી મુનીઅમ્માએ કમને તેને, તેમના ઘર પાસેના કેળના જાડા થડ સાથે બાંધી દીધો. તેનું દોરડું એટલું લાંબું રાખ્યું હતું કે જેથી તે છાંયાંમાં આગળ-પાછળ દૂર સુધી ફરી શકે. મુનીએ તેના વાટકામાં ખાવાનું અને પાણી મૂક્યા. અને પછી 'આવજો' કહેવા નીચી નમી.

"રાત્રે મળીશું, સ્પાર્કી. મોડું થશે. પણ તું વ્યવસ્થિત રહેજે, સાંભળે છે?" મુનીએ તેને પ્રેમથી મોટા કાનની પાછળના ભાગે પંપાળ્યો. સ્પાર્કીએ મુનીનો ચહેરો ચાટ્યો. અને મુનીને હસવું આવ્યું. "ઓહ, તું કેટલો વહાલો છે! તું અમારી સાથે આવી શકે તો કેવું સારું! પણ દાદીમા કહે છે, ત્યાં પથ્થરની કોટડીઓમાં તને સાથે લઇને નહિ જવાય, અહીં છાંયડામાં જ સારો છે. જતાં પહેલાં મુની ફરી તેને ભેટી પડી. "સારું ત્યારે, ઘર અને બગીચાનું ધ્યાન રાખજે, બરાબર!"

મુનીઅમ્મા અને પૂનમાહ દાદીમાએ ગામ તરફનો બે કલાકનો લાંબો રસ્તો પકડ્યો. સ્પાર્કી ભસવા લાગ્યો. કેટલેય દૂર સુધી તેઓ સ્પાર્કીના ભસવાનો અવાજ સાંભળી શકતા હતા. મુનીને દુઃખ થયું. કારણ કે તેના કૂતરાને બંધાઇ રહેવાનું ગમતું નહોતું, એ તે જાણતી હતી.

આગલા દિવસે પૂનમાહ દાદીએ તેમની એક મરઘી મારીને પીંછા કાઢીને સાફ કરી રાખી હતી. ખાંડની મિલમાં પથ્થરની કોટડીમાં રહેતા

નવા ખ્રિસ્તીઓને તે મરઘી ભેટ આપવાના હતા. અને ઘણું કરીને તેઓ દાદીમાને ચીકન-કરી બનાવવાનું કહે, તો તેમાં તેઓ મદદ કરવાના હતા. દાદીમાએ મરઘી, તેના પગથી ઊંધી પકડી હતી. અને તેઓ ચાલતા હતા ત્યારે તેની તૂટેલી ડોક આમતેમ ઉછળતી હતી.

શેરડીની મીઠી સુગંધ આવતી હતી. મુનીએ એક શેરડીનો સાંઠો તોડ્યો અને ચૂસવા લાગી. શેરડીના ખેતરનો ઉપરનો ભાગ લીલો દેખાતો હતો. અને તેમની સામે માઈલો સુધી પથરાયેલી ટેકરીઓ, વેલવેટની લીલી સાદડી જેવી દેખાતી હતી. તેઓ વળીને આગ ફેલાતી અટકાવવા માટે બનાવેલા રસ્તા પર આગળ વધ્યા, ત્યારે રસ્તાની બંને બાજુ મુનીઅમ્માએ શેરડીના બદામી રંગના સાંઠા જોયા. તે લીલા અને રસાળ નહિ, પરંતુ ભૂખરા અને ગંદા લાગતા હતા. ખેતરના ઉંદરોનો આમતેમ દોડવાનો અવાજ પણ સંભળાતો હતો.

"વેન નાયકર્ક શેરડી ક્યારે સળગાવવાના છે?" મુનીએ પૂછયું.

"ઓહ, એક મહિના સુધી તો નહીં જ. સમારકામ ચાલતું હોવાથી મિલ પણ બંધ છે. દરેક મિલ માલિકો દર વર્ષે તેમની મિલોનું સમારકામ કરે છે. અને આ થોડા મહિના દરમ્યાન કોઈ પણ ખેડૂત તેનું શેરડીનું ખેતર સળગાવતો નથી. ઉપરાંત આ ભાગમાં શેરડી સળગાવવા માટે તૈયાર નથી."

મુનીઅમ્માને ખબર હતી કે વેન નાયકર્ક હમેશાં તેમને શેરડી તૈયાર થઈ ગયા બાદ ખાસ પ્રકારની પધ્ધતિથી સળગાવતા હતા. એટલા જ માટે તેમણે આગ ફેલાતી અટકાવવા ખાસ રસ્તા બનાવ્યા હતા. આ પધ્ધતિથી શેરડીનો ઉપરનો ભાગ અને જમીન પરનો કચરો સળગી જતો. અને રસથી ભરેલા શેરડીના સાંઠા એમના એમ જ રહેતા. આ પધ્ધતિથી શેરડી વાઢવાનું ખૂબ સહેલું બની જતું.

ગયા વર્ષે મુનીએ આ આખી પ્રક્રિયા રસપૂર્વક નિહાળી હતી. શેરડીનો પાક સળગતાં તેનો પ્રકાશ આકાશને અજવાળતો. કાળા ધુમાડાની મીઠી સુગંધ આવતી. આ કંઈક એવી બાબત હતી કે જેની મુનીઅમ્મા આતુરતાથી રાહ જોતી. આફ્રિકન લોકો બળેલા સાંઠા હાથથી કાપી નાખતા. અને એક એક ટનના બંડલ મોટા મોટી ક્રેન દ્વારા ટ્રકમાં ચઢાવતા. તે જોવાની મુનીને બહુ મઝા પડતી. હા, ખૂબ આનંદ આવે એવો સમય તેની રાહ જોઈ રહ્યો હતો.

"દાદીમા, જો આ ખેતરમાં હમણાં જ આગ લાગે તો શું થાય?" તેણે અને દાદીમાએ દસેક દિવસ પહેલાં લાકડાનું હિંદુ મંદિર બાળી નાખ્યું ત્યારે મિ. વેન નાયકર્ક કેવા ગુસ્સે થયા હતા તે તેણે યાદ કર્યું.

"જો આ ખેતરમાં અત્યારે આગ લાગે તો તેનો અર્થ એ કે મિ. અને મિસિસ નાયકર્કનું સત્યાનાશ વળી જાય. કારણ કે અત્યારે મિલો બંધ છે અને બળેલી શેરડીના સાંઠા અહીં ઊભા ઊભા સડી જાય."

મુનીઅમ્મા નાખુશ થઈ. "તેથી જ જ્યારે આપણે મંદિર સળગાવ્યું ત્યારે તેઓ આપણા પર ગુસ્સે થયા હતા."

"દાદીમાએ ડોકું હલાવ્યું, ગુસ્સે થવા માટે તેની પાસે કારણ હતું.

તેઓ આગળ ને આગળ ચાલતા જ રહ્યા. છેવટે ક્ષિતિજમાંથી તેના લાલ રંગના કિરણો હિન્દ મહાસાગરના વાદળી પાણી પર ફેલાવતો સૂર્ય ઊગ્યો. તેઓ માનથી જોઈ રહ્યા. પછી તે આઈઝીપીન્ગો ગામ પર ઊગ્યો અને છેલ્લે તેઓ ચાલી રહ્યા હતા તે રસાળ લીલી ટેકરીઓ પર તેના કિરણો પડ્યા. મુનીઅમ્માએ સૂર્યોદય જોવાનો હમેશાં ખૂબ આનંદ માણ્યો હતો. પરંતુ હવે જ્યારે સૂર્યોદયના બનાવનાર ઈશ્વરને ઓળખતી તથા તેના પર પ્રેમ રાખતી થઈ હતી ત્યારથી સૂર્યોદય તેના માટે વિશેષ અર્થપૂર્ણ હતો.

મુનીઅમ્માને થયું કે દાદીમાના મનમાં પણ આવા જ વિચારો ચાલી રહ્યા હશે કે કેમ, તે ફરી અને દાદીમા સામે જોઇને કંઇક કહેવા જ જતી હતી. પરંતુ દાદીમાના ચહેરા પરના હાવભાવે તેને જણાવી દીધું કે દાદીમા પણ આવા જ વિચારોમાં તલ્લીન હતા. તેથી મુનીઅમ્મા શાંત રહી. અને આકાશ, લાલમાંથી ગુલાબી અને ગુલાબીમાંથી વાદળી રંગનું થતું અધ્ધરશ્વાસે નિહાળી રહી. હવે તેઓ લગભગ ગામમાં આવી પહોંચ્યા હતા. સવારમાં તેમનો ચાલવાનો સમય, સૃષ્ટિના સરજનહાર ઇશ્વરની આરાધના અને સ્તુતિનો સમય બની ગયો. હવે તેઓ વિશ્રામવારને માટે તૈયાર હતાં.

ગામમાંથી પસાર થતાં, કેટલાક લોકો એકબીજાના કાનમાં વાત કરીને તેમની તરફ આંગળી ચીંધતા હોય તેવું લાગ્યું. તેનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. એને એમ થઇ આવ્યું કે ટેકરીઓમાં જ રોકાયા હોત તો ત્યાં છૂપાઇને સુરક્ષિત રહ્યા હોત. તેને ચોક્કસ લાગ્યું કે ગમે તે સમયે તેના પિતા આવી ચઢશે અને તેને ગાળો બોલીને ધમકીઓ આપશે.

કાકી-કાકા રહેતા હતા તે શેરીમાં તેઓ પહોંચ્યાં ત્યારે રોજના કરતાં સામાન્યપણે વધારે ચહલ-પહલ જણાતી હતી. જો કે આ ચહલ-પહલ કાકા-કાકીના ઘેર નહિ પણ રેનીશના ઘેર થતી હતી. તેના ઘરનો આકાર વિચિત્ર જણાતો હતો. આગળના દરવાજાને અડીને એક નાનો રૂમ વધારવામાં આવ્યો હતો. ખરેખર તો, હવે રેનીશના ઘરમાં જવું હોય તો આ નાનકડી ઓરડીમાં થઇને જ જવું પડે. રેનીશના પિતા, મિ. નાયડુ પ્રવેશદ્વાર પર ઊભા હતા. પ્રવેશદ્વાર પર જાતજાતના રંગના પ્લાસ્ટિકના હાર લટકતા હતા. મુનીઅમ્માએ જોયું કે મિ. નાયડુ પણ જુદા લાગતા હતા. તેમણે ગળામાં હાર પહેર્યો હતો. અને કપાળમાં રાખનો ચાંલ્લો કર્યો હતો. તેઓ કોઇ પુરુષ અને સ્ત્રી સાથે વાત કરી રહ્યા હતાં અને તેમને પેલી નાનકડી ઓરડીમાં આવવા કહી રહ્યા હતા.

"શું છે, દાદીમા શું ચાલી રહ્યું છે?" પૂનમાહ દાદીએ દિલગીરીથી ડોકું ધુણાવ્યું, "મિ. નાયડુએ નાનું હિંદુ મંદિર બંધાવ્યું હોય તેમ લાગે છે. અથવા કદાચ તેમણે તે ખરીદીને તેમના ઘરના આગળના ભાગ સાથે જોડી દીધું છે. પહેલા પેલી એક ઓરડી જેટલી પ્રાર્થના કરવાની જગા જમીન પર ઊભી કરવામાં આવતી. આ કેવું ખરાબ લાગે છે!"

"તે શું કરી રહ્યા છે?"

"તે કહેવું મુશ્કેલ છે. મને એવું લાગે છે કે ગયા રવિવારે અહીં જ, તેના આગળના વાડામાં અને જ્યાં મારું બાપ્તિસ્મા થયું, ત્યાં દરિયા કિનારે તેણે જે જોયું, તે જોઇને તે ડરી ગયા લાગે છે. પણ મને ખાતરી છે કે બીજા બધા મારી સાથે સંમત નહિ થાય. અને પાછા એવું કહેશે કે મિ. નાયડુ હવે વધુ સમર્પિત હિંદુ બન્યા છે. કારણ કે તેમણે તેમના હિંદુ પડોશીઓ માટે મંદિર ઊભું કરીને તેમની સેવા કરી છે.

"મને હજુ પણ ખબર નથી પડતી કે શું બની રહ્યું છે?" મુનીઅમ્માને દાદીમાને પૂછવાનું મન થઇ આવ્યું કે રેનીશ સાજો-સારો તો હશે ને, પણ પછી થયું કે તે ઠીક નહિ લાગે દાદીમા કદાચ ન સમજે.

"આવ દીકરા, ત્યાં જોવાનું બંધ કર અને જલ્દી કાકા અને કાકીના ઘરમાં ચાલ. ભજનસેવાની તૈયારી પછી ત્યાંથી આગળ જવા તેમને તૈયાર થવાનું હશે. અને આપણે તેમને કોઇક રીતે તો મદદરૂપ જરૂર થઇ શકીશું."

મદદ કરવાની મુનીઅમ્માની ઇચ્છા નહોતી. ભજનસેવાની તૈયારી માટે ફર્નીચર આઘુંપાછું કરીને જગ્યા કરવાનું અને આગળની મુસાફરી માટે ખાવાનું તૈયાર કરવાનું દાદીમા કેવી રીતે વિચારી શકે? છતાં પણ દાદીમાએ આજ્ઞા કરી હતી તે મુજબ તેણે કર્યું.

જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે તેમણે જોયું કે મંડળીના કેટલાક માણસો ત્યાં આવી ગયા હતા. અને તેમણે ભજનસેવા માટે ઓરડો તૈયાર કરી નાખ્યો હતો. મુનીઅમ્માએ રસોડામાંથી ખી...ખી...હસવાનો અવાજ સાંભળ્યો. એ મિ. મોર્ટનની જોડીયા દીકરીઓ હતી. દાદીમા પાસેથી તેણે મરેલી મરઘી લઇ લીધી.

"તમારા બદલે આ લઇને હું રસોડામાં જાઉંછું, બરાબર?"

મુની રસોડામાં દાખલ થઇ. સ્યુએ 'ગુડ મોર્નીંગ' કહીને તેને આવકારી. "અરે બાપરે! આ પીંછા વગરની મરઘી તો જો!" સ્યુથી બોલી જવાયું. અને પછી હસી.

પીંછા વગરની બેડોળ દેખાતી મરઘી મુનીઅમ્માએ તેની પીઠ પાછળ સંતાડી દીધી. અને કેટલાક વિચિત્ર શબ્દો તે ત્રુટક ત્રુટક બોલી. દિલગીરી સ્યુના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. "હું દિલગીર છું. તને મૂંઝવણમાં મૂકવાનો કે એવો કોઇ મારો ઇરાદો નહતો. હું તો જરા ગમ્મત કરતી હતી."

લાઉએ આગળ આવીને હાથ લાંબો કર્યો. "લાવ, એ મરઘી મને આપી દે. હું તે રેફ્રિજરેટરમાં મૂકી દઉં. અને બપોરના ભોજન માટે કચુંબર બનાવવામાં તું અમને મદદ કરે તો કેવું?"

મુનીએ મરઘી લાઉને આપી દીધી. અને ટેબલ પાસે જ્યાં સ્યુ ઊભી હતી તે તરફ ગઇ.

"મને લાગે છે તારા કપાળ પરનો ઘા હવે રુઝાવા માંડ્યો છે." હમણાં તેનાથી જે ભૂલ થઇ હતી તેને ઢાંકવાનો પ્રયાસ કરતાં સ્યુ બોલી. મુનીઅમ્માએ સ્મિત કર્યું.

"આજે અમે તારી સાથે ખાંડના કારખાને આવવાનાછીએ. સ્યુએ

ઉત્તેજીત થઇને કહ્યું, "ખાંડ કેવી રીતે બને છે, તે વિશે આ અઠવાડિયે અમને શાળામાં શીખવવામાં આવ્યું. તને લાગે છે, આપણે મિલની અંદર જઇને જોઇ શકીશું?"

"અં....અં...મને ખબર નથી."

"અમારા શિક્ષક અમને કહેતા હતા કે અત્યારે તો મિલમાં સમારકામ ચાલતું હોવાથી તે બંધ છે. પણ કદાચ આપણું નસીબ જોર કરતું હશે તો આપણે અંદર જઇને મશીનરીને બીજું બધું જોઇ શકીશું."

"આપણે ત્યાં ખાંડ વિશે શિક્ષણ મેળવવા જતાં નથી." લાઉએ તેની બહેનને ઠપકો આપ્યો. "આપણે ત્યાં કેટલાક નવા ખ્રિસ્તીઓની મુલાકાતે જઇએ છીએ." લાઉ મુની તરફ ફરી અને કચુંબર માટે થોડા બીટરુટ કાપવા માટે આપ્યા.

"જ્યારે અમને આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું, ત્યારે અમારું આખું કુટુંબ તે મુલાકાત માટે ખૂબ આતુર બની ગયું હતું." જાણે તેની બહેનનો ઠપકો સાંભળ્યો જ ન હોય તેમ સ્યુ વચ્ચે બોલી. "આ મુલાકાત ખરેખર ખૂબ ઉત્તમ રહેવાની છે." પછી સ્યુ તેની બહેન તરફ ફરી અને ચાળો કરતાં બોલી, "અને મિલમાં સમારકામ ચાલતું હશે. તોપણ કોઇક આપણને અંદર જવા દેશે તેવી મને આશા છે."

મુનીઅમ્માએ એક બીટરુટ લીધું અને કાપવાની શરૂઆત કરી. રસોડામાં કેટલોક સમય શાંતિ છવાઇ રહી. પછી આખરે મુનીઅમ્માએ હિંમત એકઠી કરીને પૂછ્યું, "બાજુના ઓરડામાં શું ચાલી રહ્યું છે? તમે કોઇએ રેનીશને જોયો છે?"

સ્યુ અને લાઉએ એકબીજાની સામે જોયું, "એવું છે કે, લાઉએ સ્પષ્ટ કર્યું,

આ અઠવાડિયે અમે અમારા પોતાના ઘેર ગયેલા. એટલે આ બાજુ બહુ આવ્યા નહોતા. રેનીશને અમે ત્રણ વાર જોયેલો, પરંતુ તેની સાથે વાત કરવાની અમને છૂટ નહોતી."

"છૂટ નહોતી?"

"હા, એમ જ. આપણામાંના કોઇ પણ ખ્રિસ્તી સાથે વાત કરવાની તેના માતાપિતા તેને ના પાડે છે. અને હવે તો તેને દેવળમાં પણ આવવા દેવામાં નહિ આવે. મિ. નાયડુએ એક નાનું મંદિર ખરીદીને તેમના ઘર આગળ ઊભું કર્યું છે. અમે સાંભળ્યું છે કે રેનીશની મા સમાધીમાં બેસે છે, અને લોકોનું ભવિષ્ય કહે છે અને એવું બધું કરે છે."

મુનીઅમ્માએ બીટરુટ કાપવાનું ચાલુ રાખ્યું. તેના ટુકડા આમતેમ ઊડી રહ્યા. "અને એથી વિશેષ પણ કંઇક છે." સ્યુએ ઉમેર્યું.

"વિશેષ?" મુની માની જ ન શકી. તેને ટેકરીઓમાં સ્પાર્કી પાસે જતા રહેવાની અદમ્ય ઇચ્છા થઇ આવી.

બંને જોડીયા બહેનોએ ફરીથી એકબીજા સામે જોયું, પછી લાઉએ આગળ ચલાવ્યું, "અમે સાંભળ્યું છે કે તારા પિતાજી પડોશમાં રહેવા આવી ગયા છે. અને પેલી ઘરડી મિસિસ રેડ્ડી પણ કેટલાક ખરાબ માણસો સાથે સંપર્કમાં છે."

મુનીઅમ્મા ખુરશી પર બેસી પડી અને તેના હાથોમાં તેનો ચહેરો છૂપાવી દીધો. બીટરુટના રસના ટીપાં તેના વાળમાં ચોંટી ગયા. અને ત્યાંથી તેના ફિક્કા પડી ગયેલા કપડાં પર પડ્યા. કપડાં પર જાંબુડી રંગના ડાઘા પડી ગયા.

"હજુ કંઇ બધું પતી નથી ગયું. સ્યુ બોલી પડી. સાચું કહું છું. મુનીઅમ્મા, આપણને લાગે છે એટલું આ ખરાબ નથી. કંઇક એવું બનશે. જેનાથી પરિસ્થિતિ પલટાશે અને બધું સારું થશે. પેલી ઘરડી તને પરણાવવા માટે તારા પર કોઇ જાદુ કરી નહિ શકે."

"બરાબર છે," લાઉએ ઉમેર્યું, "આ બધી બાબતો માટે અમે આખું અઠવાડિયું પ્રાર્થના કરી છે. તું સલામત જ રહીશ મને પૂરેપૂરી ખાતરી છે."

લાઉ જેવી જ લાગણી અનુભવવા માટે મુનીઅમ્મા જાણે તરસી રહી. પણ આ વિચાર તેને હેરાન કરી રહ્યો. **જ્યારે તેને ચંદનના ઝાડ નીચે વાગ્યું અને તે પડી ગઇ ત્યારે ઇશ્વર ક્યાં હતો? જો તેણે તેને નાસી જવા દીધી હોત તો પેલા દુષ્ટ રાજને કદી મળી જ ના હોત. શા માટે તેણે એમ થવા ન દીધું?** ડાબી આંખ પરના ઘા ને તે હળવેકથી ધ્રૂજતા હાથે અડકી. ઘા ભરાવાની શરૂઆત થઇ ચૂકી હતી. **શા માટે આટલી બધી મુશ્કેલીઓ? શા માટે? તે વિચારી રહી.**

# પ્રકરણ – ૭

સવારની ભક્તિસભા પૂરી થવાની તૈયારીમાં હતી. અને મુનીઅમ્માને અચાનક ભાન થયું કે તેણે એકેય શબ્દ સાંભળ્યો ન હતો. મિ. સિંઘે જે ગીતો ગવડાવ્યા તેમાં પણ તેણે ધ્યાન આપ્યું નહોતું. તેના પિતા અને મિસિસ રેડ્ડી વિશે તેણે જે સાંભળ્યું હતું, તેના વિચારોથી જ તેનું મગજ ભરાઇ ગયું હતું. **મારે અને દાદીમાએ ટેકરીઓમાં જ રહેવાની જરૂર હતી,** તેણે પોતાની જાતને વારંવાર કહ્યા કર્યું.

ઓરડામાં મુનીઅમ્મા, સ્યુ અને લાઉની વચ્ચે જમીન પર પલાંઠી વાળીને બેઠી હતી. તે તેની કોણીઓ તેના ઘૂંટણ પર અને તેની દાઢી તેના જોડેલા હાથ પર ટેકવીને સહેજ આગળ નમીને બેઠી હતી. મરચાંની ગંધ હજુ પણ તેની આંગળીઓ પર હતી કારણ કે, ભક્તિસભા શરૂ થઇ તેની થોડી વાર પહેલાં જ તેણે બે લીલા મોટા મરચાં કચુંબરમાં નાખવા માટે કાપ્યા હતા. મરચાંની ગંધના કારણે તેની આંખો બળવા લાગી. પરંતુ એ સારું થયું. કારણ કે તે ગંધ તેના વિચારોને ભટકવા દેતી નહિ અને વર્તમાનકાળમાં લઇ આવતી હતી. જ્યારે જ્યારે તેનું મન તેના પિતાજીના અથવા જે કંઇ બનવાનું છે તેની દહેશતના વિચારોમાં ખોવાઇ જતું, ત્યારે ત્યારે લીલાં મરચાની પેલી ગંધ જ તેને તે ક્યાં હતી તેનું ભાન કરાવતી હતી.

તેની આંખોની બળતરાથી થોડા અઠવાડિયાં પહેલાં તેને શીતળા નીકળ્યાં હતા ત્યારે તેની આંખોમાં કેવી બળતરા થતી હતી. અને આંખો કેવી સૂઝી ગયેલી, તે તેને યાદ દેવડાવ્યું. ખ્રિસ્તીઓના ઇશ્વરે તેની આંખો સાજી કરી હતી. તે ખાતરીપૂર્વક માનતી હતી કે ફક્ત ઇશ્વરે જ તેને આંધળી થઇ જતી બચાવી હતી. જીવતા ઇશ્વર પર આધાર રાખવા માટે તેને સત્ય

એ જ મદદ કરી હશે એ તે જાણતી હતી; પરંતુ તે તેના આ દુનિયાઇ પિતા અને તેના બદઇરાદાઓના વિચારોમાં જ તલ્લીન રહેતી હતી.

મિ. સિંઘ ભક્તિસભાની પૂર્ણાહૂતિ સ્વરૂપ છેલ્લી પ્રાર્થના કરાવતા હતા અને જે કુટુંબો દરિયા કિનારે ખાંડના કારખાનામાં પથ્થરની ઓરડીઓમાં રહેતા નવા ખ્રિસ્તીઓની મુલાકાતે જઇ રહ્યા હતા તેમની આગળ જઇને તેમના રસ્તા પાધરા કરવા ઇશ્વરપિતાને વિનંતી કરી રહ્યા હતા.

મુનીઅમ્માએ ઊંડો શ્વાસ લીધો. અને સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન કરવા લાગી. **તે લોકોને ઉત્તેજન આપવા માટે ઇશ્વરે બીજી કોઇ વ્યક્તિનો ઉપયોગ કરવો પડશે.** તેણે તેની જાત સાથે દલીલ કરી, **કારણ કે કોઇને પણ મદદરૂપ થવાને માટે હું તદ્દન અસમર્થ છું.**

ભક્તિસભા પૂરી થઇ અને તેની મિત્ર વિજ્યા તેનું અભિવાદન કરવા આગળ આવી. વિજ્યાની ચામડી પરના લાલ, પાણી નીગળતા ગુમડાં ખરેખર મટી ગયા છે કે કેમ તે જોવા મુનીએ તરત નજર દોડાવી. મુનીઅમ્માએ જે રીતે વિજ્યા સામે જોયું હતું તે વિજ્યાના ધ્યાનમાં આવી ગયું. અને તે હસી પડી. "હા, હવે હું સાજી થઇ ગઇ છું. જ્યાં સૌથી વધારે ગુમડાં થયા હતા તે મારા પગ તરફ નજર કર." મુની સારી રીતે જોઇ શકે તે માટે વિજ્યાએ એક પગ આગળ કાઢ્યો, "જ્યારે ઇશ્વર તમને સાજાપણું આપે છે, ત્યારે તે સાજાપણું સંપૂર્ણ હોય છે."

મુનીઅમ્માને મૂંઝવણ થઇ. જે આશયથી તેણે વિજ્યા સામે જોયું હતું તે બધા જાણી ગયા હતાં?

"આજે જ્યારે તમે જશો ત્યારે હું અને મારી માતા તમારા માટે પ્રાર્થના કરીશું" વિજ્યાએ તેના નમ્ર અવાજમાં વચન આપ્યું.

"તમે પેલી પથ્થરની કોટડીઓમાં બીજાને ઉત્તેજન આપવા જાઓ છો, તે ખરેખર અદ્‌ભુત છે. મને ખાતરી છે કે જેમ તમે નવા ખ્રિસ્તીઓની સંભાળ લેશો, તેમની વાત સાંભળશો તેમ તમારા ઘાયલ હૃદયો પણ સાજાપણું પામતા જશે." મુનીઅમ્મા વિજ્યા સામે તાકી રહી.

"તું શું કહેવા માગે છે?"

"હું દિલગીર છું. હું બહાદુર બનવા કે એવું કશું કરવા નહોતી માગતી. પણ આજે સવારે ભક્તિસભા દરમ્યાન હું તને બરાબર જોઇ રહી હતી. તું ખરેખર મુશ્કેલીમાં લાગતી હતી અને અ....બીજાને મદદરૂપ થવાથી આપણને પણ મદદ મળી રહે છે તે વિચાર દ્વારા હું તને ઉત્તેજન આપવા માગતી હતી."

વિજ્યા ખરેખર શું કહેવાનો પ્રયત્ન કરી હતી, તે મુની જાણતી હતી. મુનીઅમ્મા તેનો આભાર માનવા માગતી હતી. પણ કેવી રીતે આભાર માનવો, તે તે જાણતી ન હતી.

થોડીવાર શાંતિ છવાઇ પછી વિજ્યા બોલી, "તું ઉતાવળ કર. જેઓ જવાના છે તેઓ નીકળવાની તૈયારીમાં છે. આજે હું તારા માટે પ્રાર્થના કરતી રહીશ."

એકદમ ચાલ્યા જવા માટે મુનીઅમ્મા તૈયાર નહોતી. કારણ કે વિજ્યાની વાતો તેને ગમી. તેને લાગ્યું કે વિજ્યા તેને સમજી શકી છે. તે જ વખતે મિસિસ મોર્ટન આવ્યા.

"માફી ચાહું છું, છોકરીઓ. મુનીઅમ્મા, તું અને બંને જોડીયા બહેનો કાકાની ટ્રકમાં પાછળ બેસશો? ખાવાનું આપણે ટ્રકમાં પાછળ રાખીશું જેથી કશું ઢોળાય નહિ, તેનું તમે ધ્યાન રાખી શકો."

"હાજી, મેડમ." મુનીઅમ્માએ જવાબ આપ્યો. "વિજ્યા અને તેની

મા પણ આપણી સાથે ખાંડના કારખાને આવે તો કેમ?"

"ઓહ, તેમના વિશે તો આપણે વિચાર્યું જ નહોતું, ટ્રકમાં તેટલી જગ્યા હશે કે કેમ, ખબર નથી."

"કશો વાંધો નહિ" વિજ્યાએ જવાબ આપ્યો. "અને આટલા જલ્દી અમે તૈયાર થઇને નીકળી પણ ન શકીએ."

"સારું, ફરી કોઇવાર" મિશનરીએ ભલાઇથી કહ્યું, "હવે જલ્દી, મુનીઅમ્મા આપણે થોડા મોડા પડ્યા છીએ." કોઇને એવી શંકા ગઇ નહિ કે રેડ્ડી ઘરડી ડોશી બાજુની આડશમાં જ છૂપાઇ હતી. તેણે દરેક શબ્દ સાંભળ્યો હતો. પણ પથ્થરની કોટડીઓ - તેનું પોતાનું ઘર વિશે જે કંઇ વાત થઇ હતી, તેમાં તેને ખાસ રસ પડ્યો હતો. આ બધા ખ્રિસ્તીઓ શા માટે ખાંડના કારખાને જઇ રહ્યાં છે? ત્યાં જઇને તેઓ શું કરવા માગે છે? તરત જ તે સાવધ થઇ ગઇ. અને ગુસ્સે પણ ભરાઇ.

"હા, મેડમ." મુની મિશનરીને કહી રહી હતી. "ટ્રકમાં બેસીને ખાવાના તપેલાનું ધ્યાન રાખવામાં મને આનંદ થશે."

મેરી મોર્ટન ચાલ્યા ગયા પછી, મુની વિજ્યા તરફ ફરી. "તું આવી હોત તો સારું."

"ફરી કોઇ વાર" વિજ્યાએ હસીને મુનીનો હાથ થોડીવાર પકડી રાખ્યો.

"તું જા અને મઝા કર. તારી મુશ્કેલીઓ ભૂલી જજે. તમે ખ્રિસ્તી થયા છો. તે વિશે તારે અને તારા દાદીમાએ ઘણું કહેવાનું છે." વિજ્યાએ મુનીના પ્રશ્નો વિશે વાત કરી, પણ તેણે એકેય વાર મુનીના પિતા, રાજ, મિસિસ રેડ્ડી કે તેની શેતાની શક્તિઓ વિશે ઉલ્લેખ કર્યો નહોતો. ગયા રવિવારે મુનીઅમ્મા બાપ્તિસ્મા છોડીને નાસી ગઇ હતી. તે પણ તેણે

મુનીને યાદ દેવડાવ્યું નહોતું. અર્થાત, વિજ્યાએ મુની પ્રત્યે ખૂબ માનની લાગણી દર્શાવી હતી. જેથી મુની આભારવશ થઇ ગઇ. તેણે સ્મિત કર્યું.

રેડ્ડી ડોશી તેમની વાતો સાંભળી રહી હતી. અને તેના કરચલીવાળા ચહેરા પરના ભાવ જો મુનીએ જોયા હોત, તો તે હસી શકી ન હોત.

મુનીઅમ્મા ટ્રકમાં પાછળ ચઢી ગઇ અને તેણે ખોરાકના તપેલા, કચુંબરના વાટકા એવી રીતે ગોઠવી દીધા કે જેથી કશું ઢોળાય નહિ. વિજ્યાના ઉત્તેજનદાયક શબ્દોથી તેને થોડી રાહત થઇ હતી. તેણે રેનીશના ઘર તરફ જોયું. મિ. નાયડુ અને બીજી બે વ્યક્તિઓ મંદિરમાં ઊભી હતી, એટલું જ માત્ર તે જોઇ શકી. સાંકડી છાજલી પર ગોઠવેલી કેટલીક હિંદુ મૂર્તિઓની સામે દીવા સળગાવેલા પણ તે જોઇ શકી. રેનીશ ક્યાંય દેખાતો નહોતો. ક્રિશ કે તેનો જોડીદાર પણ દેખાતા નહોતા....કે ઘરડી બોખી ડોશી પણ નહિ. આટલી ગરમીમાં પણ મુનીઅમ્મા ધ્રૂજી ગઇ. પાસ્ટર મોર્ટન અને કુટુંબની વાનની પાછળ ટ્રક ચાલી નીકળી.

દરિયાકિનારાની મુસાફરી આહલાદક હતી. જોડીયા બહેનોની સાથે સાથે, તેના વાળમાં થઇને વાતો પવન પણ તેને ગમ્યો. રસ્તાની કોરે, ખુમચા ઊભા કરી આફ્રિકન સ્ત્રીઓ તેમના ઘરમાં બનાવેલી વસ્તુઓ ઠેકઠેકાણે વેચતી નજરે પડતી હતી. આ કાળી સ્ત્રીઓ જતાં-આવતાં વાહનો તરફ હાથ હલાવી તેમને થોભવા અને કંઇક ખરીદવા આગ્રહ કરતી હતી.

જો કે ટ્રકની ઝડપ ઘણી હતી, છતાં બજારુ સ્ત્રીઓએ બનાવેલા માટીના વાસણો, ઘાસની સાદડીઓ, ગૂંથેલા ધાબળા અને સેંકડો હાથે ગૂંથેલી ટોપલીઓ મુની જોઇ શકી. થોભીને તે વસ્તુઓ જોવા માગતી હતી. પરંતુ પાસ્ટર મોર્ટનની વાત તો ચાલતી જ રહી. પાછળ પાછળ કાકાની ટ્રક પણ. મુનીઅમ્માએ રંગબેરંગી ભેટ આપવા લાયક ચીજો ઘરેણાંથી ભરેલાં ખુમચાં પણ જોયાં. તેઓ ખૂબ ઝડપથી પસાર થઇ ગયાં.

તેથી ખરેખર તે શું હતું, તેની તેને ખબર પડી નહિ.

દરિયો તેમની ડાબી બાજુ હતો. અને રસ્તા પરથી ઘણોખરો સમય તે જોઇ શકાતો હતો. મુની ઊંડા શ્વાસ લઇને ચિંતામુક્ત થવા પ્રયત્ન કરી રહી હતી. અને તે ઉપાય કારગત પણ નીવડી રહ્યો હતો. એક તો આઇઝીપીન્ગોથી દૂર જતાં જ તેને રાહત થઇ ગઇ. ખજૂરીના મોટા મોટા ઝાડ અને એવા બીજા ફળોના ઝાડનું સૌંદર્ય જોઇને દેખીતી રીતે જ તે તાજગી અનુભવવા લાગી. મુનીઅમ્માએ તેની સમસ્યાઓ ભૂલી જઇને આસપાસની સુંદર સૃષ્ટિ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સભાનપણે પ્રયાસ કર્યો.

આખરે હિંદ મહાસાગરને સમાંતર ચાલતો રસ્તો જમીન તરફ અંદરની બાજુએ વળ્યો. ટૂંક સમયમાં જ તેઓ ખાંડના કારખાનાની આજુબાજુ વસેલા ગામમાં આવી પહોંચ્યા.

ગામમાં પેસતાંની સાથે જ મુનીઅમ્માએ ધૂળીયા રસ્તાની એકબાજુ એક હિંદુ મંદિર અને રસ્તાની બીજી બાજુએ એક નાનું દેવળ જોયું. વરસના આ સમયે જરા વધુ પડતી ગરમી હતી. અને તેમના માથા પર ધૂળ ઉડ્યા કરતી હતી.

પાસ્ટર મોર્ટને તેમની વાન ઊભી રાખી. શેરીમાં કેટલાક ભારતીય છોકરાઓ ક્રિકેટ રમી રહ્યા હતા. વાનની બારીમાંથી તેમણે બૂમ પાડી, “અરે, પાસ્ટર મુનસામી ક્યાં રહે છે તે કોઇ મને કહેશે? આ દેવળના તે પાદરી છે.” દરવાજા પર વાદળી રંગથી “ઇસુ તારે છે” લખેલા નાના સફેદ મકાન તરફ બતાવતાં મિશનરીએ કહ્યું. દેવળની બારીઓ ખુલ્લી હતી. અને તેમાંથી મુની અંદર જોઇ શકતી હતી. પાટલીઓ પર કેટલાક ભજનસંગ્રહ વેરવિખેર પડ્યા હતા. આગળના ભાગમાં કેસરી રંગના ફૂલોથી ભરેલી ફૂલદાની મૂકવામાં આવી હતી.

છોકરાઓએ બહુ વિવેકથી પાસ્ટર મુનીસામીના ઘરનો રસ્તો બતાવ્યો. તેમણે મદદકર્તા છોકરાઓનો આભાર માન્યો. અને ગામની સાંકડી ગલીઓમાં વાન હંકારી પથ્થરની કોટડીઓ એક સરખી રીતે લાઇનમાં ગોઠવાયેલી હતી. અને જે ગલીમાં તેઓ આવતા, તે તેની આગળ જોયેલી ગલી જેવી જ લાગતી. આખરે, ગાડીના ટાયરથી પડી ગયેલા રસ્તા પર આંચકા ખાતા ખાતા તેઓ એક કોટડીની પાછળ થોભ્યાં. મુનીઅમ્માએ એક કચરાના ઢગલા પર કૂતરાંઓને ઉપર નીચે દોડી રહેલા જોયાં. કૂતરાંઓ આ ઘૂસી આવેલા લોકો તરફ દાંતિયા કરીને ઘૂરક્યા. અને વળી પાછા ખોરાકની શોધમાં કચરાના ઢગલા પર ચઢી ગયા. સારું થયું, સ્પાર્કીને ઘેર રાખ્યો હતો!

મુલાકાતીઓ વાનમાંથી બહાર આવ્યા. અને ખોરાકના તપેલા ઊંચકીને ચાલવા લાગ્યા. આ પથ્થરની કોટડીઓ વિચિત્ર એટલા માટે હતી કે ચાર ઘર જોડાયેલા હતા. અને એકબાજુથી આ ઘરોમાં જવાનું પ્રવેશદ્વાર હતું. પછી આ પ્રવેશદ્વારની સામે, સિમેન્ટના સાંકડા રસ્તાની પેલી બાજુ બે રસોડા હતા. એનો અર્થ એ કે બે ઘર વચ્ચે એક રસોડું હતું. પણ દરેક કુટુંબ માટે પોતાનો એક બેસવાનો ઓરડો અને બે સૂવાના ઓરડા હતા.

નવા આગંતુકો કોટડીઓની હાર આગળથી પસાર થયા ત્યારે લોકો બારણાની બહાર ડોકીયું કરીને તેમને જોવા લાગ્યા. બહારના નાના ખુલ્લા રસોડામાંથી સ્ત્રીઓ પણ રાંધવાનું પડતું મૂકી મુલાકાતીઓને જોવા લાગી. પાસેના ઝાડ પર બે વાંદરા દોડીને ચઢી ગયા. તે જોઇને નાનકડી શેલી ગભરાઇ ગઇ. તેની ચીસોથી વળી લોકોનું વિશેષ ધ્યાન ખેંચાયું.

પૂનમાહ દાદી અને મુની, અને કદાચ સીતાકાકી અને કાકા તરફ પણ લોકોનું આટલું ધ્યાન ન ખેંચાયું હોત, પરંતુ મોર્ટન કુટુંબ જુદું જ તરી આવતું હતું. એક ગોરા કુટુંબને અહીં જોઇને કેટલીક ભારતીય સ્ત્રીઓએ મોં મચકોડ્યું, પણ બીજા કેટલાકે હસીને વિવેકપૂર્ણ રીતે તેમનું અભિવાદન કર્યું.

જ્યારે તેઓ પાસ્ટર મુનસામીના ઘરની નજીક પહોંચ્યા, ત્યારે ઊલટી થાય તેવી દુર્ગંધથી મુનીનું મોં બગડી ગયું. પછી તેમને ખબર પડી ગઇ કે પાળકનું ઘર જાહેર શૌચાલયની નજીકમાં હતું. મેરી મોર્ટનને દુર્ગંધને લીધે એવો વિચાર આવ્યો કે તે શેલીને ના લાવી હોત તો સારું. સ્યુ અને લાઉ પણ એકબીજાના કાનમાં ફરિયાદો કરવા લાગી. તેમની મોટી બહેન કેથીએ તેમને શાંત રહેવા જણાવ્યું. અને એક મોટી બહેનની માફક, નાની જોડીયા બહેનોને દુર્ગંધ ભૂલી જવા અને આસપાસના લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું. આમછતાં મુનીએ જોયું કે કેથીએ છાનામાના કોઇને ખબર ન પડે એમ તેના કેનવાસના સેન્ડલ પહેરી લીધા. મુનીએ જે રીતે નાક મચકોડયું હતું તેમ જ તેણે કેથીને પણ નાક મચકોડતા જોઇ. મુનીએ તેના નવા બૂટ તરફ નજર કરી. અને પાસ્ટર મુનસામીના ઘેર પહોંચતા પહેલાં તેણે બે વાર બૂટ પરની ધૂળ ખંખેરી.

જલ્દીથી સરઘસ આવી પહોંચ્યું. અને પ્રથમ ચીજ જે તેમણે જોઇ તે તો તેમના એલ્યુમીનિયમના પ્રવેશદ્વાર પર લટકતો લાકડાનો વધસ્તંભ હતો. તે અજોડ અને કોઇ તેને ભૂલી ન જાય તેવો હતો. ખાસ કરીને બીજા ઘણાખરા હિંદુ ઘરોમાં બારણા પર પ્લાસ્ટિકના હારતોરા કે લીંબુના પાંદડાનો હાર લટકાવવામાં આવે છે, તેવું નહિ.

કાકાએ દરવાજો ખખડાવ્યાં અને સહેજ પાછળ હટીને ઊભા રહ્યાં. તરત જ પાસ્ટર મુનસામી બહાર આવ્યાં તેમના ચહેરા પર ચોખ્ખું આશ્ચર્ય

દેખાયું, "ઓહ, ઈશ્વરની સ્તુતિ થાઓ! પ્રાર્થનાનો કેવો જવાબ! આવો, મારા સાદગીભર્યા ઘરમાં આવીને બેસો. ખૂબ આનંદ થયો." પાસ્ટર મુનસામી ઠીંગણા અને જાડા હતા. અને તેમણે સવારની ભક્તિસભામાં પહેરેલો તે જ સુટ પહેરી રાખ્યો હતો.

બધા મુલાકાતીઓ મુનસામીના ઘરમાં એકઠા થયા. ઘરમાં બધા માટે પૂરતી ખુરશીઓ ન હતી. આથી મુની, કેન અને જોડીયા બહેનો સાથે રૂમમાં જવાના સાંકડા રસ્તામાં ઊભી રહી. પાસ્ટર મુનસામી જલ્દીથી બહાર ગયા અને બૂમ પાડી. "ઈન્દ્રા, અહીં આવજે. આપણે ત્યાં મુલાકાતીઓ આવ્યાં છે."

તેઓ ઓરડામાં પાછા આવ્યા અને બોલ્યા, "મારી પત્ની પેલી બાજુ રસોડામાં છે. તે હમણાં આવે એટલે તમારા માટે ઠંડું પીણું તૈયાર કરવા કહું."

પછી પ્રશ્નાર્થ નજરે આ ભારતીય પાળકે પૂનમાહ સામે અને પછી મુની સામે જોયું. "ઈસ્ટર પર કાકા અને સીતાકાકીના ઘેર હું મળ્યો હતો એ જ તમે ને?"

"હા," દાદીમાએ સંમત થતાં કહ્યું અને પછી હસ્યા, "દેવળમાંથી બહાર ચાલી જનાર અને સાથે મારી પૌત્રીને લઈ જનાર હું જ હતી."

પાળકે આશ્ચર્યથી કાકા સામે જોયું. "એ તો ઠીક છે. પણ ત્યાર પછી ઈશ્વરે તેમના જીવનમાં અદ્‌ભુત કાર્ય કર્યું છે. સાચું કહું તો, ગયા રવિવારે પૂનમાહે બાપ્તિસ્મા લીધું છે."

મુનીઅમ્મા જમીન પરની ફાટેલી શેત્રંજી સામે તાકી રહી. તેણે ઈચ્છયું કે પોતે બાપ્તિસ્મા પામવાને બદલે નાસી જઈને કબરોમાં છૂપાઈ હતી. તેનો ઉલ્લેખ કાકા ન કરે તો સારું.

કાકાએ આગળ ચલાવ્યું, "પૂનમાહ અને મુનીઅમ્માના બદલાણ વિશે અત્યારે અમે તમને કહેવા આવ્યા છીએ. આ વાત અહીંના બીજા નવા ખ્રિસ્તીઓ સાથે પણ વહેંચવા અને તેમની સાથે પ્રાર્થના કરવા માગીએ છીએ."

"પ્રભુની સ્તુતિ થાઓ." ભારતીય પાળક અને તેમની પત્ની ઈન્દ્રા, બંને સાથે જ બોલ્યા. ઈન્દ્રા હજુ હમણાં જ તેના ચાર વર્ષના દીકરા સાથે ઓરડામાં પ્રવેશી હતી. તેનો દીકરો તેની બાજુમાં વળગીને સાડીમાં તેનું મોં છૂપાવી રહ્યો હતો.

"પધારો અને મહેરબાની કરીને આરામથી બેસો." આ સુંદર ભારતીય નારી બોલી. "હું કંઈક પીણું બનાવું. પછી આપણે બેસીએ અને શાક તૈયાર થઇ જાય ત્યાં સુધી બીજા એક પીણાંનો આસ્વાદ માણીશું." સીતાકાકી ઊઠ્યા. "આવો આપણે મદદ કરીએ. તમે જોઇ શકો છો કે અમે પણ ખૂબ બધું ખાવાનું અમારી સાથે લાવ્યા છીએ." તેમણે કેથી, કેન, મુનીઅમ્મા અને જોડીયા બહેનોએ ઊંચકી રાખેલા તપેલા તરફ અને પછી દાદીમાએ પકડી રાખેલી મરઘી તરફ ઈશારો કર્યો.

"ઓહ...તમારે તે નહોતું લાવવું જોઇતું." ઈન્દ્રાએ વિરોધ કર્યો. આમ છતાં તેને ખૂબ જ આનંદ થયો હતો તે ચોખ્ખું દેખાતું હતું.

પાસ્ટર મુનસામી હસ્યા. "તમે બહેનો જઇને બાકીનું ભોજન તૈયાર કરી નાખો. અને કાકા, મિ. મોર્ટન અને હું જઇને બે નવા ખ્રિસ્તી કુટુંબોને આપણી સાથે સંગતમાં બોલાવી લાવીએ."

બધી જ મોટી વ્યક્તિઓ તપેલા ઊંચકીને રસોડામાં લઇ ગઇ. અને કેથી પણ સ્ત્રીઓ સાથે કામ કરવાને બહાર ગઇ. ગેસની ટાંકીઓ એકબાજુ હતી. અને પાઇપ દ્વારા આ ટાંકીઓમાંથી ગેસ ચૂલામાં આવતો હતો. ખોરાક ગરમ થવા લાગ્યો. અને શાકની સુગંધથી વાતાવરણ ભરાઇ ગયું. મુનીઅમ્માના પેટમાં બિલાડા બોલવા માંડ્યા.

સ્યુ હસી, "મનેય ભૂખ લાગી છે. પણ અહીં હવે તો જગ્યાય નથી.

આપણે બધાય ક્યાં બેસીને જમીશું? બહુ ભીડ થઇ ગઇ છે.''

"મને ખબર નથી." કેન બોલ્યો, "પણ હું તો પુરુષો સાથે જવાનો. મારે હજુ આ કોટડીઓ જોવાની છે. અને પેલા ક્રિકેટના ખેલાડીઓને પણ મારે મળવાનું છે."

છોકરીઓ કેન સાથે ચાલતી દરવાજા સુધી ગઇ. અને જેવી તેઓ બહાર નીકળી કે મિસિસ મોર્ટન તેમને મળ્યા.

"શેલીને જરા સંભાળશો? તે મને છોડતી જ નથી. અને મને થાક લાગે છે. પણ અહીં ગેસના ચૂલા પાસે તેને રાખવાની મારી ઇચ્છા નથી. અને તમે છોકરીઓ ઇન્દ્રાના દીકરાને પણ સાચવો તો કેવું?"

"જરૂર, મમ્મી" લાઉએ જવાબ આપ્યો "કેટલું સરસ. અહીં આવીને મને ખૂબ આનંદ થાય છે. આ જગ્યા કેટલી મોહક છે?"

"હા, લાઉ. અને આપણે અહીં આવ્યા તે માટે હું ય ઇશ્વરનો આભાર માનું છું. હવે, છોકરીઓ, આ નાના બાળકોને સાચવો અને બહુ દૂર જતાં નહિ. અને પેલા સંડાસ પાસે શેલીને લઇ જતા નહિ. કંઇ રોગ થઇ જાય તો કોને ખબર."

મેરી મોર્ટન થોભ્યા અને ત્રણેય કિશોરીઓના ચહેરા પરના આશ્ચર્યના ભાવ જોઇને સ્મિત કર્યું. "અને શેલીને જવું હોય તો લઇ જજો. પણ સંભાળીને, બરાબર?"

"હા, મેડમ. મુનીઅમ્માએ કહ્યું, આવી અગત્યની જવાબદારી સોંપાવાથી તેને ગર્વ થયો.

તેની માતાનો અણગમો અને ચિંતાગ્રસ્ત જોઇને સ્યુ ખી..ખી.. કરીને હસી. "અમે સાચવીશું મા. અને ખાંડના કારખાને જઇ ખાંડ બનતી જોવાનું શક્ય બનશે ખરું?"

"કદાચ જોઇશું."

આજનો દિવસ ખૂબ મઝાનો હતો.

# પ્રકરણ – ૮

આજનો દિવસ, મઝાના દિવસ કરતાં પણ ક્રિશને માટે કંઇક વિશેષ હતો. તે હજુપણ આઇઝીપીન્ગોમાં રેનીશના ઘેર સૂવાના ઓરડામાં આરામ કરી રહ્યો હતો.

"છેવટે નસીબે મને સાથ આપ્યો ખરો" બીઅર (પીણું) લઇને બારીની બહાર જોતાં તે બોલ્યો. ભક્તિસભા પછી ખ્રિસ્તીઓ કાકા અને સીતાકાકીના ઘરમાંથી બહાર આવી રહ્યા હતા. તેમના ચહેરા પરનો આનંદ જોઇને તેના પાતળા કાળા ચહેરા પર જાણે શાહી રેડાઇ. તેણે ગોરી જોડીયા બહેનો સાથે પોતાની દીકરીને પણ ટ્રકમાં ચઢતાં જોઇ. ખોરાકના તપેલા પણ તેમની બાજુમાં ગોઠવવામાં આવ્યા. અને આ જોઇને ક્રિશ ગુસ્સાથી ઊકળી ઊઠ્યો.

"આ લોકો શું સમજે છે એમના મનમાં?" તેણે ધીમેથી પૂછ્યું. તે ખાસ કોઇની સાથે વાત કરી રહ્યો નહોતો. કેમ કે તે એકલો હતો. "લાગે છે કે તેઓ કોઇ કંટાળાજનક પિકનીક પર જઇ રહ્યા છે!"

જ્યારે તેણે તેની વૃધ્ધ માતાને મરઘી લઇને આવતાં જોઇ, ત્યારે તે ક્રોધથી ધ્રૂજવા લાગ્યો. ડબલામાંથી બીયર છલકાયો અને પડદા પર પડ્યો. તે ઝડપથી તેનું પીણું ગટગટાવી ગયો. અને ડબલું કચડી નાખ્યું. "હવે બહું થયું! હવે કંઇક કરવાની ઘડી આવી પહોંચી છે. કંઇક બનશે તેવી રાહમાં બેઠા બેઠા હું થાકી ગયો છું. હવે કશું એની મેળે નહિ બને; હું તે કરીશ."

નાયડુના ઘેર વીતાવેલું અઠવાડિયું તે યાદ કરવા લાગ્યો. મુનીઅમ્માને ગમે કે ન ગમે, તોપણ તેની સાથે લગ્ન કરી લેવા તેણે રાજને અનેકવાર સમજાવવાની કોશિષ કરી હતી. પરંતુ રાજ તો તેની ગૌરવભરી વાતમાં

અડગ જ રહ્યો. મુનીઅમ્મા ઇચ્છે, તો જ તે તેની સાથે પરણવા માગતો હતો. ક્રિશે બીઅરના ડબલાને લાત મારી. હવે જલ્દીથી કંઇક કરવું પડશે. તેને રાજના પૈસાની ખૂબ જરૂર હતી.

તે પળભર થોભ્યો. અને મિ. અને મિસિસ નાયડુ તેમના પ્રશ્નો કેવી રીતે હલ કરેછે, તે વિશે વિચારવા લાગ્યો. મિ. નાયડુના શબ્દો સાચા પડ્યા હતા. અને આત્માના અવાજને અનુસરીને તેઓએ તેમનો હિંદુ ધર્મ પાછો સ્વીકાર્યો હતો. ઘણા બધા દેવદેવીઓ આગળ થતી એકની એક પ્રાર્થનાથી ક્રિશને કંટાળો આવતો. તે હિંદુ રીતિમાં માંનતો નહોતો. અને મિ. નાયડુ ના ઘર આગળ ઊભા કરવામાં આવેલા મંદિરમાં જતાં-આવતાં લોકોના ટોળાં જોઇને તેને થાક લાગતો. "કેવા મૂર્ખ લોકો!" તે તિરસ્કારથી બોલ્યો.

જો કે ક્રિશના માનવા પ્રમાણે આ અઠવાડિયા દરમ્યાન એક બાબત સારી બની હતી. મંદિરના કારણે મિસિસ રેડ્ડી ત્યાં આવી હતી. તે ઘણીવાર આવી હતી. પણ ક્રિશને તેની સાથે વાત કરવાનો મોકો મળ્યો નહોતો. સીતાકાકીએ કહ્યું હતું તેવી ખાસ વિદ્યા તેની પાસે છે, તે વિશે પણ તેને ખાતરી નહોતી. કેટલીક રીતે તો તેને તે મૂર્ખ ઘરડી સ્ત્રી જેવી લાગતી હતી. પણ છતાંય.....

ક્રિશે જ્યારે ફરી બારીની બહાર જોયું ત્યારે કાકાની ટ્રક જતી તેની નજરે પડી. વધુ સારી રીતે જોવા માટે ક્રિશે પડદો ખસેડ્યો કે તરત જ એક ઝાડ પાછળ છૂપાયેલી વૃધ્ધ રેડ્ડી તેની નજરે પડી. સોટા જેવી પીઠ સાથે તે ખૂબ શાંત ઊભી હતી. તેનો દેખાવ કડક લાગતો હતો. "મને થાય છે, આ ઘરડી ડોશી શું કરતી હશે?" તે હસ્યો.

તે પડદો ખસેડી નાખવાની તૈયારીમાં જ હતો, એટલામાં ડોશી ફરી. ક્રિશ એક શ્વાસ લેવાનું ચૂકી ગયો. તેણે જે જોયું તે તે માની શક્યો નહિ. આઘાતથી જાણે તેના શરીરના અવયવો અચાનક નબળા પડી

ગયા. ઘરડી ડાકણના ચહેરા પર માનવામાં ન આવે તેવા વિચિત્ર હાવભાવ તરફ જાણે તે તાકી જ રહ્યો. ડોશીના પાતળા હોઠ તેના કાળા અવાળાની ઉપર ખેંચાઇ ગયા હતા. અને બોખું બગડેલું મોઢું જોઇને ક્રિશની કમરમાં ઠંડીની લહેરખીઓ ઝડપથી ફરી વળી. રેડ્ડી ડોશીની આંખો પીળી પડી ગઇ હતી અને તેની આંખની કીકીઓ વીંધી નાખે તેવી લાલચોળ ઢાંકણી જેવી થઇ ગઇ હતી.

ક્રિશ બારી પાસેથી એકદમ ફરી ગયો અને દીવાલે બેસી પડ્યો. મોટે ભાગે તે અસ્વસ્થ બનતો નહિ. પરંતુ આ વખતે એક વાર તો તે છેક અંદર સુધી હાલી ગયો હતો. બારીમાંથી બહાર જોતાં, ડોશી તેને જોઇ ના ગઇ હોય એવું તેણે મનોમન ઇચ્છયું.

"કદાચ સીતાની વાત સાચી છે," અવાજ જાણે ધીમેથી તેના ગળામાંથી નીકળતો હતો. લાગે છે કે ઘરડી રેડ્ડી પાસે દૈવી કે શેતાની વિદ્યા છે જ."

ક્રિશનો ઝડપથી ચાલતો શ્વાસ ધીરે ધીરે સામાન્ય બન્યો. પ્રશ્નોથી તેનું મગજ ભરાઇ ગયું. ડોશી આટલી બેચેન કેમ જણાય છે? તે શાથી ગુસ્સે ભરાઇ હશે? કોના પર? આખરે દાંત ભીડીને તે બોલ્યો,

"હજુ ગાંડપણ તેના પર સવાર છે ત્યારે આજે જ મારે તેની સાથે વાત કરવી પડશે. અમારે સાથે કામ કરવું પડશે. મુનીઅમ્મા રાજ સાથે ખુશીથી પરણે માટે તેના પર કંઇક મંત્રતંત્ર કરવા મારે તેની જરૂર છે." ક્રિશ સાવચેતીથી ફરી બારી પાસે ગયો અને બહાર ડોકીયું કર્યું. ડોશી ક્યાંય દેખાતી નહોતી.

તે જ વખતે દરવાજા પર ટકોરા પડ્યા "ચાલ્યો જા" તેણે બૂમ પાડી. તેને ખાતરી હતી કે તે રેનીશ જ હશે. અને ક્રિશને રેનીશ ગમતો નહોતો. આજે સવારે જો તે ફરી રેનીશને જોશે તો ચોક્કસ તેને મારશે. આ છોકરો તો

તેને એટલે સુધી કહેવાની હિંમત કરી ગયો કે તે ક્રિશ અને તેના જોડીદાર માટે તેના ખ્રિસ્તી ઇશ્વરને પ્રાર્થના કરતો હતો.

કચડાએલું બીઅરનું ડબલું ઊંચકીને તેણે બંધ દરવાજા તરફ જોરથી ગાળો બોલતાં ફેંક્યું. બારણું ઉઘડ્યું. ત્યાં રેડ્ડી ડોશી ચૂપચાપ ઊભી હતી. તે ધીમેથી હસી, કે ફરીવાર તેના પાતળા હોઠ વિચિત્ર રીતે ઉપરની તરફ વળી ગયા.

પણ ખરું તો તેની આંખોમાં જે દુષ્ટતા તરવરતી હતી તે જોઇને ક્રિશના જ્ઞાનતંતુઓ ખેંચાઇને તંગ બની ગયા. તે અચકાતાં બોલ્યો, "અં....અંદર....આવ."

વૃધ્ધ રેડ્ડીએ ધીમેથી પણ જાણી જોઇને બારણું બંધ કર્યું, તે કબાટ તરફ ગઇ અને ક્રિશની આમતેમ અવ્યવસ્થિત પડેલી વસ્તુઓ જોવા લાગી પછી તે પથારી પાસે ગઇ. અને ચાદર ખંખેરવા લાગી. ક્રિશને આ જરાય ગમ્યું નહિ. છેવટે જ્યારે તે ફરીને તેની સામે ઊભી રહી. ક્રિશે તરત જ નોંધ્યું કે તેના ચહેરા પરના ભાવ બદલાઇ ગયા હતા. તે હવે ધમકીભરી નહોતી લાગતી. ફરીવાર તે એક મૂર્ખ ઘરડી સ્ત્રી જેવી લાગવા માંડી.

**કદાચ મારી ભૂલ થતી હશે,** ક્રિશે વિચાર્યું. **કદાચ તેની પાસે કોઇ જ દૈવી કે શેતાની શક્તિ નથી.** આ વિચાર આવતાં જ તે લાપરવાહીથી બોલ્યો, "શું જોઇએ છે તારે?"

"તારી મા અને તારો દીકરો ખ્રિસ્તી છે." તેણે કહ્યું, પણ જાણે તે આરોપ મૂકતી હોય તેવું લાગ્યું.

"મને ખબર છે."

રેડ્ડી ડોશી તાકી રહી. તેના શબ્દો એકધાર્યા હતા. "તને ખબર છે, તે લોકો આ નકામી વાતો ફેલાવે છે? હમણાં જ તેઓ ખાંડના કારખાને આવેલી કોટડીઓ તરફ જવા નીકળ્યા છે."

"તેઓ ક્યાં જતાં હશે, તે હું વિચારતો હતો."

"તેમને રોક."

તેઓ બધા કે, પછી બીજું કોઇ પણ શું માને છે, તે વિશે ક્રિશને ખરેખર કંઇ જ પડી ન હતી. ખ્રિસ્તી કે હિંદુ, તેનાથી ક્રિશને કંઇ જ ફેર પડતો નહોતો. કેટલીકવાર તે આ બાબતે હોબાળો કરતો, પણ સાચા અર્થમાં તેની વિચારસરણી પ્રમાણે એ બધું કંઇ અગત્યનું નહોતું. તેની પાસે તો સીધીસાદી એક જ વાત હતી કે તેની દીકરી રાજને પરણે અને તેને નવા ધંધા માટે જરૂરી પૈસા મળી જાય.

"હું વિચારતો હતો કે તું મારા માટે કંઇ મંત્રતંત્ર કરે કે નહિ," ક્રિશે કહી નાખ્યું, "હું તને સારા પૈસા આપીશ. મારી ઇચ્છા એવી છે કે મારી દીકરી એક વ્યક્તિના પ્રેમમાં પડે અને રાજીખુશીથી તેની સાથે લગ્ન કરે. મેં સાંભળ્યું છે કે તારી પાસે દૈવી શક્તિ છે. અને તું કોઇની પર પણ જાદુવિદ્યા અજમાવી શકે છે. તું એ કરીશ?"

વૃધ્ધ રેડ્ડી ફરી ગઇ. અને ફરી અવ્યવસ્થિત પથારી તરફ તથા ઓરડામાં આમતેમ પથરાયેલા કપડાં તરફ જોયું. ક્રિશ સામે જોયા વગર તે બોલી. "મારી પાસે આવી શક્તિ છે, એવું તેં ક્યાંથી સાંભળ્યું?" તેના શબ્દો ખૂબ ધીમેથી નીકળ્યા. ક્રિશે બરાબર સાંભળ્યું હતું કે કેમ તે બાબતની ચોક્સાઇ તેણે કરી.

"ક્યાં?" રેડ્ડીએ ફરી પૂછયું, તેણે ફરીને ક્રિશ સામે જોયું. તેનું બોખું મોં કદરૂપું જરૂર દેખાતું હતું, પરંતુ તેના ખ્યાલમાં હતું તેવું ડરામણું તો નહોતું જ.

ડોશીમાં થએલા દેખીતા ફેરફારથી ક્રિશને ફરી આશ્ચર્ય થયું. થોડી હિંમત પણ આવી. તેને ખાતરી થઇ કે જ્યારે તે બહાર ઝાડ નીચે ઊભી હતી અને પછી ઓરડામાં પ્રવેશી હતી ત્યારે તેના ચહેરા પરના ભાવ

જોઈને તેણે ખોટું અનુમાન કર્યું હતું. તેની કલ્પનાના ઘોડા ગમે તેમ દોડવા દઈને તેણે મૂર્ખાઈ કરી હતી, તેમ માથું હલાવતાં તેણે વિચાર્યું.

"ઓહ, મેં આટલામાં જ કોઈકની પાસેથી સાંભળ્યું હતું." તેણે કહ્યું, અને ધીમેથી કેટલાક ખરાબ શબ્દો બબડ્યો. ક્રિશનો આત્મવિશ્વાસ પાછો આવતો જતો હતો. "તો, તું એવું કરી શકે? કોઈના પર જાદુ કરીને તેને પ્રેમમાં અંધ કરી શકે?"

વૃધ્ધ રેડ્ડીએ જવાબ ન આપ્યો. તે ઓરડામાં આંટા મારવા લાગી. તેણે આંટા મારવાનું ચાલુ જ રાખ્યું, અને તેથી ક્રિશની ચીડ વધતી ગઈ. તે કેટલાક હલકા શબ્દો ડોશીને સંભળાવવાની તૈયારીમાં હતો, ત્યાં જ ડોશી થોભી ગઈ.

"તારી છોકરી કોની સાથે પરણે છે, તેમાં મને રસ નથી. એની સાથે મને કંઈ લાગતું વળગતું નથી. પરંતુ આ ખ્રિસ્તીઓને મારે રોકવા છે. ખાંડના કારખાનાની કોટડીઓમાં તેમને શું કામ હોય? તારી ઘરડી મા ક્યાં રહે છે?"

પ્રશ્ન સાંભળી ક્રિશને આશ્ચર્ય થયું. અને તેણે તરત જવાબ આપ્યો, "ટેકરીઓ પર તે એક ઝૂંપડીમાં રહે છે. મારી મા અને મારી દીકરી મુનીઅમ્મા, બંને કોઈ ગોરાવાન નાઈકર્કના ત્યાં કામ કરે છે."

ડોશી બોલી, "સરસ. આપણે ત્યાંથી જ શરૂઆત કરીશું."

પછી બંને એકમત થઈને વૃધ્ધ રેડ્ડીના કાવતરા વિશે ચર્ચા કરવા લાગ્યા. તે સંપૂર્ણ રીતે ક્રિશની મરજી મુજબ નહોતું. પણ એ રીતે શરૂઆત તો થશે!

# પ્રકરણ – ૯

મુનીઅમ્માને હવે આરામ થઇ રહ્યો હતો. જે સંજોગોમાંથી હમણાં તે પસાર થઇ હતી, તેના કરતાં અહીં પથ્થરની કોટડીઓમાં વાતાવરણ જુદું જ હતું. અને દરિયાકિનારાની મુસાફરીથી પણ તેને ઘણો લાભ થયો હતો. આશ્ચર્ય સાથે તેને ભાન થયું કે તે જીવનને માણી રહી હતી. તેના પિતા, રેનીશના ઘરમાં રહેવા ગયા છે, તે સમાચારથી પણ તેણે પોતાની સ્વસ્થતા ગુમાવી નહોતી. ઊંડો શ્વાસ લઇને જોડીયા બહેનો સામે તેણે સ્મિત કર્યું. બહેનોએ ખી...ખી..કર્યું.

"ધારો કે આપણે ફરી પાછા અંધકાર યુગમાં જતા રહ્યા છીએ કે એવી કંઇક શોધખોળ કરીએ." સ્યુએ કહ્યું.

"આપણે શેલી અને આ નાનકાને સાચવવાના છે," લાઉએ તેની બહેનને યાદ દેવડાવ્યું. બંને બાળકોને તેણે હાથથી પકડી રાખ્યા હતા.

"એમનો તો કશો વાંધો નથી. એ લોકો પણ આપણી સાથે આવશે." સ્યુ, પાસ્ટર મુનસામીના ચાર વર્ષના દીકરા પાસે નીચી નમીને કહેવા લાગી, "આપણે ફરવા જઇશું, બેટા?"

તે રડવા લાગ્યો. અને બંને બહેનોએ તેને જેટલો શાંત કરવાનો પ્રયત્ન કર્યો, તેટલો જોરથી તે રડવા લાગ્યો. "બસ, હવે બહુ થયું." મુનીઅમ્મા વચ્ચે પડી. તેણે છોકરાને હાથમાં ઊંચકી લીધો. બહુ તોફાની થઇ ગયો છે, દેવેન. હવે રડવાનું બંધ કર. સાંભળે છે? બસ હવે."

બંને બહેનાના આશ્ચર્ય વચ્ચે છોકરો શાંત થઇ ગયો. મુનીઅમ્માએ ફેરવીને તને પીઠ પર ઊંચકી રાખ્યો. "ચાલો." તેણે સ્યુને કહ્યું, અને ફરી બંને બહેનોએ ખી.:.ખી...કર્યું.

"તું તો સાચે સાચ જાણે માતાછે." લાઉએ કહ્યું, તેણે કરેલા વખાણમાં સચ્ચાઇનો રણકો હતો.

ત્રણેય જુવાનછોકરીઓ, બે નાનકડા ભૂલકાંને લઇને સાંકડા રસ્તા પર ચાલી નીકળી. સીતાકાકીએ બહાર રસોડામાંથી વાંકા વળીને કહ્યું, "હવે ક્યાંય જશો નહિ. જમવાનું થઇ ગયું છે. અહીં સાબુ વગેરે છે. તમે બધા હવે હાથ ધોઇ નાખો. અને શેલી અને દેવેનના હાથ તો બરાબર ધોજો. અને મુનીઅમ્મા, માણસો હવે મહેમાનોને લઇને આવતા જ હશે. બધાને હાથ ધોવા પાણી, સાબુ વગેરે ધ્યાન રાખીને આપજે."

"હા, સીતાકાકી." મુનીઅમ્માએ તરત જવાબ આપ્યો. પાણીના વાસણ પાસે લઇ જઇને તેણે દેવેનના હાથ ધોયા.

"અહીં પાણીનો નળ નથી?" સ્યુએ મુનીના કાનમાં કહ્યું.

"ના. સીતાકાકીના ઘેર રસોડામાં પાણી આવેછે, તેવું અહીં નથી. પણ મને એક નળ દેખાય છે." મુનીઅમ્માએ કોટડીઓના છેવાડે એક મોટો નળ હતો તે તરફ આંગળી ચીંધી. "આ બધા કુટુંબો વચ્ચે એક જ નળ હશે."

"પાણીના નળ નહિ. વીજળી નહિ. અહીં આ લોકો કેવી રીતે રહેતાં હશે?" તેના વાક્યમાં પ્રશ્નાર્થ ઓછો અને કથન વધારે હતું.

"સ્યુ!" તેની બહેનની લાગણી હીનતા જોઇને લાઉ આઘાતથી બોલી. "તારે આવું ન બોલવું જોઇએ. મુનીઅમ્મા અને દાદીમા રહે છે, ત્યાં પણ આવી સગવડો નથી."

"ઓહ, હું દિલગીર છું," સ્યુએ સમજાવ્યું, "મુનીનો તોવિચાર જ નહોતો કર્યો. હું ઇરાદાપૂર્વક એવું હલકું નહોતી બોલી. ખરેખર!"

"મને ખબર છે." મુનીઅમ્માએ શરમાઇને કહ્યું, "કશો વાંધો

નહિ. તું ઈરાદાપૂર્વક નહોતી બોલી. બીજા ઘણા લોકોની જેમ મારે નદીએ જઈને પાણી નથી લાવવું પડતું. તેને માટે હું હમેશાં આભારી રહી છું. અને વીજળી હોય તેવા ઘરમાં તો હું ક્યારેય રહી નથી. જો કે ઘરમાં વીજળી હોય તો કદાચ મને ન પણ ગમે. ફાનસનો આછો પ્રકાશ ખૂબ સુંદર લાગે છે."

સ્યુ મૂંઝાઇ. કેટલીકવાર મારી પાસેની વસ્તુઓથી હું એવી ટેવાઇ જાઉં છું કે બધા પાસે તે હશે જ એવું માની લઉં છું.

તે જ વખતે બહાર ગયેલા માણસો બે નવા ખ્રિસ્તી કુટુંબો સાથે પાછા આવ્યા. દરેકની ઓળખાણ કરાવવામાં આવી. ત્યાં એટલી બધી અવરજવર હતી કે દેવેનને ઊંચકીને મુનીને સહેજ પાછળ નમવું પડ્યું.

સીતાકાકીએ મુની તરફ જોઇને પાણીના વાસણ તરફ ઇશારો કર્યો. મુનીઅમ્માએ તરત નાના છોકરાંને નીચે મૂકી દીધો. અને તેને કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે કર્યું. તેણે સાબુ પાણી પાસે અને ચોખ્ખો ટુવાલ તેના હાથ પર મૂક્યો. તે વાસણ લઇને પાસ્ટર મુનસામી પાસે ગઇ, તેમણે હાથ ધોવા માંડ્યા. મુનીએ અગાઉથી બધું તૈયાર રાખ્યું હતું. તે જોઇને તેઓ મુની સામે જોઇને હસ્યા અને કહ્યું,

"કેવી સરસ છોકરી! મહેમાનો, આ બાજુ આવો અને જમીએ તે પહેલાં હાથપગ ધોઇ નાખો. મુનીઅમ્મા તમને મદદ કરશે."

વધેલું પાણી ઢોળી દઇને નવું પાણી નળેથી તેને કેટલીક વખત લાવવું પડ્યું. આખરે, બધાએ હાથપગ ધોઇ નાખ્યા પછી પાસ્ટર મુનસામીએ બધાને પ્રાર્થના માટે એકઠા કર્યા. મુની પર તેની ખૂબ અસર પડી. બહાર રસોડા પાસે બધા એક બીજાના હાથ પકડીને વર્તુળાકારમાં ઊભા રહ્યા. ભારતીય પાળકે મિત્રો માટે અને ખોરાક માટે આભારસ્તુતિની

સાદી પ્રાર્થના કરાવી. પ્રથમ પુરુષોને ખાવાનું પીરસવામાં આવ્યું. જમીને તેઓ મુનસામીના ઘરની પરસાળમાં બેઠા. પછી બાળકોને પીરસવામાં આવ્યું. અને છેલ્લે સ્ત્રીઓએ રસોડામાં બેસીને વાતો કરતાં કરતાં ખાધું.

બાજુના એક ઝાડના છાંયામાં જુવાનો એકઠા થવા લાગ્યા. નવા ખ્રિસ્તી થયેલા કુટુંબના નવ અને બાર વર્ષના બે છોકરાઓ સાથે કેન જમીન પર બેસી ગયો હતો. એક ભારતીય છોકરી કે જે સત્તર વર્ષની લાગતી હતી, તેની સાથે કેથી બેઠી હતી. મુનીઅમ્મા અને બંને જોડીયા બહેનો પણ તે તરફ ચાલી નીકળી.

રોજની જેમ, મુનીઅમ્માએ હાથથી જ ખાધું. આજુબાજુ બેઠેલા મોર્ટન કુટુંબ સામે તેણે જોયું. તેઓ બધા પણ હાથથી જ ખાતા હતા. ભારતીયોની જેમ તેમણે પ્રથમ વાર હાથથી ખાધું હતું, તેના કરતાં અત્યારે તેઓ હાથ વધારે બગાડ્યા વગર વ્યવસ્થિત રીતે ખાતાં હતાં. ખરેખર તો હવે તેમાં કશું અજુગતું લાગતું ન હતું. અને મુનીને તેમના માટે ગર્વ થયો.

કેન, ભારતીય છોકરાઓ સાથે વાતચીત કરવામાં એવો તો ડૂબી ગયો હતો કે તે જીવંત લાગતો હતો. છોકરાઓનાં દરેક શબ્દ, જોડીયા બહેનો અને કેથી ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. અને તેમની સત્તર વર્ષની ઉંમરની મોટી બહેન, વીનો, વચ્ચે વચ્ચે કંઈક કહેતી પણ હતી. મુનીઅમ્માએ તેઓ જે કહેતા હતા, તે સાંભળવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં તેને કંઇ રસ પડ્યો નહિ. તેના બદલે એકદમ ઊઠીને કોટડીઓ તરફ તેને જવાનું મન થઇ આવ્યું. અત્યારે તેને લાગ્યું કે સ્પાર્કી તેની સાથે હોત તો સારું. તે તેની સાથે રહીને તે જ્યાં જાય, ત્યાં તેની સાથે ગયો હોત.

જ્યારે બધા થોડીવાર માટે પાછા ગયા, ત્યારે મુનીઅમ્માએ ત્યાંથી છટકી જવાનું નક્કી કર્યું. જોડીયા બહેનો પણ તેની સાથે આવે, તેવી તેની ઇચ્છા હતી. પણ ફરી એક વાર તેને તાત્કાલિક જવું પડશે તેવું

લાગતાં તેણે બંને બહેનોને પૂછવામાં સમય બગાડ્યો નહિ. ઉપરાંત સ્યુ અને લાઉ તેમના નવા સાથીદારોથી ખૂબ પ્રભાવિત થયા હતા અને તે જાણતી હતી કે અત્યારે તેમને કહીશ તોપણ તેની સાથે આવવા તેઓ ખુશી નહિ હોય.

મુનીઅમ્મા સાંકડા રસ્તા પરથી જાહેર શૌચાલય તરફ સરકી ગઇ. જો કે તેણે તેનું નાક કંટાળાપૂર્વક દબાવી રાખ્યું હતું, છતાં જાણે તેને કોઇ ખેંચતું હોય તે રીતે, કોટડીઓની એક પછી એક લાંબી હાર પસાર કરવા લાગી. આઇઝીપીન્ગોની ટેકરીઓમાંનું તેનું ઘર તેને યાદ આવ્યું. તે ઘણું નાનું અને એકાંતમાં છે." તેણે વિચાર્યું, "પણ મને ગમે છે. આટલા બધા લોકોની નજીક રહેવાનું તો હું ભાગ્યે જ પસંદ કરું. અહીં ગામમાં રહેવાનો કોઇ ફાયદો હોય તો તે એ જ કે હું શાળાએ જઇ શકું."

ફરી એક વાર ભણવાની તેના અંતરની ઇચ્છા ઉપર ઊભરી આવી. ભણવાની મુનીઅમ્માને ખૂબ ઊંડી ઇચ્છા હતી. તે વાંચી શકતી હતી, પણ બીજું ઘણું હતું, જે તે જાણતી નહોતી.

"આભાર માનવાના મારી પાસે ઘણા કારણો છે." શેરીમાંના બાળકો તરફ નજર નાખતાં તેણે તેની જાતને યાદ કરાવ્યું. તેણે ચાલવાનું ચાલુ રાખ્યું.

આખરે, એક ઘરની સામે એક સુંવાળો પથ્થર જોઇને તેણે બેસીને બાળકોને નિહાળવાનો નિર્ણય કર્યો.

જ્યારે તેણે જમીન પર પડેલો ફળનો પ્રસાદ જોયો, ત્યારે તે પાછી હઠી. તેને ભાન થયું કે તે અજાણતાં જ એક 'પવિત્ર' જગામાં આવી ચઢી હતી. બાજુનું કુટુંબ આ ખડકને દેવ તરીકે પૂજતું હશે. પણ અહીં આવીને તે રોકાવા કે કોઇને નારાજ કરવા નહોતી માગતી.

તે જ વખતે એક યુવાન માતા ઘરની બહાર આવી. તેનો ચહેરો ફિક્કો અને દુ:ખી જણાતો હતો. "તું ત્યાં શું કરે છે?" તેણે બૂમ પાડી.

"કંઇ નહિ." મુનીએ કહ્યું, "સાચું કહું છું, હું તો ખાલી ટહેલવા નીકળી હતી. અને પછી થોડીવાર બેસવાનું મેં નક્કી કર્યું. હું જોઇ શકું છું કે આ તમારો પવિત્ર પથ્થર છે. હવે હું જઇશ."

યુવાન માતાના હાથ નબળાઈથી ધ્રૂજવા લાગ્યા. અને તેના હાથમાં જે પિત્તળનો વાટકો હતો તેમાંથી થોડું દૂધ ઢોળાઇ ગયું. મુનીઅમ્મા ઘરમાં એક નાના બાળકનું રુદન સાંભળી શકતી હતી. મુનીને ખ્યાલ આવી ગયો કે માતા ફળના પ્રસાદ સાથે દૂધનો પ્રસાદ પણ ખડક પર ચડાવવાની હતી.

"તમારું બાળક માંદું છે?" તેણે ધીમેથી પૂછયું,

"હા...ઓહ.....હા." પેલી સ્ત્રીએ ડૂસકું ભર્યું. "અને તેને માટે બીજું શું કરવું, તેની અમને સમજ પડતી નથી."

આશ્ચર્યજનક રીતે મુનીઅમ્મા આ વખતે અસ્વસ્થ બની નહોતી. "બહેન, મહેરબાની કરીને છાના રહો. તમે તમારા બાળક માટે મને ઇશ્વરની પ્રાર્થના કરવા દેશો?"

પછી તેણે બતાવેલી હિંમતથી તેને પોતાને જ આઘાત જેવું લાગ્યું.

"તું પોતે જ એક બાળક છે ને! પરંતુ હા, મહેરબાની કરીને પ્રાર્થના કર. તું ક્યા ઇશ્વરની પ્રાર્થના કરે છે?

"ઓહ હું.....ક.....કાલીની ઉપાસના કરતી." મુનીઅમ્માએ અચકાતાં અચકાતાં જણાવ્યું.

સ્ત્રી એકદમ પાછી હઠી. અને પિત્તળના વાટકાની ધાર પરથી વધારે દૂધ ઢોળાયું.

"કાલી!" માતા બોલી. "તું કાલીની ઉપાસક છે? મેં સાંભળ્યું છે કે તે બદલો લેનાર દેવી છે. અને ખૂબ શક્તિશાળી છે. તેની પૂજા કરતાં મને હમેશાં ડર લાગે છે. જો તું અમારા બાળક માટે હિંમતપૂર્વક કાલીની પૂજા કરીશ, તો હું તારો આભાર માનીશ."

તેઓ વાતો કરતાં હતાં, એટલામાં તે સ્ત્રીનો પતિ, તેના હાથમાં તેમના બિમાર બાળકને લઇને બહાર આવ્યો. તે અવ્યવસ્થિત લાગતો હતો. તેના ઘરના આંગણામાં ઊભેલી આ જુવાનછોકરીને તે જોઇ રહ્યો. તેની આંખોમાં ઘૃણા હતી. પત્નીએ પતિને કહ્યું," "આ છોકરી કહે છે કે તે આપણા માટે કાલીની પૂજા કરશે. કદાચ કાલી તેની પ્રાર્થના સાંભળશે અને આપણો દીકરો સાજો થઇ જશે."

પતિ, દેખીતી રીતે થોડો ઢીલો પડ્યો. અને ધીમેથી બબડ્યો, "એક મિનિટ માટે તો મને લાગ્યું કે પેલા ખ્રિસ્તીઓ સાથે જે લોકો હતાં, તેમાં તું પણ હતી. એક કલાક પહેલાં કેટલાક ગોરા લોકોને ટ્રકમાં અને વાનમાં બેસીને આ કોટડીઓ તરફ આવતાં મેં જોયાં હતાં. તેઓ પાસ્ટર મુનસામીના ઘરનો રસ્તો પૂછતાં હતાં, તે મેં સાંભળ્યું હતું. ટ્રકની પાછળ બેઠેલી ભારતીય છોકરી જેવી તું લાગે છે."

મુનીઅમ્મા બેચેનીથી હાલી ઊઠી. "ખ્રિસ્તીઓ!" બાળકનો પિતા આ શબ્દ ધિક્કારથી બોલ્યો. "તે લોકો આપણને શા માટે એકલા છોડી દેતાં નથી?" તે બબડ્યો.

મુનીઅમ્માએ તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શોકથી ગાંડા જેવી થઇ ગયેલી પત્ની બોલી ઊઠી, "કૃપા કરીને, કાલીની પૂજા કર. કેટલાય દિવસોથી અમે અમારા પથ્થરના દેવની પૂજા કરીએ છીએ, પણ અમારા દીકરાની હાલત તો બગડતી જ જાય છે. મારાં ઘરડા સાસુમા તે સાજો થાય માટે પૂજા કરવા પણ ગયા છે." તેની આંખો આંસુથી ભરાઇ ગઇ.

પિતાએ તાવમાં ફફડતા તેના દીકરા તરફ જોયું. પછી તેમના પવિત્ર પથ્થર તરફ. પછી તેણે મુની સામે જોઇ ડોકું હલાવ્યું, આ પહેલાં કાલીની ઉપાસના કરવાની અમે કદી હિંમત નથી કરી. અને અમે સાંભળ્યુંછે કે તે ખૂબ શક્તિશાળીછે. આગળ થા, અને અમારે માટે આ દેવીની પ્રાર્થના કર. કદાચ તે મદદ કરે."

મુનીઅમ્મા હવે જીવ પર આવી ગઇ હતી. હવે હું શું કરું? તેણે પોતાની જાતને પૂછયું. આખી વાતચીત તેઓ બરાબર સમજ્યા નથી. અને મારા વિશે ખોટો અભિપ્રાય બાંધી લીધો છે. એ લોકો એમ માને છે કે હું હિંદુ છું, અને કાલીની પૂજક છું. બેચેનીમાં તેણે પોતાના અંગૂઠાનો નખ કરડ્યો.

આ આખી વાત અહીં સુધી આવી પહોંચશે, એવું તેણે વિચાર્યું નહોતું. પરંતુ તેમાં તેનો વાંક પણ નહોતો. તે પોતાના ઘેર જઇને દીવો સળગાવીને કાલીની પૂજા કરશે, એવું તેમને કહીને ત્યાંથી ચાલી નીકળે? શું તે યોગ્ય થશે? તેઓ તો મોટાં હતાં, અને તેને તો હજુ હવે ચૌદમું બેસશે. જો તે તેમને સમજાવે કે હવે તે કાલીની પૂજક નથી, પણ આ સૃષ્ટિના સર્જનહાર ઇશ્વરની પાછળ ચાલનાર બનીછે, તો તે ઉધ્ધત નહિ લાગે? તે એક ખ્રિસ્તી હતી.

મુનીઅમ્મા આમ વિચારતી ઊભી હતી, દરમ્યાનમાં પત્નીએ દૂધનો પ્રસાદ તેના પથ્થરના દેવ આગળ મૂક્યો, તેના પતિ પાસે ગઇ અને બાળકને લીધું.

"જલ્દી કર" તેણે તેની પત્નીને વિનંતી કરી. તેના અવાજમાં ભારે ચિંતા હતી. "મારા દીકરાને ઘરની અંદર લઇ જા." પત્ની મુનીઅમ્મા પાસેથી ફરીને ચિંતાતુર ચહેરે તેના બેચેન બાળકને હાથમાં ઊંચકીને ઘરમાં

ચાલી ગઇ. હવે ઘણું મોડું થઇ ગયું હતું અને મુનીઅમ્માને સાચું કહી દેવાની તીવ્ર ઇચ્છા થઇ આવી. તેની આંખોમાં આંસુ આવી ગયા.

"કૃપા કરીને મને માફ કરશો?"

પત્ની બારણામાં જ ફરીને ઊભી રહી. "હા, બોલ."

"એ સાચું છે કે ભૂતકાળમાં હું કાલીની પૂજા કરતી હતી. ખરેખર તો મારા પર કાલીનો શ્રાપ હતો. હું જન્મી ત્યારે મારા ખુદના પિતાએ જ આ શ્રાપ મારા પર મૂકાવ્યો હતો. પણ હવે હું એ શ્રાપમાંથી મુક્ત છું. મને નવું જીવન મળ્યું છે."

"ના" પતિ બોલી ઊઠ્યો. "એ શક્ય નથી! કાલીના શ્રાપમાંથી કોઇ મુક્ત થઇ શકતું નથી. આ દેવી તો બદલો લેનાર છે અને કોઇ તેની ઉપરવટ જઇ શકે નહિ."

"મને ખબર છે. કાલીએ મને લગભગ આંધળી કરી નાખી હતી." મુનીઅમ્મા શ્વાસ લેવા થોભી અને થોડું ધીમેથી બોલવાનો પ્રયત્ન કર્યો. "એક દિવસ મારા સીતાકાકી પાસેથી કાલી કરતાં પણ વધુ શક્તિશાળી સર્વસમર્થ ઇશ્વર વિશે મેં સાંભળ્યું." મુનીઅમ્માએ બોલવાનું ચાલુ રાખ્યું. "આ ઇશ્વરે મારી આંખો સાજી કરી. અને કાલીનો શ્રાપ મારા પરથી દૂર કર્યો."

"તું કયા ઇશ્વર વિશે વાત કરે છે અમને જલ્દી કહે. કદાચ તે અમારા દીકરાને સાજો કરશે."

"તે તો આ સૃષ્ટિનો સર્જનહાર ઇશ્વર છે. એ એ જ ઇશ્વર છે જેણે તમને, મને ને આ બધું જ બનાવ્યું છે. મેં જ્યારે તેના વિશે સાંભળ્યું અને તે આપણા સહુ પર પ્રેમ રાખે છે, એવું જ્યારે સાંભળ્યું, ત્યારે તમારી જેમ મને પણ આશ્ચર્ય થયું હતું."

પતિ-પત્નીએ એક બીજા સામે જોયું. અને પછી આ જુવાન, વિચિત્ર લાગતી છોકરી તરફ જોયું, જે ખૂબ જ્ઞાનસભર ધાર્મિક વાતો કરી રહી હતી. મુનીઅમ્માએ ચાલુ રાખ્યું. "આ ઈશ્વરને આપણા બલિદાન જોઈતા નથી." તેણે તરત તેમના પથ્થરના દેવ સામે પડેલા નાળિયેર, કેળા અને દૂધના પ્રસાદ તરફ જોયું.

"જે બલિદાન માગતો નથી અને છતાં સાજાપણું આપે છે, એવો ઈશ્વર?" જાણે માન્યામાં ન આવતું હોય તેમ પત્ની બોલી. "એવો ઈશ્વર કે જેણે આ બધું ઉત્પન્ન કર્યું, અને આપણા પર પ્રેમ રાખે છે? તેના વિશે અમને વધુ કહે!"

"અક્કલ વગરની વાત!" પતિ બરાડ્યો. "જો આવો કોઈ ઈશ્વર હોત તો આપણે તેના વિશે સાંભળ્યું હોત. કોઈ હિંદુ કે કોઈ હિંદુ પૂજારીએ પણ આવા ઈશ્વરની વાત નથી કરી. તે સાચું હોઈ જ ન શકે."

"આ ઈશ્વરે મારા દાદીમા સાથે તામિલ ભાષામાં વાત કરી હતી."

"શું?" પતિ-પત્ની આશ્ચર્યથી બોલ્યા.

"હા, તેણે વાત કરી હતી. દાદીમાએ તેનો અવાજ સાંભળ્યો હતો. તેણે કહ્યું, વાળવાનું બંધ કર અને દેવળમાં જા." મારા દાદીમા હિંદુ મંદિરની આસપાસ, સવારની પૂજા માટે સાફસૂફી કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમણે તામિલ ભાષામાં અવાજ તેમની સાથે વાત કરતો સાંભળ્યો. તેમને લાગ્યું કે કોઈ તેમની મશ્કરી કરી રહ્યું છે, પણ ત્યાં કોઈ નહોતું. તેમણે ઈશ્વરનો અવાજ ત્રણ વખત સાંભળ્યો. અને દરેક વખતે ઈશ્વરે તેમને કહ્યું, "વાળવાનું બંધ કર, અને દેવળમાં જા."

"દેવળ? ત્યાં તો ખ્રિસ્તીઓ ભેગા થાય છે." પત્નીના અવાજમાં બીક હતી. તેણે તેના બાળકને છાતી સરસું ચાંપી રાખ્યું.

"હા, હા, એ જ," મુનીઅમ્મા ધ્રૂજતી બોલી.

"તો એમ છે. મારી વાત સાચી હતી. ખ્રિસ્તીઓ ભેગી મેં તને જ જોઇ હતી!"

"હા." મુનીઅમ્માએ ધીમેથી ડોકું હલાવ્યું. અને તેનો અવાજ સાંભળી ન શકાય તેવી ધીમો હતો. "આવા સમયે અહીં આવીને આવી નકામી વાત કરવાની તારી હિંમત જ કેવી રીતે ચાલી!" પતિએ જોરથી કહ્યું,

"મારી ઇચ્છા હતી કે તમે પણ તેના વિશે જાણો. હું માનું છું કે તે ઇશ્વરનો પુત્ર ઇસુ હતો જેણે મારી આંખો સાજી કરી અને તામિલમાં મારા દાદીમા સાથે વાત કરી. ઇસુ તમને પણ મદદ કરી શકે છે."

પતિએ તેના કાન પર હાથ દબાવી દીધા અને માથું ધૂણાવવા લાગ્યો. પછી તે મુનીઅમ્મા સામે સીધી નજરે જોઇ રહ્યો. તેની આંખો ચમકતી હતી.

મુનીઅમ્મા બી ગઇ. હિંદુ મંદિરમાં પેલી એક પગે નાચતી અને તેના તથા દાદીમા તરફ લથડતે પગે આવી ચડેલી નાચનારી તેને યાદ આવી. આ માણસનો ચહેરો પણ તેના જેવો જ ડરામણો લાગતો હતો.

"એ નામ લઇશ જ નહિ!" તેણે બૂમ પાડી. "અહીંથી જતી રહે! એનું નામ હું તને બોલવા નહિ દઉં!"

"ઇસુનું નામ?" મુનીઅમ્માએ કહ્યું, પતિનો ગુસ્સો જોઇને મુનીએ આઘાતથી ડઘાઇને ઇસુનું નામ ફરી લીધું હતું. તે તે માણસની સામી થવા નહોતી માગતી.

તે માણસની પત્ની ફરી અને ચીસો પાડતી ઘરમાં દોડી ગઇ. તે જ વખતે તેના પતિએ એક પથ્થર ઊંચકીને મુનીઅમ્માને માર્યો. તે મુનીને સીધો જ ખભા પર વાગ્યો. મુની દર્દથી ચીસ પાડી ઊઠી. "મહેરબાની કરો, સાહેબ, હું તમને ગુસ્સે કરવા નહોતી માગતી. તમે ઇસુને ઓળખો

એવી મારી ઇચ્છા છે. તે તમારા પર પ્રેમ રાખે છે!"

તે માણસ ગુસ્સાથી રાતોપીળો થઇને મુનીઅમ્મા તરફ દોડ્યો અને મુનીને માથામાં ફટકારી. તે ઉછળીને જમીન પર પટકાઇ. તે તેનાથી દૂર ખસે તે પહેલાં તો તેણે તેના પડખામાં બે વખત લાત મારી.

"તે તને મારી નાખે એ પહેલાં અહીંથી નાસી જા." પત્નીએ બારણામાંથી બૂમ પાડી. "દોડી જા, છોકરી જા!"

મુનીઅમ્મા એટલી બધી ડરી ગઇ હતી કે તે ક્ષણે તો તે બધું દર્દ ભૂલી ગઇ. તે દોડવા માટે ફરી અને લથડી. તે નીચે પડી હતી ત્યારે પેલા માણસે ફરી તેને લાત મારી. પણ જેમ તેમ કરીને મુનીઅમ્મા ઊભી થઇ. અને આ વખતે તે પડી ગઇ નહિ. જેટલું ઝડપથી દોડાય, તેટલું ઝડપથી તે દોડી ગઇ. પાછળથી આવતા પથરા તેના માથા પાસેથી સૂ....મ કરતાં પસાર થયા.

"આવું શાથી બન્યું?" તે દોડતા દોડતાં રડતી હતી, પછી તેને યાદ આવ્યું કે કેટલાક મહિના પહેલા તેમને સીતાકાકી સાથે આ જ પ્રકારની વાતચીત થઇ હતી. અને તેણે અને દાદીમાએ સીતાકાકી સામે સંતરા ફેંક્યાં હતાં.

"મદદ કરો!" દોડતાં દોડતાં મુનીઅમ્માએ બૂમ પાડી. "મદદ કરો!" તેણે ચીસ પાડી.

"મેં મારું મોં બંધ રાખ્યું હોત તો કેવું સારું!" ડૂસકું ભરતાં તે આંધળાની માફક લથડી. અત્યારે જે મુશ્કેલીઓ છે તે પૂરતી નથી તે નવા નવા પ્રશ્નો ઊભા કરું છું?"

આ બધું વિચારવાનો અત્યારે વખત નહોતો. જીવ બચાવવા દોડતાં દોડતાં તેને આવા ગાંડા-ઘેલા વિચારો આવતા હતા.

# પ્રકરણ – ૧૦

મુનીઅમ્માએ દોડ્યે જ રાખ્યું. હવે પાછળ કોઇ આવતું નહોતું છતાં તેને તેનો ખ્યાલ આવ્યો નહિ. કોટડીઓની વચ્ચેના સાંકડા ચાલવાના રસ્તા પર તે પોતાનો રસ્તો શોધતી દર્દથી દોડી રહી હતી. તેને શ્વાસ લેવામાં ખૂબ શ્રમ પડતો હતો તે કઇ દિશામાંથી દોડતી આવી છે, તેનો પણ હવે તેને ખ્યાલ રહ્યો નહોતો, છતાં પણ તેણે દોડવાનું ચાલુ રાખ્યું.

ડાબી આંખ પરનો જૂનો ઘા ફરી પાછો ખુલી ગયો હતો. અને તેમાંથી લોહી નીકળીને તેના ચહેરા પર રેલાવા લાગ્યું હતું. થોડુંક લોહી તેના મોંમાં પણ ગયું. જેનો સ્વાદ તેને તાંબા જેવો લાગ્યો.

ખભા પર જ્યાં મુનીને પથ્થર વાગ્યો હતો ત્યાં દુઃખતું હતું. અને તેથી તેણે તેનો એક હાથ ઊંચો પકડી રાખ્યો હતો. પેલા બાળકના ક્રોધિત પિતાએ તેને પડખામાં અને પીઠ પર જ્યાં લાતો મારી હતી ત્યાં હવે દુઃખવાનું શરૂ થયું હતું. તેના લાંબા કાળ વાળ ચારે બાજુ ઉડતાં હતાં. કેટલાક વાળ તેની આંખોમાં પણ પેસી જતાં હતાં. છતાં પણ તેણે દોડવાનું ચાલુ રાખ્યું.

તે એક જગ્યાએ અંદર વળી. અને કેન સાથે અથડાઇ પડી. મુનીઅમ્માને એટલો જોરદાર ધક્કો વાગ્યો કે તે પાછળ નીચે પટકાઇ પડી. તે હાંફી રહી.

"સંભાળજે!" કેને બૂમ પાડી. તે કોની સાથે અથડાયો છે, તે જાણ્યા વગર તે પણ તેની ઉપર જઇને પડ્યો "શો ઇરાદો છે?"

"તે તો મુનીઅમ્મા છે!" કેનની પાછળ આવી રહેલી સ્યુએ બૂમ પાડીને કેનને ચેતવ્યો. કેન હવે ઊભો થઇ રહ્યો હતો. ગભરાટમાં આમતેમ

જોતી મુનીઅમ્માની આંખો પહોળી થઇ ગઇ હતી. "તે ક્યાંછે?" હાંફતાં હાંફતાં તે જેમતેમ કરીને બોલી.

"કોણ ક્યાંછે?" લાઉએ પૂછયું,

"મુનીઅમ્મા, તને તો વાગ્યુંછે!" "જલ્દી કરો," મુનીએ બૂમ પાડી. "તે મારી પાછળ પડ્યો છે."

"કોણ? તારા પિતા?" બધાએ એકી સાથે પૂછયું.

મુનીઅમ્માએ થૂંક ગળતાં માથું ધૂણાવ્યું. મોર્ટન બાળકોએ રાહતનો દમ ખેંચ્યો. ક્રિશ કે તેના જોડીદાર સાથે તેમને કંઇ લાગ-ભાગ રાખવો નહોતો.

"કોઇ તારી પાછળ પડ્યું હોય એવું તો લાગતું નથી." કેન શાંતિથી બોલ્યો. પણ જોડીયા બહેનોને ખબર હતી કે તે કેટલો શાંત હતો.

તેઓએ આજુબાજુ જોયું. લોકો તેમની બારીઓમાંથી તેમને નિહાળી રહ્યા હતા. પછી તેમણે જોયું કે કેટલાક બહાદૂર લોકો કુતૂહલવશ તેમના ઘરોમાંથી નીકળીને ટોળામાં જોડાઇ રહ્યા હતા. સ્પષ્ટ રીતે, ત્રણ ગોરા બાળકો અને તેમની ઇજા પામેલી ભારતીય મિત્ર વિશે તેમને જાણવાની જિજ્ઞાસા થઇ હતી. એ પણ સ્પષ્ટ હતું કે આ બધા લોકો મુનીઅમ્માનો પીછો કરી રહ્યા નહોતા.

"જે કોઇ વ્યક્તિ તારી પાછળ પડી હતી, તે હવે ચાલી ગઇ છે," સ્યુએ ખાતરી અપાવી. "હવે, મુનીઅમ્મા, આ બધું શું છે? કેટલાયે સમયથી તું પાસ્ટરના ઘેર નહોતી. અને તારા દાદીમાએ તો અમને તને શોધવા મોકલ્યા છે. શું બન્યું? તેં અમને તારી સાથે આવવા કેમ ન કહ્યું?"

"આ વાત કરવાની જગ્યા નથી." લાઉના અવાજમાં તાકીદ હતી. "આ બધા તાકી રહેલા લોકોથી આપણે મુનીઅમ્માને દૂર લઇ જઇએ. ઉપરાંત આ લોહી નીકળતું બંધ કરવા તો કંઇક કરવું પડશે ને?"

"ચાલ," કેને મુનીનો હાથ પકડીને તેને ઊભા થવામાં મદદ કરતાં કહ્યું, તેઓ ટોળાથી આઘે, કોટડીઓની બાજુએ થઇને ચાલ્યા ગયા.

"ત્યાં" એક મોટાં ઝાડ તરફ આંગળી ચીંધતા સ્યુ બોલી.

મોર્ટન બાળકોએ મુનીઅમ્માને, તે ઝાડના છાંયામાં બને તેટલી આરામથી બેસી શકે માટે મદદ કરી. લાઉએ એક કપડાના કટકાનો ડૂચો વાળ્યો. અને તેનાથી મુનીના આંખ પરના ઘા પર ધીમે ધીમે લૂછવા લાગી. "એવું ના કરીશ!" સ્યુએ કહ્યું, "કપડું ઘા પર મૂકીને ખૂબ જ ધીમેથી દબાવ. હં...એમ.."

પછી કેન બોલ્યો, "હવે સાંભળ, મુનીઅમ્મા, આ ખૂબ અગત્યનું છે. હું તને મદદ કરવા માગું છું. મને કહે, તને કોણે મારી છે. અને હું તેને પકડી પાડીશ. જો રેનીશ અહીં હોત તો સારું. તે પણ મારી સાથે આવત!"

"સ્પાર્કી" મુનીઅમ્મા કણસી. "જો મારો કૂતરો અહીં હોત તો તે મારું રક્ષણ કરત."

"હા, એ ખરું." કેન સંમત થયો. "પણ તે અહીં નથી. અને રેનીશ પણ નથી." સ્યુ વચ્ચે બોલી. "પણ હું છું અને મારે તારી સાથે આવવું છે, કેની. મુનીઅમ્મા, તું તો મારી બહેન જેવી છે. મારી બહેનને કોઇ મારી નહિ શકે."

"હવે તમે બંને બંધ થાઓ," લાઉએ કહ્યું, કોઇએ જઇને કોઇને મારવાનું નથી. મુનીઅમ્માને આપણે પાસ્ટર મુનસામીના ઘેર લઇ જવાની જરૂર છે. જેથી મમ્મી તેની સંભાળ લઇ શકે. કદાચ ટાંકા પણ મારવા પડે."

"તું એને લઇ જા." કેન અકળાઇને બોલ્યો, "તું ખાલી એનો હાથ પકડીને તેને ચાલવામાં મદદ કરજે. કોટડીઓની બે હાર પછી ડાબી બાજુ વળીશ, ત્યાં જ પાસ્ટરનું ઘર છે."

આ બધી વાતચીત દરમ્યાન મુનીઅમ્મા ખૂબ શાંત હતી. તે હજુ પણ અસ્વસ્થ હતી. ઉપરાંત મોર્ટન બાળકો તેને મદદ કરવા આટલા આતુર હતા તે જોઇને તેને ખૂબ આશ્ચર્ય થતું હતું. અને કેન આટલી સંભાળ લઇ રહ્યો હતો, તેનું તેને ખાસ આશ્ચર્ય થતું હતું, પરંતુ કેન જઈને પેલા માણસ સાથે લડે, એવું તે હરગીજ થવા નહિ દે.

"મુનીઅમ્મા, હું તને ફરી પૂછું છું." કેનનાં અવાજમાં થાક જણાતો હતો. તેના સીધા બદામી રંગના વાળ જે બાજુ પર ઓળેલા હતા, તે હવે તેની આંખો પર આવી ગયા હતા, "મને કહે, તને આવું કોણે કર્યું!"

"ના કહીશ." લાઉએ કહ્યું. "કેની, અત્યારે તારું મગજ ઠેકાણે નથી. હવે મુનીઅમ્માને પ્રશ્નો પૂછવાનું બંધ કર અને તેને ઘેર પહોંચાડવામાં મને મદદ કર. તું પણ સ્યુ."

"તું હમેશાં મને કંઇક ને કંઇક કરવાનું કહ્યા કરેછે," સ્યુ ગુસ્સાથી બોલી. "તું મમ્મી બનવાનું બંધ કર!"

"જેને મમ્મીની જરૂરછે, એવું બાળક જેવું વર્તવાનું તું બંધ કર," લાઉએ ટોણો માર્યો.

કેન એકદમ ઊભો થયો. "હવે તમે બંને બંધ કરો. અને હું જે કરવાનો છું, તેમાં મારે કોઇની મદદની જરૂર નથી." તેણે સ્યુ, તરફ અર્થપૂર્ણ નજરે જોયું.

"હું તો જવાનો જ છું અને આને માટે કોણ જવાબદાર છે, તે શોધી કાઢવાનો છું. જે છોકરાએ મુનીઅમ્માને આવું કર્યું છે તેને હું જોઇ લઈશ."

"જરા ધીરો પડ, કેની," મુનીઅમ્માએ કહ્યું, તેના અવાજમાં જે

આજીજી હતી તેથી તે એકદમ ફરીને ઊભો રહી ગયો.

"તું સમજતો નથી." તેણે રડતાં રડતાં વિનંતી કરી. "મહેરબાની કરીને જઈને એને શોધવાનો પ્રયત્ન ન કર!"

"કેમ?" કેને બૂમ પાડી. તારી આટલી ખરાબ હાલત કરવામાં આવી છે. તેના ગળામાં ડૂમો બાઝયો. "હું બેચેન થઇ જાઉં છું. હું જ્યારે આછોપાછો થાઉં છું, ત્યારે કંઇક નવું જ બને છે. તું મારી પણ બહેન જેવી છે. અને હું ઊભો ઊભો તમાશો જોયા કરું? આ વખતે હું કંઇક કરીશ. હું જઇશ અને તને ઇજા પહોંચાડવા માટે પેલાને પદાર્થપાઠ શીખવીશ."

મુનીઅમ્માને યાદ આવ્યું. તેના ભાઇઓ પણ એક વાર કેનની જેમ જ વર્ત્યા હતા. તેઓ પણ હમેશાં તેને સાચવતા. અને જ્યારે મુનીને કંઇ ઇજા થતી, ત્યારે તેઓ દુઃખી થતાં.

આંસુ મુનીના ગાલ પરથી વહી રહ્યા હતાં. તે બોલી, "આટલી કાળજી લેવા માટે તો ખૂબ આભાર, કેન સાચે જ."

"તો પછી તારી સાથે શું બન્યું અને આ છોકરો ક્યાં છે, તે તું મને કહેતી કેમ નથી?"

"કારણ કે તે કોઇ છોકરો નથી. તે તો...તે તો એક માણસ છે."

ભયથી મોર્ટન બાળકો એકબીજા સામે જોવા લાગ્યા. "એક માણસે તને મારી?" કેન એવી રીતે બોલ્યો કે જાણે તે, તે વાત માની જ શકતો નહોતો.

"જો કે, મારવાનું તેની પાસે કારણ હતું. મેં તેને ઇસુ વિશે વાત કરી અને તે રાતોપીળો થઇ ગયો."

સ્યુ પ્રથમ બોલી, "તું એમ કહેવા માગે છે કે આટલી બધી સમસ્યાઓની વચ્ચે પણ તું બહાર જઈને સાક્ષી આપે છે?"

"સાક્ષી?" મુનીઅમ્મા આ શબ્દ ધીરેથી ફરી બોલી. આ શબ્દ તેણે પહેલાં સાંભળ્યો હતો. પરંતુ તેનો ખરેખર શું અર્થ થાય છે, તે તે જાણતી નહોતી.

લાઉ હવે બોલી, "ખરેખર શું બન્યું છે, તે હવે તું અમને કહે. પાસ્ટર મુનસામીના ઘેરથી તું નીકળી ત્યાંથી શરૂ કર."

મુનીઅમ્માએ આખી વાત કહી. કેન અને જોડીયા બહેનો દરેક શબ્દ ધ્યાનથી સાંભળી રહ્યા. શોકાતુર થયેલા પેલા માતાપિતા વિશે અને, તે કાલીની પૂજા કરે છે એવું જાણ્યા પછી તેમની પ્રતિક્રિયા વિશે જ્યારે મુનીએ કહેવા માંડ્યું ત્યારે સ્યુએ સ્વીકાર્યું, "સાચું કહેવાની મારામાં તો હિંમત નથી. હું તો, તેઓ જે માનતા હોય તે તેમને માનવા દઉં."

"આ...હા....?" લાઉ બોલી.

"તું કાલીની નહિ, પણ ઈસુની ભક્ત છે એવું તે કહ્યું, ત્યારે તે બાળકના પિતાએ શું કર્યું?"

મુનીએ તરત જવાબ ન આપ્યો "અમને કહે," કેને સહેજ ભારપૂર્વક કહ્યું, "તું ઈસુ પર વિશ્વાસ કરે છે, એવું જ્યારે તેં કહ્યું ત્યારે તેણે તને મારી?"

તેણે માથું હલાવ્યું.

કેન ઊભો થઇ ગયો. "મને તો એટલો ગુસ્સો ચડે છે! મારવા માટે એ કોઇ એના જેવા મોટાને કેમ પકડતો નથી? મોટો બળદિયો લાગે છે."

"તેના માંદા બાળકને કારણે તેનું મગજ ઠેકાણે નહિ હોય," લાઉએ બચાવ કર્યો.

"શાંત થઇ જા, કેની." શાંત થવાનું તો તું મને કહીશ જ નહિ."

મુનીઅમ્મા ફરીથી રડવા લાગી. ફરી તેને રડાવવા માટે સ્યુએ તેના ભાઇ અને બહેન સામે ઠપકાભરી નજરે જોયું. "કંઇક વિચાર તો કરો," તેણે કહ્યું, તેણે તેનો હાથ મુનીના પાતળા ખભા પર મૂકીને તેને નજીક ખેંચી. મુનીને દુઃખાવો થયો. તેના કપડાંની બાંય ગંદી ફાટેલી હતી. જ્યાં દુખતું હતું, ત્યાં મુનીઅમ્માએ દુઃખાવો ઓછો કરવા સહેજ હાથથી માલીશ કર્યું.

કાપડનો ટુકડો લાઉએ મુનીઅમ્માના માથા પર પાટાની જેમ બાંધી દીધો હતો. ઘામાંથી વહેતા લોહીને કારણે આ પાટા પર એક નાનો લોહીનો ડાઘ પડી ગયો હતો પણ હવે જાણે લોહી બંધ થઇ ગયું હોય તેમ લાગતું હતું.

લાઉએ મુનીના માથે સ્પર્શ કર્યો. "જો કે મુશ્કેલ હતું. છતાં પણ તેં જે કર્યું છે તે બરાબર જ કર્યું છે. તું મારે માટે દૃષ્ટાંતરૂપ છે. તે માતાપિતા પ્રત્યે તું પ્રામાણિક રહી છું. મને આશા છે, તેમના બાળકને સારું થઇ જશે આપણે તેને માટે પ્રાર્થના કરવી જોઇએ."

સ્યુએ મુની સામે જોયું તેની આંખોમાં પ્રશંસા હતી. "તેં ખરેખર ખૂબ બહાદુરી બતાવી છે, મુનીઅમ્મા. જો કે તે બાળકના પિતાનો વિચાર આવતાં મને હજુયે ગુસ્સો આવે છે! તે ગમે તેટલો ચિંતામાં હોય, તેથી કંઇ તને મરાય ખરું?"

મુનીઅમ્મા તાકી રહી. તેણે કંઇ બહાદુરી બતાંવી હોય, એવું તેને નહોતું લાગતું. બાપ્તિસ્મા પામ્યા સિવાય નાસીછૂટવું, એજ તેના બીકણ હોવાની સાબિતી હતી. જ્યારે મને હમેશાં બીક લાગ્યા કરે છે, ત્યારે હું એક સારી અને બહાદુર ખ્રિસ્તી છું, એવું તેઓ કેવી રીતે વિચારી શકે? તેને નવાઇ લાગતી હતી. પાછળ રહેતાં પેલા માણસની ફક્ત મને બીક

**જ લાગે છે, પણ મારા પોતાના પિતા અને તેમના જોડીદારને જોઈને તો હું ફફડું છું.** આ વિચારો ને તે વાચા આપવા માગતી હતી. પરંતુ તે તેમ કરી શકી નહિ.

ત્રણ છોકરીઓની આગળ, કેન અહીંથી તહીં આંટા મારતો હતો. ધીરે ધીરે, આંટા મારતા તેનો ગુસ્સો વધતો ગયો. "ગયા અઠવાડિયે પણ તને મદદ કરવાની મને રજા આપવામાં આવી નહોતી. રેનીશે અને મેં, તને કઈ રીતે છોડાવવી, તેની આખી યોજના ઘડી કાઢી હતી. પરંતુ કંઇ થઇ શક્યું નહિ. આ વખતે હું જરૂર કંઇક કરવાનો જ છું. તે માણસ તને મારીને નાસી નહિ જઇ શકે. પિતાજીને ખબર પડશે પછી હું અને પિતાજી બંને પાછા ત્યાં જઈશું. તે માણસને શોધીને અમારે જે કહેવાનું છે, તે તેને કહીશું."

"ઠીકછે, જોઈશું." વિચારમગ્ન લાઉ બોલી. "અત્યારે તો આપણે મુનીઅમ્માને ઘેર લઇ જઇએ જેથી મમ્મી તેની સંભાળ લઇ શકે."

ચારેય કિશોર બાળકો પાસ્ટર મુનસામીનાં ઘેર જવા ચાલી નીકળ્યા. ઉઝરડાને કારણે મુનીઅમ્મા સહેજ લંગડાતી હતી. દરેક જણ ઊંડા વિચારોમાં હતા. પરંતુ આ વિચારોને શબ્દરૂપે બહાર કાઢવા કે કેમ, તે વિશે દરેકને શંકા હતી.

મુનીના દાદીમા કેવા પ્રત્યાઘાત આપશે? સીતાકાકી અને કાકા શું કહેશે? જેમનું બાળક માંદું છે, તે લોકોને પાસ્ટર મુનસામી અને તેમના પત્ની ઓળખતા હશે? એક લાચાર છોકરીને મારવાની જેણે હિંમત કરી, તેવા નીચ માણસ સામે બધા ખ્રિસ્તીઓ એક થઇને લડત આપશે?

આગળથી વળીને જ્યારે તેઓ પાસ્ટર મુનસામીના ઘરમાં ગયા, ત્યારે ચારેય જુવાનોને મનમાં આ પ્રશ્નો અકળાવી રહ્યા હતા.

# પ્રકરણ – ૧૧

દરમ્યાનમાં, નવા ખ્રિસ્તી કુટુંબો પૈકીના એકની દીકરી વીનો અને કેથી, બહાર રસોડામાં કેટલીક સ્ત્રીઓને વાસણો માંજવામાં મદદ કરી રહી હતી. એક જૂના લાકડાના ટેબલ પર મોટા વાસણોમાં પાણી ભરીને મૂકવામાં આવ્યું હતું. જેની આસપાસ એઠાં વાસણોનો ઢગલો કરવામાં આવ્યો હતો.

સીતાકાકીએ હાથ પાણીના વાસણમાં બોળ્યાં હતાં. અને તેઓ કેસરી રંગના કૂચાના ચોરસ ટુકડાથી થાળીઓ ઘસીને સાફ કરી રહ્યા હતાં. થોડી થોડી વારે તેઓ કૂચો એક લીલા સાબુ પર ઘસીને ફીણ કરતાં હતા. કેટલીક વાર તેમણે પાણીની સપાટી પર બાઝેલા તેલના થરને દૂર કર્યો. અને ફરી પાછા વાસણ ઘસવા લાગ્યા.

કેથી તો રસપૂર્વક જોતી જ રહી. વાસણો ઘસવામાં આટલી મઝા તો ક્યારેય નહોતી આવી.

થાળી સાફ થઇ ગયા બાદ સીતાકાકી તે પાસ્ટર મુનસામીના પત્ની, ઈન્દ્રાને આપતા હતા. ઈન્દ્રા બીજા વાસણમાં તે વીંછળીને કપડાંથી કોરી કરવા માટે કેથી કે વીનોને આપતા હતા.

થાળીઓ ઘસવાનું પૂરું થવાની તૈયારીમાં જ હતું, તે વખતે કેથીએ ઊંચું જોયું. તેણે કેન, જોડીયા બહેનો અને મુનીઅમ્માને કોટડીઓની લાંબી હારનાં છેડેથી આવતાં જોયાં.

“જુઓ, તેઓ આવી ગયા!” બધા સાંભળે તેમ કેથીએ બૂમ પાડી. તેણે વીનોના કાનમાં ધીરેથી કહ્યું, “તેઓ બધા મારા ભાઈ અને નાની બહેનો જેવા જ છે. કામ પૂરું થઇ ગયા પછી જ તેઓ દેખાય છે.”

"તું શું કહેવા માગે છે તે હું સમજું છું. મારે જેટલું કામ કરવું પડે છે, તેટલું મારા ભાઈઓને કરવું પડતું નથી. જો તેઓ તો ક્યારનાયે ઘેર રમવા જતા રહ્યા છે. જીવન તેમને માટે ખાસ્સું સરળ છે."

કેથીએ નિસાસો નાખ્યો. તેની મા તેને કેટલીક વાર જે કહેતી હતી તે વિચારતી રહી. તેણે વીનોને ધીમેથી કહ્યું, "એક સ્ત્રીનું કામ ક્યારેય પૂરું થતું નથી."

"આપણે સ્ત્રીઓ છીએ, કેમ?" તેની બહેનપણીએ જવાબ આપ્યો. પછી બંને હસી.

પછી કેથીએ, ચાલવાના રસ્તા પર ધ્યાનથી જોયું. "કંઈક થયું છે!" તેણે બૂમ પાડી. ટુવાલ ફેંકી દઈને તેં કેન વગેરે આવતાં હતાં તે તરફ દોડી.

"શું થયું? તમે બધા ગભરાયેલા લાગો છો. મુનીઅમ્મા, તને તો વાગ્યું છે!"

"મમ્મીને બોલાવ" કેને તાકીદ કરી.

તે જ વખતે મેરી મોર્ટન પાસ્ટરના ઘરના બારણે આવીને ઊભા. તેમણે બપોરનો શાંત સમય બે નવા ખ્રિસ્તી કુટુંબો સાથે વીતાવ્યો હતો, અને ઈશ્વરે કેવી ચમત્કારિક રીતે તેમની સાથે તામિલ ભાષામાં વાત કરી હતી, તે વાત ફરીથી તેમણે પૂનમાહના મોઢે સાંભળી હતી. દરેક જણને ખૂબ ઉત્તેજન મળ્યું હતું. ગીતો અને આભારસ્તુતિની સાંજની ભજનસેવાનું આયોજન કરવામાં આવ્યું હતું, અને કોટડીઓમાં રહેતાં બધા ખ્રિસ્તીઓને પણ તેમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું હતું, તેમના બાળકો સાંજની ભજનસેવા પહેલાં આવી જાય અને નાહીધોઈને તૈયાર થઇ જાય, તે વિષે મેરી ખૂબ ચિંતાતુર હતા.

"જલ્દી!" તેની માતા દરવાજામાંથી બહાર આવ્યા ત્યારે કેથી બોલી. "મુનીઅમ્માને વાગ્યું છે."

"ઓ પ્રભુ!" મિસિસ મોર્ટનના મોંમાંથી ઉદ્ગાર નીકળ્યા. તરત જ તેમણે પરિસ્થિતિ સંભાળી લીધી. "તેને અંદર લઇ જઇને પથારી પર સુવડાવી દો." તેમણે બંને બહેનોને કહ્યું, "કેથી, પાણી ઉકાળ અને થોડા ચોખ્ખા ટુવાલના કટકા શોધી કાઢ."

જેવા તેઓ ઘરમાં પ્રવેશ્યા કે પૂનમાહ દાદીએ દુઃખી સ્વરે કહ્યું, "મારી દીકરીને શું થયું છે?"

પહેલાં તો મુનીઅમ્મા સમજી ન શકી કે શા માટે દાદીમા આમ પૂછી રહ્યા છે. પછી તેને ખ્યાલ આવ્યો કે તેની પોતાની હાલત જોઇને દાદીમાએ આવા પ્રત્યાઘાત આપ્યા હતા.

દાદીમા અને જોડીયા બહેનોએ ખૂબ સાચવીને મુનીને પથારીમાં સુવાડી. સીતાકાકી પૂનમાહ દાદીને વળગીને ખાટલાની ઉપર જ ઢળેલા હતા અને મુનીની દયાજનક સ્થિતિ નિહાળી રહ્યા હતા. મુનીઅમ્માના કપડાં ફાટીને ગંદા થઇ ગયા હતા. તેણે તેનો ખભો જોરથી પકડી રાખ્યો હતો. પાટામાં થઇને લોહી નીતરી રહ્યું હતું. મુનીની પરિસ્થિતિ બહુ સારી લાગતી નહોતી.

સ્યુએ રડતાં રડતાં ઉત્તેજીત થઇને કહ્યું, "ઓહ, મમ્મી, મુનીઅમ્માને સારું તો થઇ જશે ને?"

"હા બેટા, તેને સારું થઇ જશે." મેરીએ ધીમેથી પાટો દૂર કર્યો અને મુનીના કપાળ પર ધ્યાનથી જોયું.

"ઓહ, પ્રભુ, ખાસ્સું વાગ્યું છે, પરંતુ લોહી નીકળતું બંધ થઇ ગયું છે. તેનો ઘા સાફ કર્યા પછી આપણે પતંગિયાના આકારનો પાટો

બાંધીશું. કારણ કે અહીં કોઇ જગ્યાએ ટાંકા લઇ શકાય, તેવી વ્યવસ્થા નથી."

મુનીઅમ્માએ ડોકું હલાવ્યું, પછી મિસિસ, મોર્ટને વધારે ધ્યાનથી મુનીઅમ્મા સામે જોયું "મને બીક છે કે કદાચ આ ખુલી ગયેલા ઘા થી નિશાન પડી જશે. જો કે તે બહુ ધ્યાનમાં આવે તેવો નહિ હોય, પરંતુ........"

**સીતાકાકી ઘા ના નિશાન સબંધી શું કહેતા હતા?** મિશનરી મુનીના ઘા સાફ કરતા હતા ત્યારે મુની વિચારતી હતી. **હૃદય પર પડેલા ઘા વિષે કંઇક હતું?** ગમે તેમ, તેણે વિચારધારા આગળ ચલાવી, **મારા કપાળ પરના ઘા ને કારણે જો રાજ મારી સાથે લગ્ન કરવાની ના પાડી દે તો એવા ઘા નો મને કશો વાંધો નથી.**

"હવે ઠીકછે. ચાલ, હવે હું જરા તારો ખભો તપાસી લઉં" મિસિસ મોર્ટન આ પ્રમાણે બોલ્યા. એટલે મુનીની વિચારોની સાંકળ તૂટી ગઇ. દરેકને ઘણું બધું પૂછવું હતું. પણ અત્યાર સુધી બધા શાંત હતા. પણ દાદીમાએ મુનીના ખભા પરનો મોટો ઉઝરડો જોયો કે તરત તેમણે ધ્રૂજતા સ્વરે પૂછયું. "શું બન્યું છે?"

હવે અત્યાર સુધીમાં ઓરડો લોકોથી ભરાઇ ગયો હતો. સીતાકાકી, કાકા, પાસ્ટર મુનસામી, તેમના પત્ની, અને મોર્ટન કુટુંબ, બધા મુનીની પથારીની આસપાસ ટોળે વળ્યાં હતા.

"તું પડી ગઇ હતી?" દાદીમાએ ચિંતાતુર અવાજે પૂછયું.

"એક માણસે તેને મારી નાખવાની કોશીશ કરી છે!" એ કેન હતો. અને થોડીવાર માટે તો ઓરડામાં આઘાતજનક ચૂપકીદી છવાઇ રહી. પછી બધા એક સાથે બોલવા લાગ્યા. શાંતિ એકદમ તૂટી ગઇ.

"શાંત!" પૂનમાહ દાદીએ બૂમ પાડી. "મારી પૌત્રીને શું થયું છે, તે મારે જાણવું છે, આજે બપોરે ખરેખર શું બન્યું તે મારે તેના મોંએથી જ સાંભળવું છે. અને આમાં મારા દીકરા ક્રિશનો કંઇ હાથ છે કે કેમ, તે પણ મારે જાણવું છે."

મુનીઅમ્માએ તરત જ તેનો ખભો ઢાંકી દીધો અને જાડો ધાબળો તેની દાઢી સુધી ઓઢી લીધો. હાથવણાટના ધાબળાની ડિઝાઇન પર નજર રાખીને તેણે સભાનપણે જ્વાબ આપ્યો, "ના, દાદીમા, અત્યારે જે કંઇ બન્યું છે, તેની સાથે પિતાજીને કંઇ લેવા દેવા નથી."

"તો પછી શું પેલો તેનો ડરામણો જોડીદાર હતો, જેણે તને આવું કર્યું? તું રાજને તો ઓળખે છે ને?"

"ના, દાદીમા."

બપોરે જે કાંઇ બન્યું તે કહેવાની મુનીઅમ્માની જરા પણ ઇચ્છા નહોતી. પણ અત્યારે તેનું કંઇ ચાલે એમ નહોતું. બધા તેની વાત સાંભળવા આતુર હતા.

અચકાતાં અચકાતાં મુનીઅમ્માએ કહેવાનું શરૂ કર્યું. અને ફરી એક વાર દરેક જણે તેની વાર્તા ધ્યાનથી સાંભળી.

છેવટે પાસ્ટર મુનસામી બોલ્યા, "તું કોની વાત કરે છે, તે હું જાણું છું. તે માણસ અને તેની ઘરડી માતાએ મને અને મારી પત્નીને ખૂબ જ હેરાન કર્યા છે. ખાસ કરીને મિસિસ રેડ્ડીએ. તે ખ્રિસ્તીઓને ધિક્કારે છે. ખરેખર તો, થોડા દિવસો પહેલાં મેં સાંભળ્યું હતું કે તે આઇઝીપીન્ગોના મોટા મંદિરમાં, તેની પૌત્રીના સાજાપણા માટે પૂજા કરવા ગઇ હતી. કદાચ ગયા અઠવાડિયે તમે એને જોઇ હશે! મોટા ભાગે તે ખ્રિસ્તીઓની વિરુદ્ધ ખૂબ બોલે છે, અને તેની હાજરીની જાણ કરે છે. સાચું કહું છું,

મિસિસ રેડ્ડી આપણી વિરુદ્ધ બોલવાની એકપણ તક ચૂકતી નથી."

શું કરવું તે સમજણ ન પડવાથી ઓરડામાં બધા શાંત ઊભા રહ્યા. તેઓ ખરેખર કોની વાત કરી રહ્યા હતા, તે દરેકને ખબર હતી.

"અમે તેને મળ્યા છીએ." સીતાકાકીએ ગંભીરતાથી કહ્યું.

મુનીઅમ્માએ તેના ધ્રૂજતા હાથોથી તેનું મોં ઢાંકી દીધું. અને રડવા લાગી.

"બસ...બસ હવે શાંત થઇ જા." મેરી મોર્ટને મૃદુતાથી કહ્યું, અને મુનીઅમ્માનો હાથ હમણાં જ બાંધેલા પાટા પરથી દૂર ખસેડી લીધો. "તારે સંભાળવું પડશે. પેલો ઘા ખુલી જશે તો પાછું લોહી નીકળવાનું શરૂ થઇ જશે."

સ્યુ અને લાઉ બંને પલંગની કોરે બેઠા હતા. બંનેએ હાથ લાંબો કરીને મુનીને સ્પર્શ કર્યો. પાસ્ટર મુનસામીએ આગળ ચલાવ્યું.

"સાચે જ મને લાગે છે કે પેલી ઘરડી મિસિસ રેડ્ડી એક દુષ્ટ શેતાની આત્મા છે. અને ઘણું કરીને પેલા માંદા બાળકના પિતા પણ દુષ્ટ શેતાની આત્માના કારણે જ હેરાન થઇ રહ્યા છે." મુનીઅમ્માને પરસેવો વળી ગયો. સીતાકાકી આગળ આવ્યા. "મુનીઅમ્મા, યાદ કર, તે બાળકના પિતાના વર્તનમાં તને કંઇ વિચિત્ર લાગ્યું હતું?"

કેન વચ્ચે કૂદી પડ્યો, "હા, તેણે તેનામાં કંઇ વિચિત્રતા જોઇ જ છે તેણે તેને મારી!"

મોર્ટન કુટુંબ ભયભીત દેખાતું હતું.

"શાંત, દીકરા, શાંત થઇ જા, મેરીએ ઠપકાના સૂરમાં કહ્યું, તારા ગુસ્સાથી કોઇ પ્રશ્ન હલ નહિ કરી શકાય."

મિ. મોર્ટને પણ દીકરા સામે ઠપકાભરી નજરે જોયું, પછી મુનીઅમ્મા સામે જોઇને પૂછયું, "તે માણસ વિષે કંઇ વિચિત્ર બાબત તારા ધ્યાનમાં આવી હોય તો અમને કહે.

પ્રશ્નોથી અને વાતોથી હવે મુની થાકી ગઇ હતી. તેને એવી તીવ્ર ઇચ્છા થઇ આવી કે બધા તેને એકલી છોડી દે અને તે મન ભરીને રડી લે. દિવસે દિવસે તેનું જીવન વધુ ને વધુ ગુંચવાડા ભર્યું બનતું જતું હતું. જો કે તેને ખબર હતી કે આ વડીલો પરિસ્થિતિનો પૂરેપૂરો તાગ મેળવી નહિ લે, ત્યાં સુધી તેને પ્રશ્નો પૂછયા જ કરશે. ખાટલાના પાયેથી નીચા વળીને તેણે જોયું. દાદીમાનાં ચહેરા પર ચિંતા દેખાતી હતી. દાદીમાએ ડોકું હલાવીને કહેવા માટે તેને પ્રોત્સાહિત કરી.

"અં....." મુનીએ ધીમેથી શરૂ કર્યું," કદાચ તેનું કશું મહત્ત્વ ના પણ હોય, છતાં એક બાબત મને વિચિત્ર લાગી હતી."

બધા શાંતિથી સાંભળતા હતા. કેને પણ આંટા મારવાનું છોડીને મુની સામે જોતો ઊભો રહી ગયો. દાદીમાએ ફરી ડોકું હલાવીને વાત આગળ ચલાવવા મુનીને ઇશારો કર્યો.

"જ્યારે મેં ઇસુનું નામ લીધું, ત્યારે તે બાળકના પિતાએ તેના બંને હાથથી તેના કાન દબાવી દીધા અને તે નામ નહિ બોલવા મને તાકીદ કરી. હું સમજી નહિ અને મેં ફરી ઇસુનું નામ લીધું. તે જ વખતે તે ક્રોધથી રાતો પીળો થઇ ગયો. મને નીચે પટકી અને પથ્થર ફેંકવા લાગ્યો."

"હંઅઅ....." પાસ્ટર મુનસામી બોલ્યા. તેમનો શ્યામ ચહેરો વિચારમગ્ન હતો, "ઇસુનું નામ સાંભળી ન શકવું, તે ચોક્કસપણે ખરાબ આત્માના અસ્તિત્વની નિશાની છે"

"એવું બહાનું ન કઢાય!" કેનનો અવાજ વધુ પડતો ઊંચો થયો,

તેણે લગભગ બૂમ પાડી, "તે મોટો માણસ છે, અને તેણે આ છોકરીને મારી છે, તે તો મોટો બળદિયો છે! આપણે ત્યાં જવું જોઇએ અને એવું કંઇક કરવું જોઇએ કે તેને તેના વર્તન બદલ પસ્તાવો થાય."

"હા" સ્યુએ પણ સૂર પૂરાવ્યો. તે કૂદીને કેનની બાજુમાં ઊભી થઇ ગઇ.

"તમે બંને ધીમેથી બોલો જોઇએ," તેમના પિતાએ તાકીદ કરી. "તમારે બૂમો પાડવાની કોઇ જરૂર નથી. તમારી લાગણીઓ માટે અમને સહાનુભૂતિ છે, પણ ગુસ્સાથી કોઇ પ્રશ્નનો નિકાલ આવતો નથી. ઊલટું ગુસ્સાથી તો પરિસ્થિતિ વધુ બગડે છે."

"તમારા પિતા ઠીક કહે છે," મેરીએ તેમનાં બાળકોને કહ્યું.

"પણ એક રીતે હું કેન સાથે સંમત થાઉંછું." મિ. મોર્ટને સ્વીકાર કર્યો. મને લાગે છે કે આપણે જઇને તે માણસને શોધી કાઢવો જોઇએ." ઓરડામાં રહેલી દરેક વ્યક્તિને આશ્ચર્ય થયું.

"શા માટે?" કાકાએ પૂછયું. તેઓ બારણા પાસે સીતાકાકીની બાજુમાં ઊભા હતા.

"ચોખ્ખી વાતછે. આપણે જઇને તે દુષ્ટ આત્માઓને કાઢી મૂકવા જોઇએ અને જ્યારે આપણે આઇઝીપીન્ગો પાછા જઇએ ત્યારે મિસિસ રેડ્ડીનો પણ પ્રતિકાર આપણે કરવો જોઇએ. ક્રિશ અને તેના જોડીદાર રાજ સાથે પણ આપણે સખ્તાઇથી કામ લઇશું, હવે આ આખી પરિસ્થિતિ કાબૂ બહાર જઇ રહી છે."

"બહુ ઉતાવળ ના કરશો," પાસ્ટર મુનસામીએ મિશનરીને કહ્યું, અને પછી સૂચક રીતે હસ્યા. "આપણે કંઇ પણ કરીએ તે પહેલાં પ્રાર્થના માટે થોડો સમય કાઢવો જોઇએ."

"ચોક્કસ, ચોક્કસ!" મિશનરી મોર્ટને હૃદયપૂર્વક કહ્યું, "આપણને પ્રાર્થનાની ખાસ જરૂર છે. અને ત્યાર પછી જ જઇને આપણે આ સમસ્યા સારી રીતે હલ કરી શકીશું."

"ઠીક ત્યારે, જોઇએ હવે ઇશ્વર આપણને કઇ દિશામાં દોરે છે," ભારતીય પાસ્ટર બોલ્યા. "ઇશ્વર કદાચ આ મુશ્કેલીમાં ફસાયેલા લોકોને આપણા બારણે લાવીને પણ ઊભા કરી દે, કોને ખબર."

મુનીઅમ્મા ધ્રૂજી ગઇ. તેણે ધાબળો તેના મોં સુધી ખેંચી લીધો. ધાબળા પર તેનાથી બચકું ભરાઇ ગયું.

મેરી મોર્ટને મુનીના વિખરાયેલા વાળ સરખા કર્યા. અને કહ્યું, "મને લાગે છે, કોઇએ જઇને પેલા માંદા બાળકની ખબર કાઢી આવવી જોઇએ."

મોર્ટન કુટુંબના બીજા સભ્યો પણ સંમત થયા. ફરી પાસ્ટર મુનસામીએ જવાબ આપ્યો, "તમારી ચિંતા, પ્રશંસાને પાત્ર છે, પરંતુ આપણે યુદ્ધમોરચે પ્રયાણ કરીએ, તે પહેલાં આપણને પ્રાર્થનારૂપી રક્ષણની જરૂર છે."

પાસ્ટર મુનસામીના ડહાપણનો દરેકને ટૂંક સમયમાં અનુભવ થવાનો હતો.

# પ્રકરણ – ૧૨

કોટડીઓની પેલી હારમાં યુવાન મિસિસ રેડ્ડી તેના પતિ સામે લાચાર ચહેરે બેઠી હતી. તેણે તેના બાળકને છાતી સરસું ચાંપી રાખ્યું હતું. તે બીતા બીતા બોલી, "તમારે એમ નહોતું કરવું જોઇતું. તમારે તે છોકરીને મારવી જોઇતી ન હતી."

"તે અહીં આવી શું કામ?" તેના પતિની વિરુદ્ધ જવા કરતાં વધુ સારું શું છે તે યુવાન પત્ની જાણતી હતી. તે ગુસ્સે થતો ત્યારે કેવો હિંસક બની જતો, તેનાથી તે સારી રીતે પરિચિત હતી. તે અને તેની ઘરડી માતા ખોટા કારણસર ભયાનક ગુસ્સે થતાં....કેટલીક વાર તો સાવ નજીવા કારણસર ગુસ્સે થતાં.

"ખ્રિસ્તીઓ!" રેડ્ડી બોલ્યો, અને પછી ભોંય પર થૂંક્યો. "તે લોકો કદી કોઇને ઇજા પહોંચાડવા નથી માગતા. પણ એ જ તો વાંધો છે. મારી મા સાચું કહે છે. આપણે આ ખ્રિસ્તીઓની નકામી વાતો સાંભળી, તે પહેલાં આપણી પરિસ્થિતિ ઘણી સારી હતી. આપણે તો હિંદુ થવા સર્જાયેલા છીએ. ભારતીયો ખ્રિસ્તી થતાં હોય એવું કોઇએ સાંભળ્યું છે? એ તો ગોરાઓનો ધર્મ છે."

"મને ખબર છે," તેની પત્ની સંમત થતાં બોલી. બીકથી તેણે થૂંક ગળ્યું. તેના દીકરાના વજનને કારણ તે તેને એક હાથમાંથી બીજા હાથમાં ફેરવતી હતી. તેના પાતળા હાથપગ હલાવતા તે બોલ્યો, "પ....પણ તે યુવાન છોકરીએ કહ્યું કે તેમના ખ્રિસ્તીઓના ઇશ્વરે તેના દાદીમા સાથે તામિલમાં વાત કરી. મને કંઇ સમજાતું નથી."

"એમાં સમજવા જેવું શું છે? એ તો મોટું જૂઠાણું છે!"

"મને......મને નવાઇ લાગે છે," તેણે અચકાતાં અચકાતાં બોલવાનું ચાલુ રાખ્યું. "તેણે કહ્યું કે આ ઇશ્વર કાલી કરતાં વધુ સામર્થ્યવાન છે. અને તેણે સઘળું ઉત્પન્ન કર્યું. અને તેણે...તેની દાદી સાથે ખરેખર તામિલમાં વાત કરી! તે સ્ત્રી તેની સવારની પ્રાર્થના કરવા તે.....તૈયાર હતી. એવું લાગે છે કે તે સંપૂર્ણ હિંદુ હતી. આ ઇશ્વર તેને વાળવાનું બંધ કરીને દેવળમાં જવાનું શા માટે કહે?"

"મૂર્ખ ના બન!" હવે તેનો પતિ બૂમો પાડવા માંડ્યો હતો. "એવું કશું બન્યું નહોતું. બધી તેની કલ્પના છે. સીધા સાદા લોકોને ગેરમાર્ગે દોરવા માટે આવી વાર્તાઓ કહેવામાં આવે છે. એ છોકરીએ કહેલો એકેય શબ્દ હું માનતો નથી. હવે એ બધી વાત જવા દે અને મારા માટે કંઇક ખાવાનું લઇ આવ."

કંઇ પણ વધુ બોલવા કરતાં શું કરવાનું છે, તે આ યુવાન માતા સારી રીતે જાણતી હતી. તેથી તે તેના દીકરાને લઇને સૂવાના ઓરડામાં ગઇ. અને ખૂણામાં પડેલી જૂની સાદડી પાથરીને તેના પર તેને સૂવાડ્યો. તેનું શરીર ગરમ હતું. પરંતુ તેને પરસેવો થતો નહોતો. "મને બીક લાગે છે." તે જોરથી બોલી,

"તારે સાજા થવાનું જ છે." તેની આંખોમાં આંસુ ઊભરાઇ આવ્યા અને તેના વહાલાં દીકરાના તાવથી ધગધગતા શરીર પર પડવા લાગ્યા.

તે જ વખતે તે બાળકનો પિતા સૂવાના ઓરડાના દરવાજા પર અઢેલીને ઊભો, "તું શાક બનાવે, ત્યાં સુધી હું તેની પાસે છું. તેને એકલો મૂકી શકાય તેમ નથી."

તેની પત્નીએ ડોકું હલાવ્યું અને શાંતિથી ઓરડાની બહાર ચાલી ગઇ. આવી પરિસ્થિતિમાં દીકરાને છોડીને રાંધવાનું તેને કાળ જેવું લાગતું હતું. પરંતુ તેના પતિની વાત સાચી હતી, એ પણ તે જાણતી હતી. શક્તિ

ટકાવી રાખવા ખાવું જરૂરી હતું.

ખૂબ જ નારાજગીથી તે ચાલવાના સાંકડા રસ્તા પર ચાલીને બહાર રસોડામાં ગઇ અને કેરોસીનનો સ્ટવ સળગાવ્યો. તેણે તપેલીમાંના ગરમ તેલમાં આદુ અને લસણ યંત્રવત્ રીતે નાખ્યું. પછી તેણે ડુંગળી અને ટામેટાં કાપીને તેમાં નાખ્યાં. છેવટે ચમચા ભરીને શાકના મસાલા નાખ્યાં. આ બધું રંધાઇ રહે ત્યાં સુધી તે કોબીજ કાપતી બેઠી. રસાવાળું કોબીજનું શાક જે તેને પ્રિય હતું, તે પણ આજે તેને ગમ્યું નહિ.

શાક ધીમેથી ઉકળતું હતું. મસાલેદાર સુગંધથી રસોડું ભરાઇ ગયું. બીજા સ્ટવ પર બીજા એક મોટા તપેલામાં ભાત રંધાઇ રહ્યો હતો.

"કદાચ હું જઇને મારા દેવની વધારે પ્રાર્થના કરું તો મારું બાળક સાજું થઇ જશે." તેણે વિચાર્યું. તેની આંખોમાં ફરીથી આંસુ આવી ગયા. જે તેણે તેના બ્લાઉઝમાં રાખેલા રૂમાલથી લૂછી નાખ્યાં. તે તેની પરસાળમાં ગઇ અને એક ખૂણામાં છાજલી પર રાખેલો પિત્તળનો ઘંટ તેણે ઉપાડી લીધો. તે ઉતાવળે આગળના ભાગમાં ગઇ અને તેના પથ્થરના દેવની આગળ ઘૂંટણે પડી. પથ્થર સાવ સામાન્ય દેખાતો હતો. તે ઈંડા આકારના નાના તવા જેવો, પણ ચપટો અને સુંવાળો હતો. તે તેની સાસુએ તેના ઘરના આગળના ભાગમાં મોટા ઝાડ નીચે મૂક્યો હતો. તેની સાસુ તે ભારતથી લાવી હતી. અને તે પવિત્ર છે, તેવો દાવો તે કરતી.

ઘણાં વર્ષોથી તેઓ તેની પૂજા કરતા હતા. અને તે તેમને ફળ્યો પણ હતો. દરેક અઠવાડિયે આ યુવાન પત્ની તે પથ્થરને નવડાવતી અને તેની આગળ પ્રસાદ મૂકતી. આ પથ્થરની પૂજા કરવાથી તેના પતિને ખાંડના કારખાનામાં કાયમી નોકરી અને કેટલીક બઢતી પણ મળી હતી. જો કારખાનું સમારકામ માટે બંધ ના હોત તો આજે પણ તે નોકરી પર ગયો હોત.

એક દીકરા માટે પણ તેમણે પ્રાર્થના કરી હતી. અને આ દેવે તેમની પ્રાર્થનાનો જવાબ આપ્યો હતો. **હા, આ પથ્થરનો દેવ તેમને માટે શુભ હતો. પછી વાંધો શો છે?** જીવ પર આવી જઇને તે ઘૂંટણે પડી. નાનો પિત્તળનો ઘંટ હાથમાં પકડીને તેણે હલાવ્યો. પથ્થરના દેવનો આત્મા ઊંઘી ગયો હોય કે ક્યાંક દૂર ગયો હોય તો તે તેનું ધ્યાન ઘંટ વગાડીને દોરવા માગતી હતી. ફરીથી તેણે ઘંટ વગાડ્યો અને તેનો દેવ આવીને તેનું સાંભળશે એ આશામાં તે રાહ જોતી બેસી રહી. પછી મુશ્કેલીમાં આવી પડેલી આ માતાએ સાડીનો છેડો માથે ઓઢ્યો અને તામિલ ભાષામાં પ્રાર્થના કરવા લાગી. વારંવાર આંસુઓ સહિત તેણે તેના દીકરાની જિંદગી માટે આજીજીઓ કર્યા કરી.

અચાનક તેને બેચેન કરી મૂકે તેવો વિચાર આવ્યો. તેની પ્રાર્થનામાં ભંગ પડ્યો. મુનીઅમ્માએ તેને સર્જનહાર ઇશ્વર અને તેના પ્રેમ વિશે વાત કરી હતી. તેનાથી તે બેચેન બની ગઇ. શું એ સાચું હશે? તેણે પોતાની જાતને પૂછયું. તેણે આંખો ઉઘાડી અને પથ્થરના દેવને જોઇ રહી. **શું આ દેવ પ્રેમ કરી શકે? તેને તો આંખો નથી, તેથી તે જોઇ શકતો નથી. તેને સાંભળવાના કાન પણ નથી. યુવાન છોકરીએ જે ઇશ્વરની વાત કરી તેવો કોઇ ઇશ્વર છે ખરો, જેણે બધું બનાવ્યું અને જે તેના લોકોને ચાહે છે? એવો ઇશ્વર કે જે બલિદાન કે પ્રસાદી માગતો નથી? પણ આ બધાનો ખ્રિસ્તીઓ સાથે શું સંબંધ? અને જેને તેઓ ઇસુ કહે છે તેની સાથે?**

કંઇ સમજાતું નહોતું. છતાં પણ આ યુવાન માના હૃદયમાં આવા ઇશ્વર વિશે જાણવાની તમન્ના ઉત્પન્ન થઇ હતી.

"હું આવું વિચારું છું, તેવું પણ જો મારી સાસુ જાણે તો તે શું કરે? તે બબડી. તે તેની સાસુ વિશે મૂંઝવણ અનુભવતી. ક્યારેક તે પ્રેમાળ

અને દયાળુ લાગતા, અને બીજી જ મિનિટે તે કડવાશ અને તિરસ્કારથી ભરેલા લાગતા.

"પણ આજે" પોતાની જાતને જાણે ખાતરી અપાવતી હોય તેમ તે મોટેથી બોલી "મારા સાસુ દયાળુ બન્યા છે. અત્યારે તે આઇઝીપીન્ગોના મંદિરમાં પૂજા કરી રહ્યા છે. તેનાથી અમારો દીકરો જો સાજો નહિ થાય, તો બીજા કશાથી તેને સારું થશે નહિ!" યુવાન મિસિસ રેડ્ડીએ પથ્થરના દેવની આગળ આવેશપૂર્ણ રીતે પૂર્ણ રીતે પ્રાર્થના બોલવાનું ચાલુ રાખ્યું. તે ત્યાં કેટલું બેઠી, તેની તેને ખબર પડી નહિ. આવું ઘણીવાર બનતું. એક વાર તે પૂજાપાઠ કરવાનું ચાલુ કરતી, કે તે કોઇક એવી અવસ્થામાં પહોંચી જતી કે તેને આજુબાજુનું ભાન રહેતું નહિ. આ વખતે જો કે તેના પતિએ તેને સંમોહિત અવસ્થામાંથી જગાડી.

"જલદી! અંદર આવ!"

ક્ષણભર તો તેની પત્ની જાણે થીજી ગઇ. એવી કંઇક અંતઃપ્રેરણાથી તે જાણી ગઇ કે તેમના બાળકની હાલત બગડીછે. ઘડીભર જ તે એમની એમ બેસી રહી. તેની નસોમાં એડ્રીનલ જોરથી વહેવા લાગ્યું. તે ઊઠી અને ઘરમાં ધસી ગઇ. તેમનું બાળક ખૂણામાં શાંત પડી રહ્યું હતું. અને પહેલાં તો તેને લાગ્યું કે તે મૃત્યુ પામ્યું છે. "મારો દીકરો!" તેણે ચીસ પાડી.

"તે મૃત્યુ પામ્યો છે!" "ના.....તે મૃત્યુ નથી પામ્યો...જો.....હજુ તેના શ્વાસોચ્છવાસ ચાલે છે પણ કંઇક ગંભીર બની રહ્યું છે." માતાએ જોયું. તેમનો દીકરો હવે બેચેની અનુભવતો નહોતો, પણ થાકીને પડી રહેલો. તેની આંખોની કીકીઓ ફરી ગઇ હતી. અને તેના નાજુક ચહેરાની શ્યામ ચામડી પર આંખોમાં માત્ર સફેદ રંગ દેખાતો હતો. એકાએક બાળકનું માથું આંચકા લેવા લાગ્યું.

અને તેના હાથ-પગ સખત ધ્રૂજવા લાગ્યા. છેવટે તેનું આખું શરીર ખેંચાવા લાગ્યું. ખૂબ ભયંકર દૃષ્ય હતું. તેના માતા-પિતા તેને ભયથી નિહાળી રહ્યા.

માતાએ તેના વહાલા દીકરાને ઢંઢોળી નાખ્યો અને તેને ખેંચાતો બંધ કરવા પ્રયત્ન કરવા લાગી. "ઓહ બસ દીકરા....બસ!" તેણે આજીજી કરી. "ઓહ, તેની ખેંચ બંધ કરો," તેણે જોરથી તેના પતિને કહ્યું.

પણ બાળક તો તેના પિતાની જેમ જ નિર્બળ હતું. "શું કરવું તે મને સમજાતું નથી." જીવ પર આવીને તેણે બૂમ પાડી. "આવું તો ક્યારેય બન્યું નથી." માતા કલ્પાંત કરવા લાગી. તેના રુદનનો અવાજ તેના પતિને વેરણછેરણ કરી નાખતો હતો અને અવાજમાં એક પ્રકારનું ખોવાયેલાપણું હતું. જેનાથી તેના પતિના હાડકાં જાણે થીજી ગયાં.

માતાએ તેના ખેંચાતા અને અમળાતા બાળકને છાતી સાથે જોરથી દબાવી રાખ્યું હતું. અને ઓરડામાં આમતેમ એક જંગલી સ્ત્રીની માફક કૂદકા મારી રહી હતી.

રેડ્ડીને ખબર પડી ગઇ હતી કે જો તે તાત્કાલિક કંઇ નહિ કરે તો તે તેના દીકરાને અને તેની પત્ની, બંનેને ખોઇ બેસશે. તેની ઘરડી માતા અહીં કેવી રીતે પૂજા કરવી અને કેવી પ્રસાદી ચઢાવવી તેની હમેશાં તેને ખબર રહેતી. પણ તે તો જતી રહી હતી. કદાચ હું અમારા મંદિરે જાઉં તો, તેણે વિચાર્યું, પછી તેને યાદ આવ્યું કે ખાંડનું કારખાનું તો બંધ હતું અને મોટા ભાગના લોકો ચાલ્યા ગયેલા. પૂજારી પણ શનિ-રવિની રજા માણવા જતો રહેલો.

"આપણે શું કરીએ?" તેણે જોરથી પૂછ્યું. તેની પત્નીએ સાંભળ્યું નહિ. ખૂબ ઊંચા સ્વરે, ગાંડાની માફક રુદન કરવાનું તેણે ચાલુ રાખ્યું.

તે ધીમે ધીમે શરૂ થયું. આ પ્રકારની લાગણી રેડ્ડીએ પહેલાં પણ અનુભવી હતી. તેનાથી તેને આઘાત અને બીક, બંને લાગતાં. જાણે એવું લાગતું હતું કે કોઇ બહારની વસ્તુ તેના શરીરનો કબજો લઇ રહી છે તેના આખા વ્યક્તિત્વનો. જાણે એવું લાગતું હતું કે તેની અંદર, ખૂબ ઊંડે ઊંડે કોઇ દુષ્ટ વસ્તુ સળવળાટ કરી રહી હતી. નાશ કરવા જાણે તે આમતેમ ફરી રહી છે. રેડ્ડીએ ક્યારે તેની જાત પરનો કાબૂ ગુમાવી દીધો અથવા પેલી બહારની ચીજે ક્યારે તેનો કબજો લઇ લીધો, તેની તેને ખબર પડી નહિ. તેને તો માત્ર એટલી જ ખબર હતી કે કોઇક દુષ્ટ વસ્તુ તેનામાં પ્રવેશીને તેના શરીરનો કબજો લઇ લે છે, આ બાબતને ધિક્કારતો હતો.

એકાએક તેની આંખો ભાવવિહિન બની ગઇ. તેનું શરીર અક્કડ થઇ ગયું. તેના ગળામાંથી જાણે તેનો ન હોય તેવો જુદો જ અવાજ નીકળ્યો. જેનાથી તેની પત્નીની ચીસો બંધ થઇ ગઇ.

"ખ્રિસ્તીઓ! એમનો જ વાંક છે. પેલી ખ્રિસ્તી છોકરીએ આની કિંમત ચૂકવવી પડશે. તે બધા પાસેથી હું આની કિંમત વસૂલ કરીશ!"

તે એક ધાબળો ખેંચીને તેની ગભરાયેલી પત્ની તરફ ધસી ગયો. તેના હાથમાંથી દીકરાને લઇ લીધો. અત્યાર સુધી, બાળકના અમળાવા અને ઉછળવાને પૂરી એક મિનિટ પણ થઇ નહોતી, પરંતુ તેના માતા-પિતાને તો તે સમય કલાકો જેવો લાગ્યો હતો.

"તમે ક્યાં જાઓ છો?" તેના વાળ પીંખી નાખતાં તેણે ચીસ પાડી. "મારો દીકરો મને પાછો આપી દો!" પછી તેણે તેના પતિનો ચહેરો જોયો. વિચિત્ર રીતે વિકૃત ચહેરો. તે ધ્રૂજી ગઇ. અને ઘડીભર માટે દીવાલને અઢેલીને બેસી પડી. રેડ્ડી જવાબ આપવા ઊભો રહ્યો નહિ. તે રસોડા તરફ દોડ્યો. અને કસાઇ પાસે હોય તેવો એક મોટો

છરો ઊંચકી લીધો. ગુસ્સામાં તેણે ઉકળતું તપેલું ચૂલા પરથી નીચે પાડી નાખ્યું. કોબીજનો રસો ચારેય બાજુ ઢોળાઇ ગયો.

"તમે શું કરી રહ્યા છો?" ગભરાયેલા અવાજે તેણે ચીસ પાડી.

"મારા બાળકને અને છરો લઇને તમે ક્યાં જાઓ છો?"

ફરીથી તેણે જવાબ ન આપ્યો પણ કોટડીઓની વચ્ચેના સાંકડા રસ્તા પર દોડવા માંડ્યું. ચીસો પાડતી અને પડતી આખડતી તેની પત્ની તેની પાછળ દોડી. આ બધાની વચ્ચે, જાણે મૃત્યુ પામ્યું હોય તેમ બાળકનું શરીર પિતાના હાથમાં નિષ્પ્રાણ જેવું થઇ ગયું, તેનો પિતા વધુ ક્રોધિત થયો અને તે વધુ ઝડપથી દોડવા લાગ્યો.

લોકો હવે તેમના ઘરોમાંથી બહાર આવીને જોઇ રહ્યા હતા. બીજા કેટલાક, આ તમાશાથી દૂર રહેવા, તેમના ઘરોના બારણા પાછળ સંતાઇ ગયા હતા.

સાંકડા રસ્તા પર તેઓ દોડી રહ્યા હતા. રેડ્ડી હવે ગાંડો થઇ ગયો હતો. "આ બધા માટે તેઓ જ દોષિત છે!" તેણે બૂમ પાડી.

તે એવી રીતે દોડ્યો કે જાણે દોડવાથી જ તેનું જીવન બચવાનું ના હોય....! અને ખરેખર એમ જ હતું. તેના દીકરાની જિંદગી પણ એમ જ બચવાની હતી.

# પ્રકરણ – ૧૩

એક ક્ષણ માટે મુનીઅમ્માએ આંખો બંધ કરી દીધી અને પાસ્ટર દંપતિની સુંવાળી પથારીમાં વધુ અંદર ખસીને લપાઇ ગઇ. તેની આજુબાજુમાં થઇ રહેલી પ્રાર્થનાના અવાજથી તેનું જોરથી ધડકતું હૃદય ધીમે ધીમે શાંત થવા લાગ્યું. પ્રાર્થના આગળ ચાલવા લાગી, મુનીઅમ્માનો ઝડપથી ચાલતો શ્વાસ હવે નિયમિત થઇ રહ્યો હતો. તેના ખેંચાયેલા સ્નાયુઓ પણ નરમ પડી રહ્યા હતા. માથામાં અને ખભામાં કળતર પણ હવે ઓછું થઇ રહ્યું હતું.

સ્યુ અને લાઉ બંને તેમની બહેનપણીને બહુ ધ્યાનથી જોઇ રહી હતી. મુનીની સ્થિતિમાં સુધારો થતો જોઇને સ્યુએ તેની બહેન સામે જોયું. તેની ભ્રમરો ઉપર ખેંચાઇ. લાઉએ સામુ સ્મિત કર્યું અને પછી કેન તરફ ઇશારો કર્યો.

તેમનો ભાઇ જ્યાં ઊભો હતો તે તરફ બંને બહેનોએ જોયું. લોકોથી ભરાઇ ગયેલા સૂવાના ઓરડામાં દરેક જણ ઉત્સાહથી પ્રાર્થનામાં ઘૂંટણીયે પડેલાં હતાં. પણ કેન થોડો દૂર, લગભગ સૂવાના ઓરડાના બારણા પાછળ ઊભો હતો. તે અજંપો અનુભવી રહ્યો હતો. તે વારાફરતી એક વાર જમણા પગ પર અને પછી ડાબા પગ પર ઊભો રહેતો. તેમ થવાથી તેના પગનો અવાજ તેની બહેનો સાંભળી શકતી હતી. લાઉએ તેના હોઠ દાંત વચ્ચે દબાવ્યા અને માથું હલાવ્યું.

તેની બહેનો તેને જોઇ રહી હતી. તેનાથી કેન સભાન હતો. બહેનો સામે જોયા વગર પણ તેને ખબર પડી ગઇ હતી. કેવી રીતે, ખબર નહી. જે એક પ્રકારની લાચારીની નિરાશાની લાગણી તેનો કબજો લઇ રહી

હતી, તેને તે ધિક્કારતો હતો. **ઈંગ્લેન્ડમાં તો હું આત્મવિશ્વાસથી ભર્યો ભર્યો રહેતો.** તેણે વિચાર્યું. **અમે અહીં દક્ષિણ આફ્રિકામાં આવ્યા છીએ ત્યારથી શા માટે બધું ઊંધું જ થાય છે? થોડા સમય માટે પણ આ જીવનમાં થોડી સુખશાંતિ શા માટે નથી મળતી?**

તેણે દીવાલને લાત મારી. લાત, તેના ધાર્યા કરતાં જોરથી વાગી. લાતના અવાજથી કેટલાક વધુ લોકોનું ધ્યાન તેની તરફ ગયું તે, કેન તરત જ જાણી ગયો. "સારું થયું" તે અકળાઈને બબડ્યો. **જો હું અહીંથી બહાર નીકળી શકું,** તેણે વિચાર્યું, **તો હું જઈને પેલા બાળકના બાપ સાથે હિસાબ સરખો કરું. બાળક માંદું હોય તેથી કંઈ આવી નાજુક છોકરીને આવી રીતે મરાય?**

પાસ્ટર મુનસામી બોલ્યા, "સાંભળો, બધા." પ્રાર્થના થંભી ગઈ. પાસ્ટર જ્યાં ઊભા હતા, તે તરફ કેન પણ જોવા લાગ્યો. તેના શર્ટના બટન ખુલી ગયા હતા. અને તેમાંથી તેનું પેટ દેખાતું હતું.

"હું માનું છું કે આપણી આ લડાઈ રક્ત અને માંસની સામેની નથી. આપણો ખરો દુશ્મન, રેડ્ડી કે કોઈ પણ મનુષ્ય નથી. હું ખાતરીપૂર્વક માનુંછું કે આ લડાઈ તો અંધકારની માન્યતાઓ, અંધકારની તાકાતો અને અંધકારના શાસકો સામે છે."

**ચોક્કસ,** કેને વિચાર્યું તેની આખી પીઠ પર ઠંડીની એક લહેરખી આવી ગઈ. **હું ધારું છું કે મુનીઅમ્માના કપાળમાંથી જે નીકળતું હતું, તે ખરેખર લોહી નહોતું.** આવું કહેવાની તેને ઇચ્છા થઈ આવી, પણ તેની હિંમત ચાલી નહિ, કાકા અને સીતાકાકી અને કેનના માતાપિતા પણ પાસ્ટર મુનસામી સાથે સહમત થયાં.

"આપણી પાસે બીજો કોઈ રસ્તો નથી." ભારતીય પાસ્ટરે બોલવાનું ચાલુ રાખ્યું. "આ લડાઈ આપણે શરૂ નથી કરી. પરંતુ દુશ્મન

આપણને આ લડાઈમાં જોડાવા ફરજ પાડી રહ્યો છે. ઈશ્વરની ઈચ્છા એવીછે કે તેણે આપેલા શસ્ત્રો સજીને આપણે લડાઈ સારી રીતે લડીએ."

મુનીઅમ્મા પાછી ભયભીત થઈ ગઈ. તે અહીંથી નાસી જવા માગતી હતી, લડવા નહિ. તેણે દાદીમા સામે જોયું. તેઓ ખાટલા પાસે ઘૂંટણીયે પડ્યા હતા. શસ્ત્રો સજીને લડવાની વાત દાદીમાને મૂંઝવી રહી હતી.

મુનીએ તેમના ઉપલા હોઠની રુંવાટી પર પરસેવાના ટીપાં હારબંધ બાઝેલા જોયાં, છતાં પણ પૂનમાહ દાદી તેમની પૌત્રીની ભયભીત આંખોમાં હિંમતથી જોઈ રહ્યા હતા. તેમની આંખો જાણે કહી રહી હતી. "શું બીજી એક લડાઈ લડવા તું તૈયાર છે?"

સ્યુ અને લાઉએ તેમના હાથ લંબાવીને મુનીઅમ્માનો હાથ પકડ્યો. તેણે તેમના તરફ ન જોતાં, દાદીમા સામે ટગર ટગર જોવાનું ચાલુ રાખ્યું. જાણે તે હિંમત એકઠી કરવાનો પ્રયત્ન કરી રહી હતી.

પાસ્ટર મુનસામીએ મુનીનો કરુણ ચહેરો જોયો. તેઓ આગળ આવ્યા અને હાથ લાંબા કરીને પ્રાર્થના કરી. "ઈસુ ખ્રિસ્તના નામમાં, આ ઘરને તમારા રક્ષણથી આવરી લો. હવે અમે જે લડાઈ લડવાના છીએ, તેમાં તમારા આ બાળકો પૈકી એકને પણ કશી જ ઈજા ન થાય. તમારા દૂતોને આજ્ઞા કરો કે તેઓ આ ઘરને ઘેરી લે. અને શેતાનને આ ઘરમાં પ્રવેશવા ન દેશો."

જોડીયા બહેનોએ મુનીનો હાથ વધુ જોરથી પકડીને દબાવ્યો. કેને પણ ડાબા જમણા પગ પર વારાફરતી ઊભા રહેવાનું બંધ કર્યું. પછી કાકાનો અવાજ ગૂંજી ઊઠ્યો "હું આ મારા ખ્રિસ્તી ભાઈની સાથે સંમત થાઉંછું. જો કોઈ દુષ્ટ આત્મા અહીં હાજર હોય તો, ઈસુ ખ્રિસ્તના નામમાં

અને તેના લોહીની સત્તાથી, તેને અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા કરું છું. આ આજ્ઞા હું મારા પોતાના અધિકારથી કરતો નથી, પરંતુ ઇસુના પવિત્ર નામના અધિકારમાં કરું છું."

એ જ વખતે શાંતિને ભેદતી એક ચીસ સંભળાઇ, તે બહારથી આવી હતી. "તમે કોઇને મારશો નહિ!" એક સ્ત્રીએ ચીસ પાડી. "તમે સહુ ખ્રિસ્તીઓ, સાવધ થઇ જાઓ તેની પાસે મોટો છરો છે!"

"ચૂપ રહે!" તે માણસે બૂમ પાડી અને તેના માંદા બાળકને તે સ્ત્રીના હાથોમાં હડસેલી દીધું. "હું તેમનું ખૂન કરી નાખીશ." તે સોગંદપૂર્વક બોલ્યો. "પહેલાં પેલી છોકરીનો વારો અને પછી દરેક ખ્રિસ્તીને હું ચીરી નાખીશ!"

"નહિ.....!" રેડ્ડીની પત્નીએ બૂમ પાડી. જીવ પર આવી જઇને તેણે તેના બાળકને છાતી પર દબાવી રાખ્યું હતું.

"થોભી જા! તું શું કરી રહ્યો છે તેનું તને ભાન નથી! તું ગાંડો થઇ ગયો છે!"

તેના પતિએ તેને બાજુ પર હડસેલી દીધી. અને પછી પાસ્ટર મુનસામીના ઘરના બારણા તરફ દોડ્યો.

પહેલાં તો, બધા ખ્રિસ્તી ભાઇબહેનો થીજી જ ગયા. કોઇ હાલ્યું નહિ કે ચાલ્યું નહિ. મૃત શરીરની જેમ, જાણે કે બધા પથ્થરનું પૂતળું બની રહ્યા. દરવાજા પર કંઇક અથડાવાનો અવાજ આવ્યો ત્યારે જ તેઓ ચમક્યા. મુનીઅમ્માએ ઓઢવાનું કાઢી નાખ્યું. અને કૂદીને ખાટલા નીચે ભરાઇ ગઇ. સ્યુ અને લાઉ પણ તેની પાછળ પાછળ ખાટલા નીચે ભરાઇ ગઇ, ત્રણેય છોકરીઓ અત્યંત ધીમેથી શ્વાસ લેતી, ઢગલો થઇને પડી રહી.

દાદીમા અને સીતાકાકી એક ઊંચી ખુરશીની પાછળ છૂપાઇ ગયા.

કેન સૂવાના ઓરડાના દરવાજા પાછળ જ રહ્યો. તેના ચહેરા પરનો રંગ ઊડી ગયો હતો. તે બને એટલો દીવાલને ચીપકીને રહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

પાસ્ટર મુનસામી અને ઈન્દ્રાએ તેમના ઘરના આગળના દરવાજા પર એક વધસ્તંભ લટકાવ્યો હતો. રેડ્ડી આ વધસ્તંભ ખેંચી કાઢવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. જે અવાજ તેઓએ સાંભળ્યો તે તેનો જ હતો. ઘરની દીવાલ સાથે તે વધસ્તંભને પછાડી રહ્યો હતો. અંતે, વધસ્તંભ ભાંગીને ટુકડે ટુકડા થઇ ગયો. રેડ્ડીનું આખું વ્યક્તિત્વ અપવિત્ર તિરસ્કારથી ભરાઇ ગયું હતું. અને તેના મોંમાંથી અધમ પ્રકારના શબ્દોનો પ્રવાહ વહી રહ્યો હતો. આ તો જાણે રેડ્ડી પોતે નહોતો બોલતો, પરંતુ તેની અંદર રહેલો કોઇ દુષ્ટાત્મા બહાર આવવાનો પ્રયત્ન કરી રહ્યો હોય.

જોડીયા બહેનો સહિત બધા જ ખ્રિસ્તી લોકોને પ્રાર્થના કરતાં મુનીઅમ્મા સાંભળી શકતી હતી. તેઓ આજીજી કરી રહ્યા હતા. "ઈસુના નામમાં, પ્રભુ, દરવાજો ખૂલે નહિ એવું કરજો! રેડ્ડીને અંદર આવવા દેશો નહિ, બારણું તમે પકડી રાખજો!"

લગભગ દરેક જણ ડૂસકાં ભરી રહ્યું હતું. પરંતુ દરવાજો ખરેખર બંધ છે કે કેમ, તેની ઊભા થઇને કોઇએ ખાતરી પણ કરી નહિ. મોટા ભાગની વ્યક્તિઓ ઓરડાની મધ્યમાં જ ઊભી રહીને પ્રાર્થના કરતી હતી. મુનીઅમ્માની એવી ઇચ્છા થઇ કે કોઇક જઇને બારી બારણા આગળ ફર્નિચરનો ઢગલો કરી દે તો સારું. જેથી તે ખૂલે નહિ. પણ બધા જ ખ્રિસ્તી લોકો જાણે સ્થિર બની ગયા હતા. મુનીને ખ્યાલ આવ્યો કે આ ધમાલમાં ફરી પાછું તેનું માથું ક્યાંક અથડાયું હશે, કારણ કે પાટામાંથી ફરી પાછું લોહી વહી રહ્યું હતું. એક મોટું ટીપું નીકળીને તેની આંખો સામે જ, જમીન પર પડ્યું. તે તેના પોતાના જ લોહી સામે જોઇ રહી.

બીકથી તેનું આખું શરીર બહેર મારી ગયું.

ગભરાતાં ગભરાતાં તેણે પલંગ નીચેથી ડોકીયું કર્યું. તેણે જોયું કે આગળનું બારણું તો ચાર આંગળ જેટલું ખુલ્લું જ હતું. તેના ગાત્રો થીજી ગયા. હવે કંઇપણ એવું નહોતું કે જે તેમના દુશ્મનને અંદર આવતાં રોકી શકે. હવે તે બાળકનો પિતા બારણાને સહેજ ધક્કો મારીને અંદર સહેલાઈથી આવી પહોંચશે, તે વિશે હવે તેને કોઇ શંકા રહી નહિ. અને છતાંયે કોઇ હાલ્યું નહિ. દરેકે પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. "ઈસુ, બારણું તમે પકડી રાખજો." આ પ્રાર્થના જાણે આખાય ઓરડામાં પડઘા પાડી રહી.

એકાએક રેડ્ડી દુષ્ટતાપૂર્વક હસ્યો. લાકડાના વધસ્તંભના ટુકડેટુકડા તેના પગ આગળ પડ્યા હતા. પછી તેણે તેનું સંપૂર્ણ ધ્યાન પાસ્ટરના ઘર તરફ કેન્દ્રિત કર્યું.

"હું આવી રહ્યો છું." તે તિરસ્કારપૂર્વક બોલ્યો અને ફરીથી હસ્યો. આખરે તે બારણાં નજીક પહોંચીને તે ઉઘાડવા પ્રયત્ન કરવા લાગ્યો. તેણે બારણાને ધક્કો માર્યો.....લાત મારી....નહોર ભર્યા.

"શું થઇ રહ્યું છે?" તેના ગળામાંથી ઊંડેથી વિચિત્ર અવાજ આવ્યો. બારણાની ધાર પકડીને પૂરી તાકાતથી તે ધકેલવા લાગ્યો. મુનીઅમ્મા રેડ્ડીની આંગળીઓ અને છરાનો આગળનો ભાગ જોઇ શકતી હતી. દેખીતી રીતે જ એવું કંઇ જ નહોતું જે તેને અંદર પ્રવેશતાં રોકી શકે.

"પ્રભુ ઈસુ, તું બારણું પકડી રાખ." દાદીમાએ બૂમ પાડી. સીતાકાકી બોલ્યા, "ઈશ્વરે આપણને ભયનો આત્મા નહિ, પરંતુ સામર્થ્યનો, પ્રેમનો શાંત હૃદયનો આત્મા આપ્યો છે."

"હા, ઈસુ પ્રભુ," સન્માનપૂર્વક બધા બોલ્યા. લડાઇ ચાલતી રહી.

રેડ્ડી ઉઘાડા દરવાજાને ધક્કો મારતો રહ્યો. તેના પગથી લાતો મારીને ઉઘાડવાનો પ્રયત્ન કર્યો. પણ કોઇક અદ્દૃશ્ય શક્તિએ બારણાને મજબૂત પકડી રાખ્યું હતું. બારણું ઉઘડ્યું નહિ.

"ઓ....હો!" થોડી મિનિટો પછી કેન આશ્ચર્યપૂર્વક બોલ્યો. તેના અવાજમાં બીક હતી. "હકીકતમાં આપણે અત્યારે એક ચમત્કાર જોઇ રહ્યા છીએ!"

"પ્રભુ ઇસુએ બારણું પકડી રાખ્યુંછે, ખરું કે નહિ?" સ્યુ ધીમેથી બોલી.

કેને થૂંક ગળ્યું અને બારણા સામે તાકી રહ્યો.

સારા અને નરસા વચ્ચેની લડાઇ ચાલ્યા જ કરી. ચિંતા અને ભયથી ગાંડા જેવી થઇ ગયેલી, માંદા બાળકની માતા રડ્યા જ કરતી હતી.

"થોભી જા! અરે, કોઇ મારા બાળકને મદદ કરો!" પરંતુ એક મૂર્ખની જેમ બાળકના પિતાએ ગાળો બોલવાનું અને સમગ્ર તાકાતથી બારણાને ધક્કો મારવાનું ચાલુ રાખ્યું.

કાકાનો અવાજ ગૂંજી ઊઠ્યો, "બીક અને વિશ્વાસ બંને વિરોધાભાસી છે. આ માણસ આપણો દુશ્મન નથી. શેતાન આપણો વિરોધી ખરો, પરંતુ આપણે તેનાથી ડરવાની કોઇ જરૂર નથી. બધા જ યાદ રાખો, ખ્રિસ્તે શેતાન ઉપર સંપૂર્ણપણે વિજય મેળવી લીધો છે."

લાઉ ઉતાવળથી કંઇક બોલી, પરંતુ મુનીઅમ્મા તે સાંભળી શકી નહિ. પ્રભુ ઇસુએ વધસ્તંભ પર વહેવડાવેલા રક્તનો વિચાર એકદમ તેના મનમાં આવ્યો. દરવાજા પર જે ચમત્કાર થઇ રહ્યો હતો. તે તરફ અને પછી જમીન પર તેની સામે પડેલા સૂકાઇ રહેલા લોહીના ટીપાં તરફ તેણે આશ્ચર્યથી જોયું. કંઇક રીતે તે તેને સંજ્ઞારૂપ લાગ્યું. અનંતકાલિક મૃત્યુથી માનવજાતને બચાવવા ઇસુએ પોતાનું રક્ત વહેવડાવ્યું. અને હવે એમ લાગતું હતું કે રેડ્ડીના હાથોમાંથી ઇસુ જ તેમને બચાવવાનો હતો. પછી તેને વિચાર આવ્યો કે ઇસુના શરીર

પર પણ ઘા ના કેટલા બધા નિશાન પડ્યા હતા. તેની પીઠ પાછળ, તેના હાથો પર, પગો પર, પડખે અને કપાળ પર. તેણે તેના પોતાના કપાળને સ્પર્શ કર્યો. નવા બાંધેલા પાટામાંથી લોહી વહી રહ્યું હતું. "ઘા ના નિશાન, ઓહ, ઈસુ, તારા શરીર પર તો કેટલા બધા હતા! આભાર, ઈસું તમારો બહુ આભાર!"

બીજા બધાએ તે સાંભળ્યું અને પહેલાં તો તેઓ બધા ચમકી ગયા. "એ સાચું છે, દીકરા," દાદીમા બોલ્યા. ઊંડી લાગણીથી તેમનો અવાજ ધ્રૂજતો હતો. "આપણે બધા માટે એ જ, ઈસુએ આપણે માટે જે કંઇ કર્યું છે, અને અત્યારે તે જે કંઇ કરી રહ્યો છે, તે માટે તેનો આભાર માનવો જોઇએ!"

ખ્રિસ્તી લોકોએ જેવી આભારસ્તુતિની શરૂઆત કરી કે એકાએક દરવાજાની બહાર શાંતિ છવાઇ ગઇ. પછી હવાને વીંધતી રેડ્ડીની પત્નીની ચીસ સંભળાઇ, "કોઇ આવો! મારા પતિને કંઇક થઇ ગયું છે!" પાસ્ટર મુનસામી, કાકા અને મિ. મોર્ટન દરવાજા તરફ દોડ્યા. તેઓ જેવા દરવાજા પાસે પહોંચ્યા કે દરવાજો અંદરની બાજુ ખૂલી ગયો અને રેડ્ડીનું ઊંચું અને પાતળું શરીર ઉંબરા પર ઊંધે માથે પડ્યું. તેના ખુલ્લા હાથમાંથી છરો પણ પડી ગયો.

"તે બેભાન થઇ ગયો છે," પાસ્ટર મુનસામીએ બૂમ પાડી. "જલ્દી કરો અને પેલા બાળકને સંભાળી લો." તેણે સ્ત્રીઓ તરફ ફરીને કહ્યું.

મેરી મોર્ટન અને બીજા, રેડ્ડીના શાંત થઇ ગયેલા શરીર પર થઇને સાચવીને બાળકની માતા પાસે ધસી ગયા. તેણે સ્વેચ્છાએ પોતાનો દીકરો મિશનરીના હાથમાં સોંપ્યો. અને આજીજી કરતાં પૂછ્યું, "બહુ મોડું તો નહિ થઇ ગયું હોય ને?"

# પ્રકરણ – ૧૪

મુનીઅમ્મા અને મોર્ટન બહેનો પલંગ નીચેથી બહાર સરકી. બપોર પછીના સૂર્યના કિરણો ફાટેલા પડદામાંથી ગળાઈને આવતા હતા. અને તે સ્ટેનલેસ સ્ટીલના છરાની ધારને ચમકાવી રહ્યા હતા. છરો બેભાન પડેલા રેડ્ડીની નજીક જ પડ્યો હતો. મુનીઅમ્મા પાછળ લથડી અને પથારી સાથે અથડાઈ. પછી ઢગલો થઈને નીચે બેસી પડી. તેણે તેનો ચહેરો તેના ધ્રૂજતા હાથોમાં છૂપાવી દીધો અને ડૂસકાં ભરવા લાગી.

કાકા આગળ આવ્યા. અને રડવાને લીધે ઊંચા નીચા થતા તેના ખભા પર નરમાશથી તેમનો હાથ મૂક્યો. "હું જાણું છું કે તારા પર બહુ ભયંકર વીત્યું છે, પણ હવે અત્યારે બીક અને શંકા આગળ હારી જવાનો સમય નથી. આના કરતાં પણ વધુ મુશ્કેલ લડાઈ તો હજુ હવે લડવાની છે."

"બરાબર છે," પાસ્ટર મુનસામીએ ઉમેર્યું, "જો શેતાન તમારામાં ભય ઉત્પન્ન કરી શકે, તો પછી તમારો નાશ કરવાનું તેને માટે બહુ સહેલું છે."

કેને બારણાને લાત મારી. "આ છોકરી તો માત્ર રડી જ રહી છે. બીજી છોકરીઓ તો આવા સમયે સાન-ભાન ગુમાવી બેસે. હવે તેને થોડો આરામ મળે તો સારું!"

"કેન!" મિ. મોર્ટને કડક શબ્દોમાં ઠપકો આપ્યો. "અહીં આપણે બધાં ખૂબ જ માનસિક તાણ અનુભવી રહ્યા છીએ. તું એમાં વધારો ના કરીશ. તારી બહેનો અને મુનીઅમ્માને લઈને તું બહાર જા."

પાસ્ટર મુનસામીએ માથું હલાવ્યું. "બરાબર છે. રેડ્ડી પર કબજો જમાવી બેઠેલા દુષ્ટ આત્માઓ સાથે અમે વ્યવહાર કરીએ ત્યારે તમો બાળકો ઓરડાની બહાર રહો તો સારું."

જે તેની પાછળ પડ્યો હતો તે રેડ્ડી તરફ મુનીઅમ્માએ નીચે જોયું તે હવે સળવળી રહ્યો હતો. અને મુનીને હવે બને તેટલું જલ્દી અહીંથી નીકળી જવું હતું.

પાસ્ટર મુનસામીએ કેન સામે, ગભરાયેલી જોડીયા બહેનો સામે, મુનીઅમ્મા સામે અને પછી ઓરડામાં માણસો પર નજર નાખી. "અંધકારના આ ઘૂરકતા દુષ્ટ તત્વોનો સામનો આપણે કરીશું ત્યારે તેઓ આપણને ડરાવવા બધું કરી છૂટશે."

મુનીઅમ્માને ધ્રૂજારી આવી ગઇ. બીજું ડૂસકું આવતું તેણે માંડ માંડ રોક્યું.

"વિશ્વાસીઓ તરીકે," તેમણે ચાલુ રાખ્યું, "ખૂબ બહાદુરીથી આપણે શસ્ત્રો સજવાનાં છે. જ્યારે જ્યારે આપણે દુશ્મનનો સામનો કરીને તેની સાથે યુધ્ધ કરીશું, ત્યારે આપણા શસ્ત્રો યોગ્ય રીતે સજેલાં હોવા જોઇશે."

આ બધી શસ્ત્રો સજવાની વાત કેન સમજી શકતો નહોતો. તે અકળાયો. જોડીયા બહેનો પણ પાસ્ટરની વાત સમજી શકી નહિ. તેમના ભવાં ચઢી ગયા.

મિ. મોર્ટને તેમના દીકરાને બાથમાં લીધો અને તેમની જોડીયા દીકરીઓ અને પછી મુનીઅમ્મા સામે જોયું. "તમે હજુ આ બધા માટે તૈયાર નથી. અમે દુષ્ટ શેતાની આત્માઓ સાથે વ્યવહાર કરીએ તે દરમ્યાન તમે ચારેય બહાર રહો એવી મારી ઇચ્છા છે. બાળકની સંભાળ લેવામાં બહેનોને મદદરૂપ થજો. અથવા એથી વધુ સારું, પ્રાર્થના કરજો."

"એ બરાબર છે." કાકાએ ઉમેર્યુ, પ્રાર્થના કરો, અને જો જાતજાતના ઉશ્કેરાટભર્યા અવાજો અહીંથી સંભળાય, તોપણ તમે અંદર આવશો નહિ. આ કોઇ તમાશો જોવાની જગા નથી. ફક્ત પ્રાર્થના કર્યા કરજો."

"તમને કંઇ થશે તો નહિ ને, પપ્પા?" લાઉએ પૂછયું. રડવું આવતું રોકવા તેણે જોરથી થૂંક ગળ્યું. તે અને તેની બહેન સ્યુ, બંને ધ્રૂજી રહી હતી.

"હા, પપ્પા," કેન બોલ્યો. "અમારા માટે આ બધી બાબતો નવી છે."

મિ. મોર્ટને ખાતરીપૂર્વક ડોકું હલાવી હા કહી. પણ તેમના બાળકો મૂર્ખ નહોતા. તેમના પિતા પણ ચિંતામાં હતાં, તે તેઓ જોઇ શકતા હતા. એકાએક નીચેથી રેડ્ડીના કણસવાનો અવાજ આવ્યો. બધા ચમક્યા.

"બાળકો, જલ્દી," પાસ્ટર મુનસામીએ હુકમ કર્યો, "બહાર ભાગો!"

યુવાન છોકરાઓ રેડ્ડીના શરીર પાસેથી પસાર થયાં, ત્યારે તેમણે ભારતીય પાસ્ટરને કહેતાં સાંભળ્યા, "આપણે કંઈપણ કરીએ, તે પહેલાં આ માણસ છૂટકારો પામવા માગે છે કે નહિ તે અગત્યનું છે. જો તે દુષ્ટ શેતાની આત્માઓ સાથે જ રહેવા માગતો હોય, તો પછી...."

દરમ્યાનમાં બહાર મેરી મોર્ટન માંદા બાળકની સારસંભાળ લઇ રહી હતી. યુવાન છોકરા-છોકરીઓએ બહાર આવી રસોડા તરફ જોયું. તેઓએ એ માંદા બાળકના બધા કપડાં કાઢી નાખ્યાં હતાં. અને તેને પ્રેમપૂર્વક હૂંફાળા પાણીના વાસણમાં ઊભું રાખ્યું હતું. બધી સ્ત્રીઓ આજુ બાજુ ટોળે વળી હતી. અને દબાયેલા અવાજે વાતો કરતી હતી. કેથી અને તેની મિત્ર વિનો, આ ટોળાથી થોડે દૂર ઊભી હતી. તેમનાં મોં એકબીજાની ખૂબ નજીક હતાં. અને તેમના હોઠ હલી રહ્યા હતા.

"આ બાળકને બીજું કશું નહોતું, માત્ર આંચકી આવી હતી." બાળકની રડતી માતાને મેરીએ ધીરજપૂર્વક સમજાવ્યું. "ખૂબ તાવમાં ક્યારેક એવું બને છે."

મિશનરી રેડ્ડીની પત્નીને આંચકી વિશે કહી રહ્યા હતા, ત્યારે સીતાકાકી અને ઇન્દ્રા રેડ્ડીની પત્નીનો ખભો થાબડી તેને સાંત્વન આપવાની કોશિષ કરી રહ્યા હતા. "ચાલ, હવે રડીશ નહિ," સીતાકાકીએ કહ્યું, "આ ગોરા બહેન તાલીમ પામેલા નર્સ છે. અને શું કરવું, તે તેઓ સારી રીતે જાણે છે."

"એ ખરું કહે છે." દાદીમાએ પણ કહ્યું, "મારી પૌત્રી મુનીઅમ્માને શીતળા નીકળ્યા હતા. ત્યારે તેને ખૂબ તાવ આવતો, આંખો સૂઝી ગઇ હતી અને બીજી અનેક તકલીફો થઇ હતી. ત્યારે આ મિશનેરીએ જ મદદ કરી હતી."

સીતાકાકી, પૂનમાહ દાદી અને ભારતીય પાસ્ટરના પત્ની સામે જોઇને મેરી હસ્યા. હમણાં તેઓ જે આકરી કસોટીમાંથી પસાર થયા હતા, તેનાથી તેમની વચ્ચે મિત્રતા બંધાઇ હતી. "તમે બધા ખૂબ સારાં મિત્રો છો, આભાર. પછી તેમણે વાસણમાં બેસાડેલા માંદા બાળક તરફ જોયું. અરે,....મને લાગે છે કે તેનો તાવ ઉતરી રહ્યો છે. જુઓ, દીકરો આંખો ઉઘાડી રહ્યો છે."

બધી બહેનોએ નમીને જોયું, તેમના નમવાથી યુવાનો બાળકને જોઇ ન શક્યા.

"કેથી, જલ્દી જઇને મારા પર્સમાંથી દવા લઇ આવ," તેની માએ કહ્યું, "શેલીને આજે ઠીક નહોતું. એટલે હું બાળકો માટેની થોડી દવાઓ લેતી આવી છું. પર્સમાં બાજુ પર એક પીળી બાટલીમાં છે."

કેથી તેની માનું પર્સ લેવા દોડી ગઇ. શેલીએ રડીને તેનું શર્ટ પકડી રાખ્યું. કેથીએ તેની નાની બહેનને ઊંચકી લીધી અને વિનોના હાથમાં આપી દીધી.

"હવે પેલી એક ગોળી કાઢ. અને એક ચોખ્ખા વાટકામાં તેના કટકા કર. ગોળીનો ફક્ત ચોથો ભાગ જ જોઈશે."

કેથીને જે રીતે સૂચના આપવામાં આવી હતી, તે પ્રમાણે તેણે કર્યું. ત્યાં સુધી બધા રાહ જોઈ રહ્યા. "હવે, પેલા થોડા પાણીમાં તે ઓગાળ." સ્ટવ પર મૂકેલી કીટલી તરફ ઈશારો કરતાં મેરી બોલ્યા.

રેડ્ડીની પત્ની અચકાતાં અચકાતાં બોલી, "શું મારો દીકરો...ખ...રેખર જીવશે?"

"હા, બહેન," મેરીએ ખાતરી આપી. "આપણે આ થોડીક દવા તેને પીવડાવીએ છીએ. તું જરા મદદ કર. તેને સહેજ પાછળ ટેકો કર. હં...બરાબર. હવે આ થોડી દવા પીવડાવવામાં મને મદદ કર."

બાળકના ગળે દવા ઉતરી ગઈ અને બાળકે પોતાનું મોં બંધ કર્યું, ત્યારે બધાએ રાહતનો દમ ખેંચ્યો. આખરે તે બાળક ધીમેથી રડવા લાગ્યું. રેડ્ડીની પત્ની, બેચેનીથી બોલી, "ઓહ, કેટલું સરસ લાગે છે!"

લાઉએ કેનને કોણી મારી, "શું તને લાગે છે કે આપણે પ્રાર્થના કરવાનું શરૂ કરવું જોઈએ? કેને ખભા ઉછાળ્યા.

"મહેરબાની કરીને, કેન," સ્યુએ આજીજી કરી.

કેન ચાલીને ઘરની એક બાજુએ ગયો. અને બારી પાસે અઢેલીને ઊભો રહ્યો. જોડીયા બહેનો અને મુનીઅમ્મા તેની પાછળ ગયાં. "શું આપણે મોટેથી પ્રાર્થના કરીશું?" સ્યુએ પૂછયું.

કેને સભાનપણે તેના બુટ તરફ જોયું. **મને આટલી મૂંઝવણ કેમ થાયછે? મને શું થયું છે? બીજાની સામે પ્રાર્થના કરવામાં આટલી મુશ્કેલી હું શા માટે અનુભવું છું?**

એકાએક મુનીઅમ્મા ધીરેથી બોલી, "ઈસુ....ઈસુ." તેણે માથું

નમાવીને આંખો બંધ કરી હતી. આંસુ તેના સુંવાળા બદામી ગાલ પરથી થઈને દાઢીના ખાડામાંથી નીચે પડી રહ્યા હતા. મુનીઅમ્મા પ્રાર્થના કરી રહી હતી કે ફક્ત ઈસુનું નામ લઈ રહી હતી, તે તેઓ નક્કી કરી શક્યા નહિ. આ શાંતિ તેમને અજંપાભરી લાગતી હતી.

છેવટે, લાઉએ પ્રાર્થના શરૂ કરી. "ઈશ્વર, અમે બધાએ તે જોયું છે. અમે જાણીએ છીએ કે તમે અમારે માટે બારણું મજબૂત પકડી રાખીને રેડ્ડીને અંદર આવવા દીધો નથી. તમે અમને ઈજા થવા દીધી નથી."

"હા" સ્યુ બોલી.

કેને ડોકું હલાવ્યું.

"અત્યારે જ તમારા પર ભરોસો રાખવાને માટે અમને સહાય કરો." લાઉએ પ્રાર્થના આગળ ચલાવી. "અને.....અને કૃપા કરીને બીમાર દીકરાની સહાય કરો."

"અને પિતાજીને પણ સહાય કરો." સ્યુ અધ્ધર શ્વાસે બોલી. "અને બાકીનો વ્યક્તિઓ કે જેઓ પેલા ભયાનક રેડ્ડી સાથે વાત કરી રહ્યા છે, તેમને પણ સહાય કરો."

પછી મુનીઅમ્માએ પ્રાર્થના કરી, "જ્યારે હું ચંદનના ઝાડ નીચે હતી. ત્યારે પ્રભુ, તમે ત્યાં હાજર હતાં." મોર્ટન બાળકોએ એકબીજા સામે જોયું.

"હું જો કે માનું કે ન માનું તમે મારી સંભાળ લઈ રહ્યા હતા."

કેને ગળુ ખોંખાર્યું. અને જોડીયા બહેનો બેચેન જણાઈ.

"અને પછી આજે બપોરે જ્યારે રેડ્ડીએ મને નીચે પાડી નાખીને લાત મારી ત્યારે પણ તમે ત્યાં મારી સાથે હતા, જો કે એ વખતે હું તે ભૂલી ગઈ હતી."

ત્રણેય મોર્ટન બાળકોએ તેમના માથા નમાવ્યા.

મુનીઅમ્માએ પ્રાર્થના ચાલુ રાખી. "થોડી મિનિટો પહેલાં જ આ ઘરમાં, તમે બારણું બંધ રાખીને રેડ્ડીને અંદર આવતા અને મને કે અમારામાંના કોઇને ઇજા પહોંચાડતા રોક્યા છે. તમે કાર્ય કરો છો પણ હું તમને જોતી નથી અને અવિશ્વાસ કરું છું. મારા અવિશ્વાસને માટે મને માફ કરો." મોર્ટન બાળકોએ માથા નમાવેલા રાખ્યા.

પ્રવર્તી રહેલી શાંતિમાં, તેમણે ઉઘાડી બારીમાંથી પાસ્ટર મુનસામીનો અવાજ સાંભળ્યો. "પ્રભુ ઇસુ અહીં હાજર છે. પ્રિય તારનાર, દુષ્ટ શેતાની આત્મા કે જેણે આ ભાઇનો કબજો લઇ રાખ્યો છે, તે તમારું અપમાન કરી રહ્યો છે. અને અમારું, તમારા સેવકોનું પણ અપમાન કરી રહ્યો છે. અમારા હુકમથી આ માણસને છોડી જવાની ના પાડે છે. તમારી હાજરીમાં હું તમને વિનંતી કરું છું. તમારો પવિત્ર હાથ આ શેતાનની સામે ઉઠાવો, અને તમે તેને માટે જે જગા તૈયાર કરી છે, ત્યાં તેને મોકલી આપો. તમારા કિંમતી લોહીના અધિકારમાં આ પ્રાર્થના હું કરું છું."

સ્યુ અને લાઉ તેમના ભાઇ તરફ નજીક ઢળી. "આ બધું અલૌકિક છે, ખરું કે નહિ?" કેને કાનમાં કહ્યું, "પ્રાર્થના ચાલુ રાખો!"

ઘરની અંદરથી તેઓ ઉશ્કેરાટભર્યો અવાજ સાંભળી શકતા હતાં. અને પછી ધીમો ઘૂરકવાનો અવાજ સંભળાયો.

મુનીઅમ્માને મૂર્છા આવવા જેવું લાગ્યું. જોડીયા બહેનોએ તેને પકડી રાખી. તેઓ વધુ આગ્રહથી પ્રાર્થના કરવા લાગ્યા.

કાકાના શાંત અને આત્મવિશ્વાસથી ભરેલા અવાજે તેમની પ્રાર્થનામાં ખલેલ પહોંચાડી. "ઇસુ ખ્રિસ્તના નામમાં, તમે બધા દુષ્ટ શેતાની આત્માઓને હું બાંધી દઉં છું. મિ. રેડ્ડીના શરીરને છોડીને તમે જાઓ, ત્યારે તમારે તેને ઇજા કરવાની નથી. હવે હું તમને ચાલ્યા જવાની આજ્ઞા આપું છું. પ્રભુ ઇસુ ખ્રિસ્તના નામમાં, જે જગા તમારે માટે તૈયાર કરવામાં આવી છે, તેમાં ચાલ્યા જાઓ."

એ જ ક્ષણે રેડ્ડીએ ભયાનક ચીસ પાડી.

બાળકોના આશ્ચર્ય વચ્ચે ઘરમાં રહેલા લોકોએ ગીત ગાવાનું શરૂ કર્યું.

ગીતના શબ્દો ઘરમાંથી બહાર હવામાં ગૂંજી રહ્યા. રસોડામાં સ્ત્રીઓ પણ કામકાજ બંધ કરીને સાંભળવા લાગી. "સામર્થ્ય છે, સામર્થ્ય અદ્‌ભુત સામર્થ્ય....હલવાનના રક્તમાં."

યુવાનો એકબીજાનો હાથ પકડીને ભેગા ઊભા રહ્યા. કેનની આંખો આંસુથી ભરાઇ ગઇ હતી. ધીરેથી આંસુનું એક ટીપું આંખમાંથી નીકળીને ચહેરા પર રેલાવા લાગ્યું. કેને તે લૂછવાનો પ્રયત્ન ન કર્યો.

"આ તો બધું બહુ વિલક્ષણ અને અદ્‌ભુત છે! સ્યુ ધીમેથી બોલી. પછી બીજું ગીત હવામાં લહેરાવા લાગ્યું,

"મુજ પાપના ડાઘ ધોશે કોણ?

ઈસુનું રુધિર છે વહેતું;

મુજને સાજો કરશે કોણ?

ઈસુનુ રુધિર છે વહેતું"

મુનીઅમ્માએ ધીરેથી તેના મિત્રોનાં હાથ છોડાવ્યો અને મૃદુતાથી તેના કપાળ પર બાંધેલા પાટાને સ્પર્શ કર્યો. લોહી સૂકાઇ ગયું હતું. તેની આંગળીઓ પાટાની ધારે ધારે ફરી રહી.

માણસો હવે ઘરની બહાર આવી રહ્યા હતા. મિ. રેડ્ડીનું બદલાયેલું સ્વરૂપ જોઇને દરેકને આનંદ સાથે આશ્ચર્ય થયું. તેની આંખોમાંથી જંગલિયાતપણું અદ્રશ્ય થઇ ગયું હતું. ચહેરા પરના વિકૃત ભાવો જતાં રહ્યાં હતાં. તે શાંત અને નમ્ર દેખાતો હતો.

મુનીઅમ્મા રેડ્ડીની કબૂલાત સાંભળી રહી હતી. "મને તે પ્રત્યે સખત અણગમો હતો. હું નાનો છોકરો હતો, ત્યારથી આ દુષ્ટ શેતાની

આત્માઓ મને હેરાન કરી રહ્યા છે. જે મેં વેઠ્યું છે તેનો તમને ખ્યાલ નહિ આવે. બધું અતિ ભયંકર હતું! તેમનાથી છૂટકો પામવાની હમેશાં તીવ્ર ઇચ્છા રહી છે, પણ છેવટે પછી મેં આશા છોડી દીધી હતી."

પાસ્ટર મુનસામીએ હસીને ડોકું હલાવ્યું. "તને એ જાણીને નવાઇ લાગશે કે આપણામાંના ઘણા બધા એ વસ્તુથી હેરાન થયેલાછે. ભવિષ્યમાં ક્યારેક તમને એ વાતો કહીશું એક માત્ર ઇસુ ખ્રિસ્તમાં જ મહાન આશા છે." સીતા કાકીએ સ્વીકાર્યું, "શેતાનોએ મારા માટે પણ ખૂબ મુશ્કેલીઓ ઊભી કરી હતી. ઓહ, તું આશ્ચર્ય ના પામતી." રેડ્ડીની પત્નીનું મોં આશ્ચર્યથી ખુલતાં, સીતાકાકીએ તેને કહ્યું. "ઘણા વર્ષો સુધી દુષ્ટ શેતાની આત્માઓએ મારા પર કબજો જમાવી રાખ્યો હતો, એ હક્કીકત છે. જે દિવસે તેઓને ચાલ્યા જવાની આજ્ઞા કરવામાં આવી, મેં સર્જનહાર ઇશ્વરને પ્રાર્થના કરી કે તે મને માફ કરે અને પવિત્ર આત્માથી મને ભરી દે."

"મારે એ જોઇએ છે." રેડ્ડી બોલ્યો. તેના અવાજમાં સાચી ઉત્તેજના હતી. તે ઉતાવળે જઇને તેની પત્નીની બાજુમાં ઊભો રહ્યો. પછી પાણી ભરેલા વાસણ તરફ હાથ લાંબો કરીને તે તેના રડતા દીકરાને અડક્યો.

"તેની તબિયત ઘણી સારી લાગે છે!" પછી બધાના આશ્ચર્ય વચ્ચે, રડતાં બાળકને તેણે પાણીમાંથી બહાર ખેંચી લીધું. અને આ વસ્ત્રહીન દીકરાને ઊંચે હવામાં પકડી રાખ્યો.

"આભાર ઇશ્વર તમારો આભાર!" તેણે જોરથી કહ્યું.

ટોળામાં ગણગણાટ થવા લાગ્યો. થોડીવાર પછી રેડ્ડીની પત્નીએ તેને ધાબળો આપ્યો. તેમણે તેમના દીકરાનું શરીર લૂછયું અને પ્રેમથી તેને લપેટી લીધો. બધાં જોઇ રહ્યા.

છેલ્લે, વડીલો ભેગા થયા. અને ઘરમાં જઇને પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. જ્યારે તેઓ ઘરમાં પ્રવેશી રહ્યા હતા ત્યારે રેડ્ડીના પગથી છરાને લાત વાગી અને છરો ફાટેલી ચટાઇ પર દૂર જઇને પડ્યો. "હવે ખરેખર મારે તેની જરૂર નથી." છરો ઊંચકી લેતાં તે બોલ્યો. તે મુનીઅમ્મા પાસે ગયો અને છરો તેને સોંપી દીધો.

મુનીઅમ્મા છરા તરફથી રેડ્ડી તરફ જોઇ રહી. હવે શું થશે, તેનો ઇંતજાર બધા કરવા લાગ્યા. લગભગ સાંજ પડવા આવી હતી. અને ભૂખરા પડછાયા ઓરડામાં પડી રહ્યા હતા. ઈન્દ્રાએ ધીરેથી કેરોસીનનો દીવો સળગાવ્યો. તેનું અજવાળું સ્ટેઇનલેસ સ્ટીલના છરા પર જાણે નાચી રહ્યું. બધા આતુર નયને નિહાળી રહ્યા. મુનીઅમ્માએ તેનો ધ્રૂજતો હાથ લંબાવીને છરાનો હાથો પકડ્યો. ઘણીવાર સુધી તે બંનેએ છરો પકડી રાખ્યો. રેડ્ડીએ છરાની ધાર પકડી હતી. અને મુનીઅમ્માએ છરાનો હાથો.

"આપણો વિજય થયો!" પાસ્ટર મુનસામીએ જોરથી બૂમ પાડી.

આનંદની ચિચિયારીઓ આકાશ તરફ ઊડી.

"આપણે બધા અહીં એકઠા મળ્યા છીએ, ત્યારે તમને બધાને સહેજ તાકીદ કરવાની રજા લઉં છું." ભારતીય પાળકે કહ્યું, તેમનો અવાજ મોટો ને મોટો થતો ગયો," આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય આપણે બીજા કશામાં અભિમાન ન કરીએ. માન, મહિમા ને ગૌરવ ઇશ્વરને જ હોજો!"

જોડીયા બહેનો, મુનીઅમ્મા અને કેને ધીમેથી કહ્યું, "આમેન."

# પ્રકરણ – ૧૫

"આ બાજુ થઈને આવો" ક્રિશે ઘરડી સ્ત્રીને કહ્યું. "તેમનું ઘર, બગીચો અને શેરડીના ખેતરો ક્યાં આવેલા છે, તેનો ચોક્કસ નકશો મને ખબર છે. હું પહેલાં અહીં આવી ગયો છું. આપણે આ જગ્યાએ બધે ફરી વળીશું અને રસ્તામાં પેટ્રોલ છાંટતા જઈશું." ક્રિશ ફરી હસ્યો.

યોજના ભારે હતી. તે અને ઘરડી સ્ત્રી, રેડ્ડીનો ઈરાદો શેરડીનાં ખેતરો બાળી નાખવાનો હતો. અને માટીની ઝૂંપડી અને વાન નાઈકર્કનો આલીશાન બંગલો પણ જો આગમાં બળી જાય તો તો ઘણું ઉત્તમ, તેણે વિચાર્યું. **ઉપરાંત તેનાથી મુનીઅમ્માને પણ પાઠ શીખવા મળશે કે હું જે કહું છું તે કરું જ છું. તેનું લગ્ન રાજ સાથે જ થશે!**

"અગ્નિ આ ગોરાઓનો સર્વનાશ કરશે." વૃધ્ધ રેડ્ડી દ્વેષભાવથી બોલી અને પછી હસી. "તને તો ખબર જ છે કે અત્યારે શેરડીના કારખાના બંધ છે. આથી બળી ગયેલી શેરડી ખેતરમાં પડી પડી સડી જશે."

"હા, મને ખબર છે." ક્રિશ તેની નવી સાથીદાર સામે જોઈને કપટી હાસ્ય કર્યું. તેમણે તેમના ભારતીય મજૂરોને ખ્રિસ્તી બનાવ્યાં છે. તેથી તેમને યોગ્ય શિક્ષા થશે."

"સાચું....સાચું" રેડ્ડી વિચારપૂર્વક બોલી. "આનાથી પેલા ખ્રિસ્તીઓને પણ ભાન થશે કે તેઓ ખ્રિસ્તી ધર્મની ઢંગધડા વગરની વાતો ચારે બાજુ કર્યા કરે તે ચાલે નહિ." તેણે તેમને ખાંડના કારખાના તરફની કોટડીઓ તરફ જતાં જોયાં હતાં અને તેમની વાતચીત છૂપાઈને તેણે સાંભળી હતી, તે બધું રેડ્ડી યાદ કરી રહી હતી. અને તેથી તેનો ગુસ્સો બેકાબૂ બની ગયો. "કેટલી હિંમત!" તેણે બૂમ પાડીને પેટ્રોલનો કેરબો તેના શરીર સાથે દબાવ્યો.

"ચૂપ રહે!" ક્રિશ દાંત ભીડીને બોલ્યો. "તારે આપણને પકડાવી દેવા છે?" આવી નાલાયક સ્ત્રી તેની જોડીદાર છે, એ વિચાર આવતાં તે ગાળ બોલ્યો.

**આ નાજુક ડોસલી પાસે ખાસ પ્રકારની શક્તિઓ છે, એવું માનીને મેં કેટલી મોટી મૂર્ખાઇ કરી છે,** તેણે વિચાર્યું, ક્રિશ ઘરડી ડોશી સામે જોઇ રહ્યો. પછી સખત અણગમાથી નજર ફેરવી લીધી.

"ચાલ, હવે આ પૂરું કરીએ." ક્રિશ ઘૂરક્યો.

બંને જણાં ચૂપકીદીથી આગળ વધ્યા. હજુ તો થોડે દૂર પણ ગયા નહોતા કે સ્પાર્કી ભસવા લાગ્યો.

"આ મૂર્ખ કૂતરો!" ક્રિશ ધિક્કારથી થૂંક્યો. "મારે ઘણા સમય પહેલાં જ તેનો નિકાલ કરી નાખવાની જરૂર હતી."

સાવધાનીપૂર્વક તેઓ વાન નાઇકર્કના મોટા બગીચા પાસે પહોંચ્યા. અહીં દાદીમા અને મુનીઅમ્મા કામ કરતાં હતાં. ક્રિશે રેડ્ડીને કોણી મારી. "કોઇક આવી રહ્યું છે....નીચે બેસી જા!"

બંને જણા ચત્તાપાટ જમીન પર સૂઇને શેરડીના સાંઠા પાછળ સંતાઇ ગયા. મિ. વાન નાઇકર્ક બેટરી સળગાવીને બધું તપાસી રહ્યા હતા. બેટરીનો પ્રકાશ આ બંનેના માથા પરથી પસાર થયો. બંને થીજી ગયા. નાઇકર્ક નજીક આવ્યા. એ જ વખતે તેમના પત્ની, મિસિસ નાઇકર્કે બૂમ પાડી, "કંઇ દેખાય છે ત્યાં?"

"ના!" તેમણે સામી બૂમ પાડી. તેમની મૂછો સીધી ચોંટી ગઇ હતી.

"આને પેલા કૂતરાને શાંત પાડ. હું સ્પષ્ટ રીતે વિચારી પણ શકતો નથી. અહીંયા કોઇનો અવાજ આવશે તો તે પણ હું સાંભળી નહિ શકું."

ક્રિશને અહીંથી દોડી જવાનો વિચાર આવ્યો. પણ તેની સાથે તો રેડ્ડી ડોશી હતી. અને તેના લીધે તેને ધીમે દોડવું પડે. ઉપરાંત પેટ્રોલના કેરબા પણ મૂકીને જવાય નહિ, નહિ તો આગ કોઈએ જાણી જોઈને લગાડી છે, તે ખબર પડી જાય. ક્રિશે તેના ખિસ્સા પર હાથ ફેરવ્યો. અને તેને તેની છરી યાદ આવી. **જો જરૂર પડશે તો તેનો ઉપયોગ કરતાં પણ હું નહિ અચકાઉં, તેણે મનમાં ગાંઠ વાળી. હું પકડાઈ જવા માગતો નથી!** છરી બરાબર પકડીને તે તૈયાર થઈ ગયો.

આ બધો સમય રેડ્ડીનું મોં ધૂળમાં હતું. અને આવી મૂર્ખ યોજના તેણે શા માટે ઘડી હતી, તે વિશે તે વિચારી રહી હતી. તે જીવ પર આવી ગઈ હતી. આના કરતાં તો ક્રિશે કહ્યું હતું તેમ, મુનીઅમ્મા પર તેની જાદુઈ વિદ્યાનો ઉપયોગ કર્યો હોત તો સારું થાત....એવી સંમોહિની વિદ્યા કે જેનાથી મુનીઅમ્મા ક્રિશના ભાગીદારના પ્રેમમાં અંધ બની જાય.

મેં એમ શા માટે કર્યું નહિ? મિસિસ રેડ્ડીએ પોતાની જાતને ઠપકો આપ્યો. **મેં શા માટે જાદુઈ વિદ્યાનો પ્રયોગ કર્યો નહિ? અહીં કાદવકીચડમાં આવીને શેરડીના ખેતરો બાળવાની કોઈ જ જરૂર નથી. ખ્રિસ્તીઓને પણ પાઠ ભણાવવાના બીજા સહેલા રસ્તા છે. અને હું તો આઈઝીપીન્ગોમાં મારા પૌત્ર માટે પૂજા કરવા આવી હતી.** તેઓ જે કામ કરવા આવ્યા હતા, તે કામ તે પૂરું કરી નાખશે એવું તેણે મનોમન નક્કી કરી નાખ્યું. પણ પછી તે ક્રિશ સાથે કોઈ પ્રકારનો સંબંધ નહિ રાખે.

"અહીં તો કશું નથી." મિ. વાન નાઈકર્કે બૂમ પાડી. આ બૂમથી રેડ્ડીના વિચારોમાં ભંગ પડ્યો. "આ મૂગાં કૂતરાને આખો દિવસ બાંધી રાખવામાં આવ્યો છે. પછી તે આવી રીતે ભસે જ ને? તેના ભસવાથી મારું માથું દુઃખે છે. ચાલ, હવે ઘરે જઈએ."

"તમને કંઇ વિચિત્ર પ્રકારની વાસ આવે છે? મિસિસ વેન નાઇકર્કે પૂછયું. બગીચામાં છોડવાઓની હાર પર તેમના પતિનો પગ પડ્યો.

"તું શું કહેવા માગે છે?"

"મને ખબર નથી...આ બાજુ કંઇ વિચિત્ર વાસ આવે છે."

મિ. વેન નાઇકર્કે અણગમાથી માથું હલાવ્યું. "તને તો હમેશાં કંઇને કંઇ વાસ આવતી જ હોય છે. તારા જેવું સંવેદનશીલ નાક કદાચ બીજા કોઇનું નહિ હોય."

વેન નાઇકર્ક દંપતી ચાલ્યું ગયું. ઘરડી રેડ્ડીએ રાહતનો દમ ખેંચ્યો. ક્રિશે ઝડપથી તેનું ચપ્પું બંધ કર્યું અને પાછું ખિસ્સામાં મૂકી દીધું.

"ચાલ, અહીંથી નાસી જઇએ." તેણે ગળામાંથી અવાજ કાઢી ધીમેથી કહ્યું, "કોને ખબર તેઓ ક્યારે પાછા આવી જાય, અને ઉપરાંત આપણું કામ હજું પૂરું થયું નથી. આપણે ખેતરો એવી રીતે સળગાવવાના છે કે જેથી નીચે જઇને આપણને તેમના આઘાત પામેલા ચહેરા જોવાની તક મળે."

કલાકો પહેલાં, જ્યારે તેણે ખ્રિસ્તીઓને ખાંડના કારખાને કોટડીઓની મુલાકાત લેવાની વાત કરતાં સાંભળ્યાં હતા, ત્યારે આ રેડ્ડીને જ ખેતરો સળગાવી મારવાનો વિચાર આવ્યો હતો. પણ હવે કદાચ તેમના ચહેરા જોવા અહીં રોકાવાની તેની ઇચ્છા નહોતી. આઇઝીપીન્ગોમાં આવવાનો તેનો જે ખરેખર હેતુ હતો, તે તરફ તેના વિચારો વળ્યા. તેણે ઉપવાસ કર્યા હતા. અને ગયું આખું અઠવાડિયું મંદિરમાં તેણે તેના માંદા પૌત્ર માટે પૂજાપાઠ કર્યા હતાં. તેનો પૌત્ર જીવી જશે એવી આશાને તેણે મજબૂત પકડી રાખી.

"મેં કહ્યું......હવે ભાગવા માંડ!" ક્રિશે ઘરડી સ્ત્રીને આગળ ધકેલી. તે લથડી અને શેરડીના એક જાડા સાંઠા પર પડી. એક મોટો ઉંદર

અંધારામાં સરકી ગયો.

મિસિસ રેડ્ડી ફરી. અને સાપની જેમ ક્રિશ સામે હિસ્સ...કર્યું. "તું કોની સાથે કામ કરી રહ્યો છું, તેનું તને ભાન નથી." અને દાંત વગરના બોખા મોંમાંથી જે બહાર ઉડ્યું તે લગભગ ઝેર જેવું જ હતું.

"જો હું તારી જગાએ હોઉં તો હું ખૂબ સાવધ રહું!"

"ચોક્કસ.....ચોક્કસ," ક્રિશ કટાક્ષપૂર્વક બોલ્યો. આગ હોલવવાના રસ્તા પર તે તેનાથી આગળ નીકળી ગયો અને ટેકરી ઉતરવાનું ચાલુ રાખ્યું. તે અભિમાનપૂર્વક ચાલતો હતો. "ઉ.....મને બીક લાગે છે, મારે સંભાળવું જોઇએ.....કદાચ તું મને પકડી પાડે." તેણે જે કહ્યું તેને મશ્કરી સમજીને તે ફરી હસ્યો.

ઘરડી સ્ત્રીએ કશો જવાબ આપ્યો નહિ. તે શાંત હતી. પણ તેના મનમાં દુષ્ટ યોજનાઓ ચાલી રહી હતી. તેની શાંતિથી ક્રિશે ચેતવું જોઇતું હતું. પણ તે તો તેની પોતાની જાત વિશે તથા બદલો લેવાના વિચારોમાં જ મગ્ન હતો. આ સ્ત્રીની શક્તિઓથી તે સંપૂર્ણપણે અજાણ હતો.

છેવટે, તેઓએ પ્રથમ જે જગ્યાએ પેટ્રોલ છાંટ્યું હતું, ત્યાં આવી પહોંચ્યા. ક્રિશે તેનું સિગારેટનું લાઇટર કાઢ્યું. "અહીં આગ પ્રસરે તે પહેલાં આપણે ટેકરીની નીચે ઉતરી જઇશું." બધી કડવાશ બાજુ પર મૂકીને હવે તે ગંભીરતાથી બોલી રહ્યો હતો. "હવે ધ્યાનથી સાંભળ." ક્રિશે ચાલુ રાખ્યું. "આપણે અહીં છૂટા પડીશું. નીચે પહોંચ્યા પછી આ ખેતરોને નિરાંતે બળતાં જોઇશું."

ઘરડી રેડ્ડી ક્રિશની સામે ઊભી હતી. અને તેના હાથમાં રહેલા પેટ્રોલના કેન તરફ જોઇ રહી હતી. અંધારું એટલું હતું કે ક્રિશ ડોશીના ચહેરા પરનો તિરસ્કાર જોઇ શક્યો નહિ. આ અભિમાનના પૂતળા પર

તેનો જાદુ નાખીને તેને સંમોહિત કરી દેવાની રેડ્ડીને ઇચ્છા થઇ આવી. પણ અત્યારે એનો સમય નહોતો.

ક્રિશે સૂચનાઓ આપ્યા કરી. પણ તેના જોડીદારના મનમાં શા વિચારો ચાલી રહ્યાં હતાં, તેનો તેને ખ્યાલ નહોતો.

"આજે સવારે મેં સાંભળ્યું કે મુનીઅમ્મા અને બાકીના બધા ખ્રિસ્તીઓ તેમની શુભેચ્છા યાત્રા પરથી આજે મોડી રાત્રે પાછા ફરવાનાં છે. આપણે તેમને પાછા ફરતાં જોઇ શકીએ, એવી એક યોગ્ય જગ્યા મેં જોઇ છે. પહેલાં મેં તને બતાવી હતી તે જગા યાદ છે?"

રેડ્ડીએ તેનું મોં બીજી બીજુએ રાખીને હા કહી. ફરી તેને વિચાર આવ્યો કે, તે શા માટે આ મૂર્ખ માણસની યોજનામાં તેની સાથે જોડાઇ. જો કે આજની રાત તો જલ્દી વીતી જશે. **જ્યારે ખ્રિસ્તીઓને લઇને આવતા વાહનો વળાંક લેશે ત્યારે હું આ મૂર્ખને રસ્તા પર ધકેલી દઇશ. તેણે યોજના ઘડી. પછી બધી જવાબદારી તેના માથે આવશે. મારે તો બીજી ઘણી અગત્યની બાબતો પર ધ્યાન આપવાનું છે.** ફરી ખાંડના કારખાનાની કોટડીઓમાં રહેલો તેનો બીમાર પૌત્ર તેને યાદ આવ્યો. ખૂબ જ લાગણીપૂર્વક તે પ્રાર્થના બોલવા લાગી.

ઘરડી રેડ્ડીને તેના પૌત્ર માટે અગાધ પ્રેમ હતો. તેણે લાગણીશીલ અવાજે પ્રતિજ્ઞા કરી. "હું જીવતી છું ત્યાં સુધી કોઇ પણ ખ્રિસ્તી તારા જીવનને સ્પર્શ કરી શકશે નહિ. કદી નહિ!"

# પ્રકરણ – ૧૯

"જુઓ" મુનીઅમ્માએ ટ્રકના પાછળના ભાગમાંથી બૂમ પાડીને આઇઝીપીન્ગો ગામની ઉપર આવેલી ટેકરીઓ તરફ બતાવ્યું, "ત્યાં શું થઇ રહ્યું છે?"

સ્યુ, લાઉ અને કેન તેની સાથે ટ્રકમાં બેઠા હતા. રાત્રિની ઠંડી હવાને કારણે તેઓ ધાબળા ઓઢીને ટોળું થઇને બેઠા હતા. મુની સીધી બેઠી થઇ, પવન તેના ચહેરા પર સખત વાગવા લાગ્યો. તે ઘૂંટણ પર બેઠી, પણ કેને તેને પાછી નીચે બેસાડી દીધી. "સંભાળજે, મુનીઅમ્મા, ટ્રક બહુ ઝડપી દોડે છે."

"જુઓ!" મુનીઅમ્માએ ફરીથી ચીસ પાડી. "આગ!"

કેને ટેકરીઓ તરફ જોયું. અને પછી ખભા ઉછાળ્યા. "મને ખબર છે. થોડીવાર પહેલાં એ આગ મેં જોઇ હતી. ગભરાઇશ નહિ. એ તો કોઇ શેરડીનું ખેતર બાળી રહ્યું છે." પવન એટલા જોરથી તેમના મોઢા પર લાગતો હતો કે કેનને દરેક શબ્દ બૂમ પાડીને જોરથી કહેવો પડ્યો.

બળેલી શેરડીની મીઠી તીવ્ર સુગંધ હવામાં ચારેય બાજુ ફેલાઇ ગઇ હતી. આકાશમાં આજે તારા દેખાતા નહોતા. આગની જવાળાઓ કાળા આકાશમાં ઊંચે ઊંચે લપકારા લઇ રહી હતી.

"આ સમયે કોઇ શેરડી બાળે નહિ." મુનીઅમ્માએ ગાંડાની જેમ બૂમ પાડી, "ખાંડના કારખાના તો બંધ  છે. અને જો, જ્યાં હું અને દાદીમા રહીએ છીએ, ત્યાં જ બધું સળગી રહ્યું છે.

"તને ખાતરી છે કે તે તારા ઘરની નજીક જ છે?" સ્યુએ પૂછયું, બંને જોડીયા બહેનો ચિંતા કરવા લાગી.

આગમાં સ્પાર્કીને કંઇક થઇ ગયું હશે તો, એવો ભયંકર વિચાર આવતાં મુનીઅમ્મા બેકાબૂપણે ધ્રૂજવા લાગી. એક કલાક પહેલાં વિશ્વાસથી કરેલી પ્રાર્થના સાવ ભૂલાઇ ગઇ. મોર્ટન કુટુંબની વાન જે ટ્રકની પાછળ જ આવી રહી હતી, તે તરફ મુની આવેશથી હાથ હલાવવા લાગી. તે તેમને આગની જવાળાઓ બતાવવા માગતી હતી. પણ મિ. મોર્ટને તો સામો હાથ હલાવ્યો અને ફરી પાછા ટ્રકમાં બેઠેલા સાથે વાતો કરવા મંડ્યા.

મુનીઅમ્માએ ફરીને ટ્રકની કેબીનની પાછળની બારી પર ખખડાવ્યું. સીતાકાકીનું ધ્યાન ગયું. મુનીએ ટેકરીઓ તરફ આંગળી ચીંધી. સીતાકાકીના ચહેરાના હાવભાવ બદલાઇ ગયા.

"જલ્દી કરો!" સીતાકાકીએ કાકાને કહ્યું, "વાન નાઇકર્ક અત્યારે શેરડી સળગાવે નહિ. કંઇક અજૂગતું બની રહ્યું છે."

હવે અત્યાર સુધીમાં, બંને વાહનોમાં બેઠેલાઓએ આગ જોઇ લીધી હતી. તે ફેલાઇ રહી હતી. જે દિવસે પૂરમાં તેની મા અને ભાઇઓ તણાઇ ગયા હતા, તે દિવસની જેમ જ આજે પણ મુનીના હૃદયમાં ગભરાટ વધતો જતો હતો.

"સ્પાર્કી....સ્પાર્કી!" મુનીઅમ્મા ચીસો પાડ્યા કરતી હતી.

લાઉએ તેને બાથમાં લઇને નજીક ખેંચી. "સ્પાર્કી તેની પોતાની સંભાળ લઇ શકશે તેની મને ખાતરી છે."

"પણ હું તો એને બાંધીને આવી છું." મુનીઅમ્માએ લાઉના ખભા પર ડૂસકું લીધું. "તે નાસી જઇ શકશે નહિ. જો તેને કંઇ થઇ જશે, તો મારી ભૂલને કારણે જ. ઓહ, સ્પાર્કી.....સ્પાર્કી!"

મોર્ટન બાળકોમાંથી કોઇ જ મુનીઅમ્માને દિલાસો આપી શક્યું

નહિ. તેણે ચીસો પાડી, રડી અને આખરે તેના ઘૂંટણ તેની દાઢી સુધી ખેંચીને પગોને હાથ વીંટાળીને બેસી ગઇ. તેણે તેનું માથું ઘૂંટણો પર ટેકવી દીધું ને રડવા લાગી. પરંતુ તેની નિર્ણાયકતાએ તેને સંપૂર્ણપણે ગાંડી થઇ જતી બચાવી.

સ્યુ, લાઉ અને કેન ખૂબ આગ્રહથી પ્રાર્થના કરી રહ્યા હતા.

પૂનમાહ દાદી અને મુનીની ઝૂંપડી અને વાન નાઇકર્કના સુંદર ઘર તરફ વળતા રસ્તા સુધી તેઓ આવી પહોંચ્યા. આ રસ્તો તેમને એટલો લાંબો લાગ્યો કે જાણે તે કદી પૂરો જ નહિ થાય. ધુમાડાના ગોટેગોટાથી વાતાવરણ ભરાઇ ગયું હતું. દરેકની આંખો બળવા લાગી.

એકાએક કાકાએ જોરથી બ્રેક મારી. ક્રિશ રસ્તા પર, ટ્રકની બરાબર સામે જ આવીને પડ્યો. ટ્રક, ક્રિશને વાગે નહિ તે માટે કાકાએ મરણીયા પ્રયાસો કર્યા. ટ્રક ઘડીકમાં આ બાજુ અને ઘડીકમાં પેલી બાજુ જાણે હિલોળા લેવા લાગી. આખરે તે રેડ્ડીની તદ્દન નજીક આવી જઇને થોભી ગઇ.

દરમ્યાનમાં ઘરડી સ્ત્રી રેડ્ડી, સાવધાનીપૂર્વક છૂપાઇ રહી હતી, અને ધીમું હસી રહી હતી. **જો તે ટ્રક નીચે ચગદાઈ ગયો હોત, તો તેને તેના દુષ્કર્મોનો બદલો મળત.** એણે વિચાર્યું. ક્રિશ રસ્તાની વચ્ચે ગુસ્સામાં ઊભો હતો. નીચે બધા તેને જોઇ રહ્યા હતાં. દરેકના ચહેરા પરના હાવભાવ જોવા ડોશી આગળ નીચી નમી.

આગ લગાડવાની પાછળ ક્રિશનો હાથ છે, એવું જાણ્યા પછી પૂનમાહ દાદી અને મુનીના શા પ્રત્યાઘાત છે, તે જોવામાં ને જાણવામાં રેડ્ડી ડોશીને વિશેષ રસ હતો. “હવે તેઓ બધા લાગમાં આવ્યા છે.” તે બબડી.

એકાએક રેડ્ડી ડોશીએ એવું દૃષ્ય જોયું કે જેની તેણે કદી કલ્પના પણ નહોતી કરી. ટ્રકની પાછળ આવતી વાન પણ અચાનક થંભી ગઇ હતી અને તેમાં તેનો પુત્ર અને પુત્રવધૂ બેઠાં હતાં. તેને લાગ્યું કે તેની આંખો તેને દગો કરી રહી છે. "આવું બની શકે જ કેવી રીતે?" તેણે સિસકારો કર્યો.

તે વધુ નજીક સરકી. વાનની બારીમાં તેણે જોયું અને તેનું ગંદું બોખું મોં આશ્ચર્યથી પહોળું થઇ ગયું. તેણે તેના બાળકોને મિશનરી સાથે જોયાં. અને વિશેષ તો તેના વહાલાં પૌત્રને ગોરા બહેનના હાથોમાં આરામથી લપાઇ ગયેલો જોયો.

રેડ્ડી ડોશી વધારે નજીક આવી. પણ તેમ કરતાં તે સંતાવાની જગ્યામાંથી બહાર આવી ગઇ હતી. અને બધા તેને જોઇ શકતા હતા. પણ તેનો તેને ખ્યાલ સુધ્ધાં નહોતો આવતો, આવું શી રીતે બની શકે? તેણે ફરી પોતાની જાતને પૂછ્યું. **મારાં બાળકો આ ખ્રિસ્તીઓ સાથે આઇઝીપીન્ગોમાં શા માટે આવ્યા હશે? અને પેલા મિશનરીએ મારા પૌત્રને કેમ ઊંચકી રાખ્યો હશે?**

"બહાર નીકળો!" ચીસ પાડીને તે વાન તરફ કૂદી. અને એમ કરતાં વાનના દરવાજા પર જોરથી પટકાઇ. "બહાર નીકળો!"

એ જ વખતે ક્રિશ ગાળો બોલતો અને બૂમો પાડતો ડોશી તરફ આવ્યો. "તેં મને ધક્કો માર્યો!"

એ જ વખતે મુનીઅમ્મા પણ ચીસ પાડીને ટ્રકમાંથી નીચે કૂદી. તે જમીન પર જોરથી પડી. પણ તે થોભી નહિ. તે ઊભી થઇ ગઇ અને તેના પિતા તરફ દોડી. તેને ખ્યાલ આવી ગયો હતો કે આગ તેના પિતાએ લગાડી હતી અને સ્પાર્કીને જે કંઇ થયું હશે તેને માટે તેનો પિતા જવાબદાર હતો. "તેં સ્પાર્કીને મારી નાખ્યો!" તેણે ચીસ પાડી.

આ બધી ગાળો ને બૂમો ને આક્ષેપબાજી એક સાથે ચાલી રહ્યા હતા. આ બધી ધમાલમાં ઉમેરો કરતાં હોય તેમ, રેનીશ અને તેના માતાપિતા પણ જૂની ખખડધજ મોટરસાઇકલો પર આવી પહોંચ્યા. રેનીશ તેની મોટરસાયકલ પડતી મૂકીને મુનીઅમ્મા તરફ દોડ્યો, જ્યારે નાયડુ દંપતિ કાકા અને સીતાકાકી તરફ દોડ્યા. "અરે, અમે પણ આગ અને ધુમાડો જોઇને દોડી આવ્યા. શું ચાલી રહ્યું છે અહીં?"

કાકા કંઇ જવાબ આપે તે પહેલાં મિ. મોર્ટન ઉતાવળે વાનમાંથી નીચે ઉતર્યા અને બધાને કહ્યું, "જુઓ!" તેમણે ટેકરીઓ તરફ ઇશારો કર્યો. વાન નાઇકર્ક દંપતિની મોટી મર્સીડીઝ કાર નીચે તેમની તરફ આવી રહી હતી. અને જાણે રસ્તો બતાવતો હોય તેમ, સ્પાર્કી, કારની આગળ દોડી રહ્યો હતો.

"સ્પાર્કી!" મુનીઅમ્માએ બૂમ પાડી. તેને એટલી રાહત થઇ કે તે એકી સાથે રડવા, અને હસવા લાગી. આ બધી ધમાલથી તેનું માથું દુખવા લાગ્યું હતું. પણ તેના કૂતરાને ભેટી પડવા સિવાય તે બીજું કંઇ જ કરવા માગતી નહોતી. તે તેના કૂતરા તરફ દોડવા લાગી. રેનીશ પણ તેની સાથે સાથે દોડવા લાગ્યો.

દાદીમા વાનમાંથી નીચે ઉતર્યા ત્યારે તેમણે ક્રિશને પહેલી વાર જોયો. તેમણે તરત જ મુનીનો હાથ પકડીને કહ્યું, "ઊભી રહે!"

સ્પાર્કી મુનીઅમ્માની બાજુમાં થઇને ક્રિશ તરફ ધસી ગયો. અને નીચો વળીને હિંસક બનીને ઘૂરકીયા કરવા લાગ્યો. ક્રિશે તેને લાત મારી. સ્પાર્કીએ તેનું પેન્ટ તેના દાંતો વચ્ચે એવું પકડી લીધું કે તે છૂટે જ નહિ.

સ્પાર્કી કે મુનીઅમ્મા કે રેનીશ કે મર્સીડીઝ કાર કે ક્રિશ, કોઇની બાજુ રેડ્ડી ડોશીનું ધ્યાન નહોતું. તેણે તો વાનમાં નીચા નમીને મેરી

મોર્ટનના હાથમાંથી તેના પૌત્રને આંચકી લીધો. "આ બાળકને અડવાની તારી હિંમત કેવી રીતે ચાલી!" તે જાણે ઘૂરકતી હતી. તેના હોઠ કાળા પડી ગયેલા અવાળાની ઉપર વળી ગયા હતા. રડતાં બાળકને મજબૂત પકડીને તે ગુસ્સામાં સ્થિર ઊભી રહી.

"એવું ન કરશો!" તેના દીકરાએ અને વહુએ આજીજી કરી. "આ લોકોએ આપણા બાળકની જિંદગી બચાવી છે."

સીતાકાકી અને કાકા વચ્ચે જ બોલી ઊઠ્યા, "જલ્દી! વાનમાં બેસી જાઓ."

પૂનમાહ દાદી, કાકા અને સીતાકાકીએ જે જોયું તે તો યુનિફોર્મ પહેરેલા બે પોલીસ હતા. તેઓ બંને વેન નાઈકર્કની કારની પાછળ પાછળ આવ્યા હતા. અને હવે તેઓ તેમની પેટ્રોલ કારમાંથી નીચે ઉતરીને ક્રિશની ધરપકડ કરી રહ્યા હતા. તેમની કારની ઉપરની લાલ લાઈટથી રંગબેરંગી અજવાળું પડતું હતું. તેના લીધે દરેકનાં ચહેરા વિચિત્ર દેખાતા હતા. ક્રિશે આંચકો મારીને છોડાવવાનો પ્રયત્ન કર્યો પણ પોલીસે તેને મજબૂત પકડી રાખ્યો. સ્પાર્કીએ પણ તેનું પેન્ટ છોડ્યું નહોતું. પોલીસ કારની સાઈરનથી વધુ ગરબડ થતી હતી.

ક્રિશે રેડ્ડી ડોશી તરફ હાથ કરીને બૂમ પાડી. "તે ડોશી પણ આ કાવતરામાં સામેલ છે. આગ લગાડવામાં તેણે પણ મને મદદ કરી હતી."

"કોણ?" બેમાંથી એક પોલીસે પૂછ્યું. "હા...ચોક્કસ....પેલી ઘરડી અને લાચાર સ્ત્રી જે વાનમાં બેઠી છે તે? જેના હાથમાં બાળક છે તે? ભાઈ, તું માંદો છે. આપણે તેને અહીંથી જલ્દી લઈ જવો જોઈએ."

ક્રિશને હાથકડી પહેરાવી દીધા પછી તેઓએ તેને ધક્કો મારીને પોલીસ કારની પાછલી સીટ પર બેસાડી દીધો અને પછી કારના બારણાને

તાળું મારી દીધું. કારની બુલેટપ્રૂફ કાચની બારીમાંથી ક્રિશનો ચહેરો વિચિત્ર દેખાતો હતો. પ્રથમ તેણે મુનીઅમ્મા સામે જોયું. પછી તેની માતા સામે, રેનીશ સામે, મોર્ટન કુટુંબ સામે સીતા કાકી અને કાકા સામે, રેડ્ડી કુટુંબ તરફ અને રેડ્ડી કુટુંબમાં ખાસ તો ડોશી તરફ જોયું. પછી ફરી છેલ્લે, તેની આંખો મુનીઅમ્મા પર સ્થિર થઇ, મુનીને જોઇને તેની આંખો ધિક્કારથી ભરાઇ ગઇ.

મુનીઅમ્માએ તે તરફ ધ્યાન પણ ન આપ્યું. તે ઘૂંટણે પડીને તેના સ્પાર્કીને ભેટી રહી હતી. સ્પાર્કી તેના ચહેરાને ચાટી રહ્યો હતો. અને તેના આંસુ પી રહ્યો હતો.

“તું તો હીરો છે!” મુનીઅમ્મા અધ્ધર શ્વાસે બોલી.

“તું સાચું કહે છે,” મિ. વેન નાઇકર્ક બોલ્યા. “તારા કૂતરાંએ જ અમને આગના ભય સામે સાવધ કર્યા હતા. અમે તપાસ કરી. પહેલાં તો અમને કંઇ મળ્યું નહિ. પણ તારા સ્પાર્કીએ તો ભસવાનું બંધ જ ન કર્યું. તેથી....અમે તપાસ ચાલુ રાખી અને છેવટે અમને બંનેને પેટ્રોલની ગંધ આવી.”

મિ. વેન નાઇકર્કે ગૌરવથી ડોકું હલાવ્યું. “ત્યાર પછી મારી પત્નીએ કૂતરાને છૂટો કર્યો અને મેં જલ્દીથી આજુબાજુના ખેડૂતોને અને પોલીસને વાયરલેસથી ખબર આપી. ડઝનબંધ લોકો મદદ કરવા હાજર થઇ ગયા, અને આગ જલ્દીથી કાબૂમાં આવી ગઇ.”

મિ. વેન નાઇકર્ક શું બન્યું હતું તેનું વર્ણન કરતાં વચ્ચે થોભ્યાં. અને વિચારમાં તેમની કડક મૂછોને તાવ દીધો. “આગ આગળ વધતી અટકાવવા જે રસ્તા બનાવ્યા છે, તે ખરેખર કામમાં આવ્યા. પરંતુ મને નવાઇ એ વાતની લાગે છે કે પવનની દિશા અચાનક કેવી રીતે બદલાઇ અને કેવી રીતે

તે આગની દિશામાં જવા વા લાગ્યો. હકીકતમાં આગથી જ આગ હોલવાઇ ગઇ. આને હું ચમત્કારથી જરાપણ ઉતરતું ગણતો નથી."

"બરાબર છે." મિસિસ વેન નાઇકર્ક લાગણીસભર અવાજે બોલ્યો, "જો કે આપણે કૂતરાને પણ જશ આપવો જોઇએ તેણે જ આપણને ચેતવ્યાં હતાં."

"ઓહ, સ્પાર્કી, અભિનંદન," કેન બોલ્યો. પછી તે અને બંને જોડીયા બહેનો આગળ દોડી જઇને મુનીઅમ્મા, રેનીશ અને તેના કૂતરાની બાજુમાં ઘૂંટણીયે બેસી ગઇ. સ્યુ અને લાઉ મુનીને ભેટી પડી. સ્પાર્કી પણ પૂંછડી હલાવતો તેમની તદ્દન નજીક સરક્યો. ત્રણેય છોકરીઓ ખી...ખી...કરવા લાગી. કેન અને રેનીશે એકબીજાની સામે સ્મિત કર્યું.

"તે હીરો છે, એવી તેને ખબર લાગે છે," સ્યુ બોલી.

દાદીમા ભેગા થયેલા આ છોકરા-છોકરીઓના ટોળાં તરફ આવ્યા અને મુનીઅમ્મા અને તેના મિત્રો સામે જોઇ રહ્યા. "સ્પાર્કીને તેની ગૌરવપૂર્ણ ક્ષણો માણવા દો તે ખરેખર તેને યોગ્ય છે."

મુનીઅમ્માએ દાદીમા સામે પ્રેમથી જોયું. "ઓહ, દાદીમા!"

પણ એકાએક, એક કાળો પડછાયો દાદીમાના ચહેરા પર પડ્યો. દાદીમાએ ફરીને જોયું તો પેલો પોલીસ હતો. "હવે મારા દીકરાનું શું થશે?" દુ:ખી અવાજે તેમણે પૂછયું.

યુનિફોર્મ પહેરેલા માણસ કંઇ જવાબ આપે તે પહેલાં મિ. વેન નાઇકર્કે જવાબ આપ્યો. "મને લાગે છે કે તે જેલમાં જશે. ચિંતા ન કરશો તે તમને કે મને હવે હેરાન નહિ કરી શકે. તેથી જ આવી કટોકટીની પળોએ હું છેક મારા ખેતરેથી અહીં સુધી દોડી આવ્યો. દેખીતી રીતે જ કૂતરો ગુનેગાર ક્રિશની પાછળ હતો. અહીં આવીને મારે આ માણસને

ઓળખી બતાવવો હતો." મિ. વેન નાઇકર્કે ક્રિશ સામે સીધી આંગળી ચીંધી. પેટ્રોલકારની પાછલી સીટ પર ફેંકાઇ ગયેલો ક્રિશ નિરાશ થઇને બેઠો હતો. નીચો ને જાડો પોલીસ ઓફિસર હતો. તે બોલ્યો, "જે કંઇ પુરાવાની જરૂર છે, તે બધા અમારી પાસે છે. તેની સામે તપાસ ચાલશે ત્યાં સુધી તેને જેલમાં રાખવામાં આવશે."

"મુલાકાતીઓને તો તે મળી શકશે ને?" મિ. મોર્ટને આતુરતાથી પૂછયું, તેઓ પાછળ થોડે દૂર તેમની પત્નીના બાજુમાં ઊભા હતા. મેરી મોર્ટને શેલીને ઊંચકી હતી. અને કેથી તેમની પાછળ ઊભી હતી. મિશનરી મોર્ટને બોલવાનું ચાલુ રાખ્યું, "જુઓ, આ માણસના કારણે બધા બહુ હેરાન થયા છે. પણ મને લાગે છે, તેને માટે હજુયે આશા છે. અહીં દક્ષિણ આફ્રિકામાં હું જેમ જેમ રહેતો જાઉં છું, તેમ તેમ મને ખાતરી થતી જાય છે કે ઇશ્વર આજે પણ ચમત્કારો કરે છે."

પોલીસ અધિકારીઓએ એકબીજાની સામે જોઇને ખભા ઉછાળ્યાં, "એ તમારે જોવાનું છે." તેમણે મિ. મોર્ટનને કહ્યું, "મુલાકાતીઓ તેને મળી શકશે, તેની હું ખાતરી આપું છું"

"અમારે પણ આવવું છે." સીતાકાકી અને કાકા વાનમાંથી બોલ્યા.

મિ. વેન નાઇકર્કે પોલીસ અધિકારીઓ સામે ભવાં ચઢાવ્યાં. આ ખ્રિસ્તીઓને તેઓ સમજી નહોતા શક્યા એ સ્પષ્ટ હતું.

દાદીમાએ નિસાસો નાખ્યો. એક આંસુ તેમના શ્યામ કરચલીવાળા ચહેરા પરથી સરકી પડ્યું. તેમણે તે તરત જ લૂછી નાખ્યું.

"મારા દીકરાનો એક જોડીદાર પણ છે. તે તમને મળ્યો?"

"ના, પણ અમે તને શોધી કાઢીશું." તેમણે ખાતરી આપી.

આ બધું ચાલી રહ્યું હતું ત્યારે રેડ્ડી ડોશી તેના વહાલાં પૌત્રને ઊંચકીને વાનમાં જ બેસી રહી હતી. તેની આંખમાં પણ આંસુ હતાં. પણ તે આંસુ તો તેના પૌત્રને આંચકી આવી હતી તે વાત સાંભળવાને લીધે આવ્યા હતા. તેનો દીકરો અને પુત્રવધૂ પણ દુષ્ટ આત્માઓ વિશે તેને કંઇક કહેવાનો પ્રયત્ન કરી રહ્યા હતાં. આમાંનું કશું તે ઘરડી ડોશી સમજી શકી નહિ. કારણ કે તેને તો તેના પૌત્રને જીવત દાન મળ્યું છે તે માટે કોનો આભાર માનવો, તે સિવાય બીજું કશું તે વિચારી જ નહોતી શકતી. તેણે વિચાર્યું કે જે કંઇ બન્યું છે, તે વિશે તે આવતી કાલે સાંભળશે પણ અત્યારે તો તેણે તેના પૌત્રને છાતીસરસો ચાંપ્યો હતો. અને તેમાં તેને પરમસંતોષનો અનુભવ થઇ રહ્યો હતો.

સ્પાર્કી જોરથી ભસ્યો. તેનું ભસવું સાંભળી બધા જાણે સાવધ બની ગયા. મુનીઅમ્મા ઊભી થઇ. કોઇ અવર્ણનીય શાંતિએ તેના હૃદયનો કબજો લઇ લીધો હતો. તેણે તેના મિત્રો સામે જોઇને સ્મિત કર્યું. તેના મિત્રોએ પણ સામું સ્મિત કર્યું. પણ રેનીશની પ્રેમાળ નજરમાં કંઇક વિશેષ હતું.

# પ્રકરણ – ૧૭

ફરી પાછી ઝૂંપડીમાં, મુનીઅમ્મા પથારીમાં તેના દાદીમાની વધુ નજીક સરકી. હવામાં બળેલી શેરડીની સુગંધ હજુપણ લહેરાઇ રહી હતી.

બહાર કેળના પાંદડાંમાં થઇને ચંદ્રનું ઝાંખું અજવાળું આવી રહ્યું હતું. પાંદડાં હલવાને કારણે તેમના એક ઓરડાના મકાનની દીવાલો પર જાણે તેમના પડછાયા નાચી રહ્યા હતા. પડછાયા, એ તો ભયાનક દેવી કાલીના હાથ સમાન હતા જે તેને પકડી પાડવા લાંબા થતા હતા. એવું તે અગાઉ માનતી હતી. તે યાદ આવતાં તેને મનમાં હસવું આવ્યું.

સ્પાર્કી હાંફી રહ્યો હતો. સાદડીની ધાર પર તેણે તેનું માથું ઢાળી દીધું, "સ્પાર્કી, મારા દોસ્ત," તેણે તેના કાનમાં કહ્યું, "તું મારો બહાદૂર હીરો છે!" તેની આંગળીઓ તેના ગમે તેમ ઉગેલા વાળમાં ફરી રહી. તે આઘો ખસી ગયો.

"મારી પાસે પાછો આવતો રહે, દીકરા," તેનું માથું આગળ પાછળ હલાવતાં તે ધીમેથી બોલી.

સ્પાર્કીએ બગાસું ખાધું. અને મુનીઅમ્માની પથારીની બાજુમાં નીચે ઠંડી ફર્શ પર પડી રહ્યો. પલંગની ધારેથી વાંકા વળીને મુનીએ તેનો હાથ પ્રેમથી સ્પાર્કીની ગરદન પર મૂકી રાખ્યો.

"એક વર્ષ પહેલાં જ્યારે હું મા-બાપ વગરની અનાથ અહીં આવી ત્યારે તું જ એક મારો મિત્ર હતો. યાદ છે, સ્પાર્કી? એ દિવસો યાદ છે?"

કેટલી વાર સુધી મુનીઅમ્મા ભૂતકાળનાં એ વર્ષોની યાદ મનમાં વાગોળતી રહી. વચ્ચે વચ્ચે કાલી અને તેના શ્રાપનું ચિત્ર તેના મનમાં ઉપસી આવ્યું. અને તે ધ્રૂજી ગઇ. પછી આવા અકળાવનારા વિચારો

પર, તે અને તેના દાદીમા કેવી રીતે ખ્રિસ્તી બન્યા હતા તે હકીકતે કબજો જમાવ્યો. ધ્રૂજારીની જગ્યા ઉષ્માસભર આરામદાયક લાગણીએ લઇ લીધું. જાણે કે પાતળો ધાબળો હટાવીને કોઇએ જાડો મખમલી ધાબળો તેને ઓઢાડી દીધો હોય.

પછી મોર્ટન કુટુંબ અને રેનીશના વિચારો તેને સ્વપ્નવત્ આવવા લાગ્યા. તેથી તેને વધારે શાંતિનો અનુભવ થયો.

"રેનીશ મારો ખાસ મિત્ર બને એવી મારી ઇચ્છા છે." મુનીએ તેના કૂતરાને ખાનગીમાં કહ્યું, "એક ખાસ, ખાસ મિત્ર!" સ્પાર્કીનો શ્વાસોચ્છવાસ ધીમે ધીમે ભારે થવા લાગ્યો. ઊંઘમાં જાણે તે દોડતો હોય તેમ તેના પગને તે આંચકા મારતો હતો. "શાંતિથી ઊંઘી જા, મારા વિશ્વાસુ મિત્ર" તેણે કહ્યું.

મુનીઅમ્મા ભરઊંઘમાં પડવાની તૈયારીમાં જ હતી કે, તેને લાગ્યું કે કોઇએ આવીને તેને પથારીમાંથી બહાર ખેંચી કાઢી છે, અને તૂટેલી કબરના પથ્થરની પાછળ તેને ફેંકી દીધી છે. ધાબળાની ઉષ્મામાંથી બહાર આવતાં તેનું શરીર ઠંડું પડી ગયું છે. ક્રિશ અને રાજ હસતાં હસતાં તેની ઉપર ઊભા છે. રેડ્ડી ડોશી પણ ગાંડાની જેમ હસી રહી છે અને તેનો પુત્ર મોટા છરા સાથે બાજુમાં ક્યાંક છૂપાયો છે. તે જાણતી હતી કે આ બધું કલ્પનાતીત હતું, પણ બધું ખૂબ સાચું લાગતું હતું.

આવા બધા વિચારો મનમાંથી કાઢી નાખીને તે કટાઇ ગયેલા છાપરા તરફ જોતી રહી. અને આરામ કરવાનો પ્રયત્ન કરવા લાગી. ફરી એક વાર તેણે તેના અતિ સામાન્ય એવા ઓરડામાં ચારે તરફ નજર નાખી. ખૂણામાં બાઝેલા કરોળિયાનાં જાળાં, ચંદ્ર પ્રકાશને લીધે, ચાંદીના તાંતણા જેવા દેખાતા હતા. મિ. મોર્ટને મહિનાઓ પહેલાં છાપરામાં જે થીંગડું માર્યું હતું તે એમનું એમ જોઇ શકાતું હતું. તેણે લાંબો, ઊંડો શ્વાસ

લીધો. બળેલી શેરડીનો ધુમાડો જે હવામાં ઘુમરાઇ રહ્યો હતો તેનાથી તેનું ગળું સૂકાતું હતું.

પછી એ દિવસે એણે ઘણીવાર કર્યું હતું તેમ, મુનીઅમ્માએ ધીરેથી તેની ડાબી આંખની ઉપરના પાટાને સ્પર્શ કર્યો. "સૂર્ય અને ચંદ્રના બનાવનાર ઈશ્વર," તેણે પ્રાર્થના કરી, "એક ક્ષણે હું તમારા પર વિશ્વાસ કરું છું, અને બીજી ક્ષણે મારો ભરોસો ઊઠી જાય છે. કૃપા કરીને મને સહાય કરો."

તે થોભી. તેની આંગળીઓ પાટાની ધારે ધારે ફરી રહી. તેણે ફરીથી ઊંડો શ્વાસ લીધો. શાંતિથી પ્રાર્થના કરવાનું ચાલું રાખ્યું, "ફરીવાર જ્યારે મારા જીવનમાં કોઇ મોટી આપત્તિ આવી પડે અને હું નિરાશ થઇ જાઉં, પછી એ ચંદનનું ઝાડ હોય કે રેટ્ટી હોય કે રાજ હોય, તું હાજરા-હજૂર મદદગાર છે, એ યાદ રાખવાને માટે મને સહાય કર. અને જ્યારે જ્યારે આ ઘાનું નિશાન હું મારા કપાળ પર જોઉં કે અનુભવું, ત્યારે થોડીવાર થોભી જવા અને વિચાર કરવા મારી મદદ કર. હું એ ઘા ને મારું અંગત જીવનભરનું સંભારણું બનાવી દેવા માગું છું."

"આટલી મોડી રાત્રે તું શું બબડી રહીછે?" દાદીમાના અવાજમાં ફરિયાદ હતી. મધરાત થઇ ગઇ હશે અને આવતી કાલે તો આપણે ખૂબ કામ છે."

મુની દાદીમા તરફ ફરી અને તેમનો હાથ પકડી લીધો. "મને ખબર છે, દાદીમા, પણ મારે તમારી સાથે વાત કરવી જરૂરી છે. ગયે અઠવાડિયે હું બાપ્તિસ્મા પામવા તૈયાર નહોતી, નાસી જઇને મેં તમને બધાને શરમમાં નાખી દીધા. અને ખાસ કરીને તો ઇશ્વર પર વિશ્વાસ નહિ રાખીને મેં તમને દુઃખી કર્યા છે."

"કશો વાંધો નહિ, દીકરા. ઈશ્વર બધું જ સમજે છે." દાદીમાએ પ્રેમથી મુનીનો હાથ દબાવ્યો.

"પણ દાદીમા, આ વખતે મારે ખરેખર બાપ્તિસ્મા પામવું છે. ગમે તે થાય, પણ હવે મને ખાતરી થઈ છે કે ઈશ્વર મારી સાથે છે. મારા પિતાજીના કાવતરાંથી હું ડરતી, તેમાં પણ તે મને ધીમે ધીમે સહાય કરી રહ્યા છે. કોઈક અગમ્ય કારણોસર, હું એ જાણી ગઈ છું કે ઈશ્વર બધું જ સંભાળી લેવાના છે. મને ખાતરી છે."

"ખૂબ સરસ.....દીકરા.....ખૂબ સરસ." દાદીમા જાણે ફરી ઊંઘમાં પડી ગયા હતા.

દાદીમાના નસકોરાં તરત જ બોલવા લાગ્યા. નસકોરાંનો અવાજ ધીમે ધીમે મોટો થતો ગયો. દાદીમાના હોઠ વચ્ચે થઈને નીકળતી હવાને કારણે તેમના ફફડતા હોઠ તેને જોવા હતા. પરંતુ તે ખૂબ થાકી ગઈ હતી. અને ઊંચા થઈને ધ્યાનથી જોવાની તેનામાં શક્તિ નહોતી.

મુનીઅમ્મા બીજી બાજુ ફરી ગઈ. અને પાતળો કામળો તેની ખાડાવાળી દાઢી સુધી ખેંચી લીધો. આવતા રવિવારે તેની વર્ષગાંઠ છે, એ વાત દાદીમાને યાદ કરાવવી કે નહિ, તેનો તે વિચાર કરી રહી હતી. **વર્ષગાંઠ તો પછી ઉજવાશે. લાંબા વિચાર કર્યા પછી તેણે નક્કી કર્યું.**

**ઓહ, પરંતુ મારી ચૌદમી વર્ષગાંઠે બીજું કશું ન કરતાં, બાપ્તિસ્મા પામવાનું હું ખૂબ જ પ્રેમથી પસંદ કરીશ.**

મુનીઅમ્માના હોઠ પર મંદ હાસ્ય રમી રહ્યું. તે ખૂબ જ મીઠી અને શાંત નિદ્રામાં સરી પડી. **સ્વર્ગીય પિતાની સંભાળ અને રક્ષણમાં મુની હવે સલામત હતી. તેને હવે કોઈ બીક ન હતી.**

●●●●●●●●●●●●●

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૧૫-૦૦ |
| ૭. | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | શબ ગુફાનો શહીદ અને ઓરિસ્સાની પ્રજ્વલિત શહાદત | ૧૫-૦૦ |

મુદ્રક : સ્કિનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧